અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ જૂન ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૮ | અંક : ૩૪૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### જી૭ શિખર સંમેલન બાદ પીએમ મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ફોન પર ૩૫ મિનિટ સુધી વાતચીત કરી

# મધ્યસ્થતા સ્વીકારી નહતી, સ્વીકારીશું પણ નહીં : પીએમ મોદી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ । કેનેડામાં જી૭ શિખર સંમેલન બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર ૩૫ મિનિટ સુધી વાત કરી. મળતી માહિતી મુજબ આ ફોનનો આગ્રહ ટ્રમ્પ તરફથી કરાયો હતો. આ દરમિયાન બંને વચ્ચે ઓપરેશન સિંદૂર અંગે વિસ્તૃતથી વાતચીત થઈ. ઓપરેશન સિંદૂર બાદ સીઝફાયરને લઈને ચાલી રહેલી મથામણ વચ્ચે બંને નેતાઓની આ પહેલી પ્રત્યક્ષ વાતચીત હતી. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું કે પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાતચીતમાં સ્પષ્ટ કર્યું કે આ દરમિયાન ક્યારેય, કોઈ પણ સ્તરે, ન તો ભારત અમેરિકા વેપાર સમજૂતિ પર ચર્ચા થઈ કે ન તો ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ પણ પ્રકારની મધ્યસ્થતાનો મુદ્દો ઉઠ્યો. મળતી માહિતી મુજબ ટ્રમ્પે પીએમ મોદીને આગ્રહ કર્યો કે તેઓ કેનેડાથી પાછા ફરતી વખતે જો અમેરિકા થઈને જાય તો તેમની સાથે મુલાકાત થઈ શકે. પરંતુ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમોના પગલે પીએમ મોદીએ તેમાં અસમર્થતા જતાવી. પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પની મુલાકાત જી૭ સમિટ દરમિયાન થવાની હતી પરંતુ ટ્રમ્પે જલદી અમેરિકા પાછા ફરવું પડ્યું. જેના કારણે આ મુલાકાત થઈ શકી નહી. ત્યારબાદ ટ્રમ્પના આગ્રહ પર આજે બંને નેતાઓ વચ્ચે ફોન પર વાતચીત થઈ. આ વાતચીત લગભગ ૩૫ મિનિટ ચાલી. ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકી હુમલા બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફોન પર પ્રધાનમંત્રી મોદીને શોક સંવેદના વ્યક્ત કર્યો હતો અને આતંક વિરુદ્ધ સમર્થન પણ જતાવ્યું હતું. ત્યારબાદથી બંને નેતાઓ વચ્ચે આ પહેલી વાતચીત હતી. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ જોડે ઓપરેશન સિંદૂર પર વિસ્તૃત વાત કરી. પીએમ મોદીએ સ્પષ્ટપણે કહ્યું કે ૨૨ એપ્રિલ બાદ ભારતે આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો પોતાનો દ્રઢ સંકલ્પ સમગ્ર દુનિયાને દેખાડી દીધો હતો. પીએમ મોદીએ કહ્યું કે ૬-૭ મેની રાતે ભારતે પાકિસ્તાન ને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ફક્ત આતંકી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. વિક્રમ મિસરીએ જણાવ્યું કે ભારતે એ પણ સ્પષ્ટ કરી દીધુ હતું કે પાકિસ્તાનની ગોળીનો જવાબ ભારત ગોળાથી આપશે. ૯ મેની રાતના રોજ ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે પીએમ મોદીને ફોન કર્યો હતો. ઉપરાષ્ટ્રપતિ વેન્સે કહ્યું હતુ કે પાકિસ્તાન ભારત પર મોટો હુમલો કરી શકે છે. પીએમ મોદીએ તેમને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતુ કે જો આમ થશે તો ભારત પાકિસ્તાનને તેના કરતા પણ મોટો જવાબ આપશે. ૯-૧૦ની રાતે પાકિસ્તાનના હુમલાનો ભારે ખુબ જ સશક્ત જવાબ આપ્યો અને પાકિસ્તાનની સેનાને ભારે નુકસાન પહોંચાડ્યું. તેમણે જણાવ્યું કે ભારતે પાકિસ્તાનના મિલેટ્રી એરબેસને નિષ્ક્રિય કર્યા હતા. ભારતના જડબાતોડ જવાબના કારણે પાકિસ્તાને ભારતને સૈન્ય કાર્યવાહી રોકવાનો આગ્રહ કરવો પડ્યો. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને સ્પષ્ટ રીતે કહ્યું કે આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન ક્યારેય, કોઈ પણ સ્તરે, ભારત અમેરિકા ટ્રેડ ડીલ કે અમેરિકા તરફથી ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થતા જેવા વિષયો પર વાત થઈ નથી. સૈન્ય કાર્યવાહી રોકવાની સીધી વાત ભારત અને પાકિસ્તાન વચ્ચે, બંને સેનાઓના વર્તમાન ચેનલોના માધ્યમથી થઈ હતી અને પાકિસ્તાનના જ આગ્રહ પર થઈ હતી. પીએમ મોદીએ ભારપૂર્વક કહ્યું કે ભારતે ક્યારેય કોઈ મધ્યસ્થતા પહેલા સ્વીકારી નથી, નથી સ્વીકારતું કે ભવિષ્યમાં પણ સ્વીકારશે. આ વિષય પર ભારતમાં પૂર્ણ રીતે રાજકીય એકમત છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદી તરફથી વિસ્તૃતમાં જણાવેલી વાતોને સમજીઅને આતંકવાદી વિરુદ્ધ ભારતની લડાઈ પ્રત્યે સમર્થન વ્યક્ત કર્યું. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે ભારત હવે આતંકવાદને પ્રોક્સી વોર નહીં પરંતુ યુદ્ધનું સ્વરૂપ જ સમજે છે અને ભારતનું ઓપેરશનસિંદૂરહજુપણચાલુછે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને પૂછ્યું કે શું તેઓ કેનેડાથી પાછા ફરતીવખતેઅમેરિકારોકાઈશકે. પૂર્વ નિર્ધારિત કાર્યક્રમોના કારણે પીએમ મોદીએ પોતાની અસમર્થતા જતાવી. બંને નેતાઓએ નક્કી કર્યું કે તેઓ ભવિષ્યમાં મળવાનો પ્રયાસ કરશે. ઈન્ડો પેસેફિક ક્ષેત્ર સંબંધિત બંને નેતાઓએ પોતાના પરિપેક્ષ રજૂ શેર કર્યા. આ ક્ષેત્રમાં ક્વાડની મહત્વની ભૂમિકા પ્રત્યે સમર્થન જતાવ્યું. ક્વાડની આગામી બેઠક માટે પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને ભારત પ્રવાસ માટે આમંત્રણ આપ્યું. જે ટ્રમ્પે સ્વીકારતા કહ્યું કે તેઓ ભારત આવવા માટે ઉત્સુક છે.

## આતંકવાદના સમર્થક દેશોને ઈનામ આપો છો, બેવડા માપદંડ નહીં ચાલે

### આતંકના સમર્થક દેશોએ તેની કિંમત ચૂકવવી પડશે, G-7 સ્ટેજ પરથી ગ્લોબલ સાઉથના મુદ્દા પણ ઉઠાવ્યા

G-7 શિખર સંમેલનના બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદ, વેપાર અને વિકાસ જેવા મહત્ત્વના વૈશ્વિક મુદ્દા પર દુનિયાના પ્રમુખ નેતાઓ સાથે વાતચીત કરી. કેનેડાના કનાનાસ્કિસમાં આયોજિત G-7 આઉટરીચ સત્રને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ આતંકવાદ સામે ભારતની કડક નીતિનું પુનરાવર્તન કર્યું અને તેને વૈશ્વિક જોખમના રૂપે જોઈ એકજૂટ થઈ નિર્ણાયક કાર્યવાહીની માંગ કરી.




વડાપ્રધાન મોદીએ કહ્યું કે, વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે આપણા વિચાર અને નીતિ સ્પષ્ટ હોવી જોઈએ, જો કોઈ દેશ આતંકવાદનું સમર્થન કરે છે, તો તેને તેની કિંમત ચૂકવવી પડશે. આંતરરાષ્ટ્રીય સમુદાયની કાર્યવાહીમાં બેવડા માપદંડ ન હોવા જોઈએ. એકબાજુ અમે પોતાની પસંદ મુજબ વિવિધ પ્રકારના પ્રતિબંધ જલદી લગાવી દઈએ છીએ તો બીજીબાજુ જે દેશ જાહેરમાં આતંકવાદનું સમર્થન કરે છે, તેમને ઈનામ આપવામાં આવે છે. આ બેવડા માપદંડ બંધ થવા જોઈએ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક્સ પર જાણકારી આપતા કહ્યું કે, વડાપ્રધાને આતંકવાદ સામે ભારતના વલણને પુનરાવર્તિત કરી પહલગામમાં થયેલા જઘન્ય આતંકી હુમલાની નિંદા કરવા માટે નેતાઓનો આભાર વ્યક્ત કર્યો. તેમણે આતંકવાદને પ્રોત્સાહન અને સમર્થન આપનારની સામે કડક વૈશ્વિક કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો. નોંધનીય છે કે, ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા. જેના જવાબમાં ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા વળતો જવાબ આપ્યો અને પાકિસ્તાન તેમજ PoKમાં હાજર આતંકી ઠેકાણાને નાબૂદ કર્યા. વડાપ્રધાને જી-૭ નેતાઓ સાથે પોતાની વાતચીતને પ્રોડક્ટિવ જણાવી અને કહ્યું કે, આ ચર્ચા વૈશ્વિક પડકારો અને બહેતર ભવિષ્ય માટે આશાઓ પર કેન્દ્રિત રહી.

### ક્રોએશિયાની રાજધાની જાગ્રેબ પહોંચ્યા મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદી G7 સમિટ પૂર્ણ કર્યા બાદ ત્રણ દેશોના પ્રવાસના ભાગરૂપે ક્રોએશિયા પહોંચ્યા છે. આ સાથે પ્રથમ વખત ભારતના કોઈ વડાપ્રધાને ક્રોએશિયાની સત્તાવાર મુલાકાત લીધી છે. પીએમ મોદી ક્રોએશિયાના વડાપ્રધાન આંદ્રેજ પ્લેંકોવિચ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે અને રાષ્ટ્રપ્રમુખ જોરાન મિલાનોવિચ સાથે પણ મુલાકાત કરશે. જે ભારત અને યુરોપિયન સંઘ સાથે સંબંધો વધુ ગાઢ બનાવવાના સંકેત આપી રહી છે. આ મુલાકાતે ભારત અને ક્રોએશિયા વચ્ચે વેપાર, ટેક્નોલોજી અને સાંસ્કૃતિક સંદર્ભે સંબંધો ગાઢ બને તેવી પ્રબળ શક્યતાઓ વ્યક્ત કરી છે. વડાપ્રધાન મોદી આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં ભારતને સમર્થન આપનારા દેશોને અભિવાદિત કરવા ત્રણ દેશોના પ્રવાસે છે.

---

### ન્યૂઝ બ્રિફ

#### IPLમાં ફ્લોપ રહેલા ગ્લેન મેક્સવેલે કરી તોફાની બેટિંગ




। (એજન્સી) સિડની, તા.૧૮ । આઈપીએલ ૨૦૨૫માં પંજાબ કિંગ્સની ફ્લોપ સિઝન પછી ગ્લેન મેક્સવેલે જોરદાર વાપસી કરી છે. મેજર લીગ ક્રિકેટ (MLC)માં તેમણે વોશિંગટન ફ્રિડમની તરફથી રમતાં માત્ર ૪૯ બોલમાં ૧૦૬ રનોની તોફાની ઈનિંગ રમી, જેમાં ૧૩ છગ્ગાનો સમાવેશ થાય છે. તેની આ શાનદાર ઈનિંગથી વોશિંગટન ફ્રિડમે લોસ એન્જલસ નાઈટ રાઈડર્સને ૧૧૩ રનથી હરાવ્યું હતું. મેક્સવેલની ્૨૦ કરિયરની આઠમી સદી હતી. આ પહેલા સૌથી વધુ સ્કોર સ્ટીવ સ્મિથ દ્વારા કરવામાં આવ્યો હતો. જેણે છેલ્લી સિઝનમાં સાન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ સામે ૮૮ રન કર્યા હતા. મેક્સવેલ MLC(મેજર લીગ ક્રિકેટ)માં ૬ નંબર પર રમતાં તેણે સદી ફટકારનાર પહેલો ખેલાડી બન્યો છે. આ સાથે તેણે ્૨૦ ક્રિકેટ ઈતિહાસમાં એવા માત્ર પાંચમાં કેપ્ટન છે જેમણે ૬ નંબર પર બેટિંગ કરીને સદી ફટકારી હતી. મેક્સવેલ IPL 2025માં ફ્લોપ રહ્યો હતો, તેણે પંજાબ કિંગ્સ માટે ૭ મેચમાં ૮ની એવરેજથી ૪૮ રન બનાવ્યા હતા.

## ઈરાનમાં ઘૂસ્યાં ઈઝરાયલના ૫૦ ફાઈટર જેટ, સૈન્ય મથકો પર હુમલો

### ઈરાન-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં ઝંપલાવવા અમેરિકાએ યુરોપમાં આશરે ૩૦ ફાઈટર જેટ મોકલ્યા છે

। (એજન્સી) તહેરાન, તા.૧૮ । ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી ભીષણ યુદ્ધમાં ઈઝરાયલના ૫૦ ફાઈટર જેટ ઈરાનમાં ઘૂસ્યા છે. તહેરાન સ્થિત ઈરાનના સેન્ટ્રીફ્યુઝ પ્રોડક્શન અને અનેક હથિયારો બનાવતા સ્થળોને ટાર્ગેટ કરતાં હુમલા કર્યા છે. આ હુમલામાં સેન્ટ્રીફ્યુઝ અને મિસાઈલ બનાવતી સાઈટ નષ્ટ થઈ છે. ઈરાનને ભારે નુકસાન થયુ છે.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF) એ જણાવ્યું કે, અમારા ૫૦થી વધુ ફાઈટર પ્લેને આ હુમલાને અંજામ આપ્યો છે. આ હુમલામાં યુરેનિયમને સમૃદ્ધ બનાવવા વપરાતા સેન્ટ્રીફ્યુઝનું ઉત્પાદન કરતા પ્લાન્ટ તથા સરફેસ-ટુ-સરફેસ હુમલો કરતી મિસાઈલ બનાવતી સાઈટને નષ્ટ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે, પરમાણુ હથિયારોની બનાવટમાં યુરેનિયમ એનરિચમેન્ટને વેગ આપવા સેન્ટ્રીફ્યુઝ વપરાય છે. ઈઝરાયલના સુરક્ષા દળોએ ઈરાનની રિફાઈનરી અને સૈન્ય મથકો પર પણ હુમલા કર્યા છે. ઈઝરાયલના હુમલામાં ઈરાનના પરમાણુ, બેલેસ્ટિક, અને કમાન્ડ ક્ષમતાઓને મોટાપાયે નુકસાન થયુ છે. બીજી બાજુ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડસે દાવો કર્યો છે કે, બુધવારે ઈરાનના સૈન્ય દળોએ ઈઝરાયલ પર કરેલા હુમલામાં હાઈપરસોનિક Fatah-1નો ઉપયોગ કર્યો હતો. આ મિસાઈલની મદદથી ઈરાનના દળોએ કબજા હેઠળના વિસ્તારોના આકાશ પર નિયંત્રણ મેળવ્યું હોવાનો દાવો કર્યો છે.

ઈરાન સામે યુદ્ધમાં ઝંપલાવવા અમેરિકાએ યુરોપમાં આશરે ૩૦ ફાઈટર જેટ મોકલ્યા છે. જેનો ઉપયોગ અમેરિકાના સૈન્ય મથકોની રક્ષા કરનારા ફાઈટર જેટની સહાયતા માટે કરવામાં આવશે. જે ઈરાનની પરમાણુ સુવિધાઓ પર કોઈપણ સંભવિત હુમલામાં સામેલ ફાઈટર જેટની મદદ કરશે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. ઈરાને તેલ અવીવમાં હાઈપરસોનિક મિસાઈલ વડે હુમલો કર્યો છે. જેમાં ઈરાને હાઈપરસોનિક મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. જેમાં ઈઝરાયલના ૨૪ લોકો માર્યા ગયા છે. બીજી બાજુ ઈઝરાયલ પણ તહેરાન સહિતના વિસ્તારોમાં મોટાપાયે હુમલા કરી રહ્યું છે. ઈઝરાયલના હુમલામાં ઈરાનના ૫૮૫ લોકો માર્યા ગયા છે.

### ૧૧ કિ.મી. ઊંચે રાખના વાદળ છવાયા

## ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટ્યો

। (એજન્સી) ઈન્ડોનેશિયા, તા.૧૮ । ઈન્ડોનેશિયાના ઈસ્ટ નુસા તેંગારા પ્રાંતમાં સ્થિત માઉન્ટ લેવોટોબી લાકી-લાકી જ્વાળામુખીમાં જબરદસ્ત ધમાકો થયો, જેનાથી ૧૧ કિલોમીટર ઊંચા રાખના વાદળ આકાશમાં ફેલાઈ ગયા હતા. દેશની જ્વાળામુખી વિજ્ઞાન એજન્સીએ આ વિસ્ફોટ બાદ જ્વાળામુખી માટે સૌથી ખતરનાક ચેતવણી સ્તર જાહેર કરી દીધી છે. લેવોટોબી લાકી-લાકી ઈન્ડોનેશિયાની એક ૧૫૮૪ મીટર ઊંચો જ્વાળામુખી છે, જે ફ્લોરેસ દ્વીપ પર સ્થિત છે. આ જ્વાળામુખી એક જૂડવા પ્રણાલીનો ભાગ છે. બીજો જ્વાળામુખી લેવોટોબી પેરંપુઆન જે થોડો વધારે ઊંચો છે પરંતુ, સામાન્ય તે રૂપે શાંત રહે છે. સ્થાનિક સમયાનુસાર, સાંજે ૫:૩૫ વાગ્યે માઉન્ટ લેવોટોબી લાકી-લાકીમાં શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. આ દરમિયાન કેસરી રંગનો એક વિશાળ મશરૂમ જેવો આકાર લઈને રાખનું વાદળ ગામડાઓની ઉપર ફેલાઈ ગયું.

ઈન્ડોનેશિયાની જ્વાળામુખી એજન્સી દ્વારા શેર કરવામાં આવેલી તસવીરોમાં આ નજારો સ્પષ્ટરૂપે જોઈ શકાય છે. જોકે, હજુ સુધી કોઈપણ પ્રકારના હવાઈ પરિવહનમાં રૂકાવટની સૂચના નથી મળી. નોંધનીય છે કે, માર્ચમાં થયેલા વિસ્ફોટના સમયે ઓસ્ટ્રેલિયાની જેટસ્ટાર અને ક્વાંટાસ એરવેઝ સહિત અનેક ફ્લાઈટ્સને બાલી જતા રોકવામાં આવી હતી.

### બેફામ પિકઅપ વાને મોર્નિંગ વોક પર જતાં ૩ને કચડી નાખ્યાં

। (એજન્સી) આગ્રા, તા.૧૮ । ઉત્તર પ્રદેશમાં આગ્રાના ટ્રાન્સપોલીસ સ્ટેશન વિસ્તારમાં શાહદરા ફલાયઓવર પર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ફિરોજાબાદ તરફથી કેરી લઈને આવી રહેલી લોડિંગ પિકઅપ વાન બેકાબૂ થઈ સર્વિસ રોડ પર મોર્નિંગ વૉક કરતાં લોકો પર ફરી વળી હતી. જેના લીધે આ અકસ્માતમાં ૪ લોકોના મોત થઈ ગયા હતા. આ અકસ્માતમાં વૉક કરી રહેલા ૫૫ વર્ષીય રાજેશ, ૬૫ વર્ષીય હરિબાબુ અને રામેશ્વરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે.

### બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપવા બે તબક્કાની વાટાઘાટ નિષ્ફળ રહી હતી

## રશિયાનો યુક્રેન પર વધુ એક ઘાતક હુમલો, ૧૫નાં મોત, ૧૫૯થી વધુ વ્યક્તિઓ ઘાયલ

। (એજન્સી) કિવ, તા.૧૮ । રશિયાએ સોમવારે રાતે યુક્રેન પર વધુ એક ઘાતક હુમલો કર્યો હતો. રશિયાએ યુક્રેનના કિવને નિશાન બનાવતા મિસાઈલ તથા ડ્રોન વડે સંખ્યાબંધ હુમલા કર્યા હતા જેમાં ૧૫ લોકોના મોત થયા છે તથા ૧૫૬ લોકો ઘાયલ થયા હોવાની વિગતો છે. રશિયાએ કિવમાં એક નવ માળની ઈમારતને ટાર્ગેટ બનાવી હતી અને આ હુમલાને ચાલુ વર્ષનો અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો માનવામાં આવે છે. બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપવા વાતચીતના બે રાઉન્ડ અગાઉ નિષ્ફળ રહ્યા હતા અને કોઈ જ ઉકેલ આવ્યો નહતો. યુક્રેનના પાટનગર કિવમાં રશિયાના સૈન્યએ વધુ એક વખત હુમલો કર્યો હતો. રાત્રે સંખ્યાબંધ મિસાઈલો અને ડ્રોન વડે કિવની સંખ્યાબંધ બિલ્ડિંગો પર વાર કરાયો હતો. રશિયાના હુમલાને પગલે નવ કલાક સુધી કિવમાં મિસાઈલ અને ડ્રોનના ધડાકાઓ ગૂંજ્યા હતા. આ હુમલામાં ૧૪ના મોત થયા છે અને કેટલીક બિલ્ડિંગોને નુકસાન પહોંચ્યું હોવાનું કિવના લશ્કરી વહીવટના વડા તૈમુર ત્કાચેન્કોએ જણાવ્યું હતું. યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદિમિર ઝેલેનસ્કીએ જણાવ્યું કે, કિવ પર કરાયેલો આ સૌથી ભયાનક હુમલા પૈકીનો છે.

### કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જાહેરાત કરી

## ટોલ ટેક્સનું ટેન્શન ખતમ : હવે 3000 માં મળશે આખા વર્ષનું Fastag રિચાર્જ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ । કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ બુધવારે ટૉલ ટેક્સના નિયમોમાં મોટા ફેરફારની જાહેરાત કરી. આનાથી સામાન્ય લોકોને ઘણી રાહત મળશે. નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા દ્વારા માહિતી આપી હતી કે હવે ૩૦૦૦ રૂપિયામાં FASTag પાસ બનાવવામાં આવશે જેનાથી તમારી મુસાફરી મફત થશે, પરંતુ આ એક નિશ્ચિત સમય માટે હશે. કેન્દ્રીય મંત્રી ગડકરીએ ટ્વિટર પર લખ્યું, "એક ઐતિહાસિક પહેલમાં, ૧૫ ઓગસ્ટ ૨૦૨૫



થી ૩,૦૦૦ ની કિંમતનો FASTag આધારિત વાર્ષિક પાસ રજૂ કરવામાં આવી રહ્યો છે. આ પાસ સક્રિય થયાની તારીખથી એક વર્ષ માટે અથવા ૨૦૦ મુસાફરી સુધી, જે પણ વહેલું હોય તે માટે માન્ય રહેશે. આ પાસ ખાસ કરીને બિન-વાણિજ્યિક ખાનગી વાહનો (કાર, જીપ, વાન વગેરે) માટે રચાયેલ છે અને દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર સરળ મુસાફરીને સક્ષમ બનાવશે. તેમણે પોસ્ટમાં લખ્યું છે કે, "વાર્ષિક પાસના સક્રિયકરણ/નવીકરણ માટે હાઈવે ટ્રાવેલ એપ અને NHAI/MoRTH વેબસાઈટ્સ પર ટૂંક સમયમાં એક અલગ લિંક ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે પ્રક્રિયાને સરળ અને સરળ બનાવશે. આ નીતિ ૬૦ કિલોમીટરની ત્રિજ્યામાં સ્થિત ટોલ પ્લાઝા અંગે લાંબા સમયથી ચાલી આવતી ચિંતાઓને રેખાંકિત કરશે અને એક જ અનુકૂળ વ્યવહાર દ્વારા ટોલ ચુકવણીને સરળ બનાવશે."

### ઉત્તરપ્રદેશમાં ગોઝારો અકસ્માત

## રેલિંગ સાથે અથડાતા કાર બની અગનગોળો, ૫નાં મોત

। (એજન્સી) લખનૌ, તા.૧૮ । ઉત્તરપ્રદેશમાં મોટો અકસ્માત સર્જાયો છે. આ ગોઝારા અકસ્માતમાં ૫ લોકોના મોત થયા છે. બદાયૂંથી પરત ફરી રહેલા એક પરિવારની કાર જહાંગીરાબાદ રોડ પર ચાંડોક દૌરાહા નજીક રેલિંગ સાથે અથડાઈને પલટી ગઈ હતી. કાર પલટી ગયા બાદ તેમાં આગ લાગી ગઈ હતી. જેના કારણે કારમાં સવાર એક માસૂમ બાળકી સહિત પાંચ લોકો જીવતા સળગી ગયા છે. જોકે આ ગમખ્વાર અકસ્માતમાં એક છોકરી બચી ગઈ છે. પોલીસે ઘાયલ છોકરીને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરી છે. બીજી તરફ મૃતદેહોને શબઘરમાં મોકલી દેવામાં આવ્યા છે. બદાયૂંના સહસવાન પોલીસ સ્ટેશન વિસ્તારના ચમનપુરા ગામના રહેવાસી તનવીર અહેમદનો પુત્ર ૨૪ વર્ષીય તનવીઝ અહેમદ દિલ્હી સ્થિત એક ખાનગી કંપનીમાં એન્જિનિયર હતો, જે ૧૫ જૂને એક પારિવારિક લગ્નમાં હાજરી આપવા માટે બદાયૂંના સહસવાનમાં આવ્યો હતો. બુધવારે વહેલી સવારે તનવીઝ પોતાની પત્ની ૨૨ વર્ષીય નિદા ઉર્ફે નિગત, ૧૬ વર્ષીય બહેન ગુલનાઝ, બનેવી ૨૫ વર્ષીય ઝુબૈર અલી, ઝુબૈર અલીની પત્ની સલહેજ મોમિના અને ઝુબૈરના બે વર્ષનો માસૂમ પુત્ર ઝૈનુલને લઈને સ્વિફ્ટ કારમાં દિલ્હી જઈ રહ્યો હતો.

## વિમાન દુર્ઘટનામાં મૃતકોના ડીએનએ મેચિંગ માટે સેમ્પલિંગની કામગીરી પૂર્ણતાના આરે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં થયેલ ગમખ્વાર વિમાન દુર્ઘટનાના તત્કાળ બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા વરિષ્ઠ મંત્રીઓના નેતૃત્વ હેઠળ અમદાવાદના સિવિલ મેડિસિટીમાં આવેલ કસોટી ભવનમાં તાત્કાલિક એક ડેડિકેટેડ કમાંડ સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યું હતું. મૃતદેહોની ઓળખ માટે જરૂરી ડીએનએ મેચિંગ પ્રક્રિયા માટે સ્વજનોના ડીએનએ સેમ્પલિંગની કામગીરી આવશ્યક હતી. જે બીજે મેડીકલ કોલેજના કસોટી ભવન ખાતે શરૂ કરવામાં આવેલી. આરોગ્ય તંત્ર આ ‘કસોટી’ પાર ઊતર્યું છે. ડીએનએ સેમ્પલિંગની પ્રક્રિયા પૂર્ણતાના આરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે દુ:ખદ વિમાન અકસ્માત બાદ મૃતદેહોની ઓળખ કરવા ડીએનએ મેચિંગ માટે સેંપલ કલેક્શનની પ્રક્રિયા વહેલી તકે અને સંવેદનશીલતા સાથે પૂર્ણ કરવા માટે માઈક્રોબાયોલોજિસ્ટની ૫ નિષ્ણાત ટીમોની રચના કરવામાં આવી હતી. મુશ્કેલ સમયમાં પીડિતોના પરિવારજનોને દરેક શક્ય સહાય વિના વિલંબે પૂરી પાડવાના ઉદ્દેશ સાથે આ સેન્ટર કાર્યરત છે. પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટ (પીઆઈયુ)ને જવાબદારી સોંપવામાં આવી હતી કે તે તમામ જરૂરી વ્યવસ્થાઓ જેમ કે બેસવાની સુવિધા, શુદ્ધ પીવાનું પાણી, ચા-કોફી વગેરેની વ્યવસ્થા સંપૂર્ણ સંવેદનશીલતા સાથે સુનિશ્ચિત કરે કે જેથી ત્યાં પહોંચેલા શોકમગ્ન પરિજનો અને મુલાકાતીઓને યથાસંભવ આરામ અને સન્માજનક વાતાવરણ મળી શકે. આ સાથે જ, હોસ્પિટલ સંકુલ અને કસોટી ભવનની આજુબાજુ સતત વધતી લોકોની સંખ્યાને સુવ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવા તથા શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા પોલીસ વિભાગને નિર્દેશો આપવામાં આવ્યા હતા. આ મુશ્કેલ અને લાગણીશીલ ક્ષણોમાં પરિવારજનોને માનસિક સહાય આપવા તથા માર્ગદર્શન પૂરું પાડવા માટે મનોચિકિત્સકો તથા કાઉન્સેલરોની ટીમ પણ સ્થળ પર તૈનાત કરવામાં આવી છે. કોઈ પણ પ્રકારના શોક કે ઘબરાટથી ઉત્પન્ન થનાર પરિસ્થિતિમાં ત્વરિત પ્રાથમિક સારવાર આપવા માટે ફર્સ્ટ એડ ટીમ પણ તૈયાર રાખવામાં આવી છે.

# ભાવનગરમાં ભગવાન જગન્નાથની યોજાનાર રથયાત્રાની તૈયારીઓને લઇને જિલ્લા કલેક્ટરશ્રી ડો. મનીષ કુમાર બંસલની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ



। ભાવનગર, તા.૧૮ ।

સ્વ. શ્રી ભીખુભાઈ ભટ્ટ પ્રેરિત શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ ટ્રસ્ટ ભાવનગર આયોજિત ગુજરાતની બીજા નંબરની મોટી રથયાત્રા ભાવનગરમાં નિકળે છે ત્યારે તેની તૈયારીઓને આખરી ઓપ આપવાં માટે જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. મનીષ કુમાર બંસલની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કલેક્ટર કચેરી આયોજન હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ તથા રથયાત્રા સમિતિના સભ્યો સાથે યોજાયેલી આ બેઠકમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, છેલ્લા ૩૯ વર્ષથી પરંપરાગત રીતે આ રથયાત્રા ભાવનગરમાં યોજાય છે અને આ વર્ષે ૪૦ મી રથયાત્રાનું આયોજન તા. ૨૭/૬/૨૫ ને શુક્રવારના રોજ થશે. આ રથયાત્રા શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગોના અધિકારીઓને લેવાનાં પગલાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. કલેક્ટરશ્રીએ રથયાત્રાના રૂટમાં આવતાં ઝાડવાઓની ડાળીઓ કટીંગ, સતત લાઇટનો પુરવઠો જળવાય, રસ્તાની સફાઇ થઇ જાય, રસ્તામાં અડચણરૂપ વાયરો દૂર કરવામાં આવે, પાણીની સગવડ સચવાય વગેરે રથયાત્રા સંલગ્ન કામગીરી વિશે તંત્રનું માર્ગદર્શન કર્યું હતું. રથયાત્રા સમિતિના શ્રી હરૂભાઈ ગોંડલીયાએ રથયાત્રા તેના પરંપરાગત રૂટ પર નિર્વિઘ્ને ચાલે તે માટેના વિવિધ સૂચનો કર્યા હતાં. રથયાત્રા તેના નિર્ધારિત રૂટ પર ભાવેણાવાસીઓ માટે ફરશે તે માર્ગ પર જરૂરી સુવિધાઓ અને સગવડોની માહિતી તેમણે આપી હતી તથા તંત્ર પાસેથી જરૂરી મંજૂરી તથા સહકારની વિગતો રજૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડાશ્રી ડો. હર્ષદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હનુલ ચૌધરી, નિવાસી અધિક કલેકટરશ્રી એન. ડી. ગોવાણી, પ્રાંત અધિકારી શ્રી પ્રતિભા દહિયા તેમજ રથયાત્રા સમિતિના સભ્યો, જિલ્લાના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ખાનગી કંપનીના અધિકારી સાથે ૨૫ લાખ રૂપિયાની છેતરપિંડી કરાઇ

। (એજન્સી) વડોદરા, તા.૧૮ ।

વડોદરામાં ખાનગી કંપનીના અધિકારી સાથે ૨૫ લાખની છેતરપિંડી કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. સોરાઈસીસની સારવાર કરાવવાના બહાને આ છેતરપિંડી કરાઈ હોવાનું સામે આવ્યુ છે. એક સરખી બીમારી હોવાનું કહીને સારવાર કરવા જણાવ્યુ હતુ. અને દંપત્તિએ તબીબ પાસે જઈને બીમારી વિશે જણાવ્યુ હતુ. તબીબે વિવિધ સારવાર સાથે દવાઓ પણ આપી હતી. અને સાથે જ અન્ય મોંઘી દવાઓ પણ મંગાવવામાં આવી હતી. વડોદરામાં ખાનગી કંપનીના અધિકારી સાથે ઠગાઈ કરી હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. સોરાઈસીસની સારવારના બહાને ૨૫ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું પ્રકાશમાં આવ્યુ છે. ડો. વારસી બીમારી દૂર કરશે તેવુ કહીને દંપતિને છેતરવામાં આવ્યા છે. સારવાર કર્યા છતા કોઈ પણ ફરક ન પડતા દર્દીએ ફરિયાદ કરી હતી. અને યુનાની દવા સહિત અલગ અલગ ખર્ચના નામે ઠગાઈ કરી હોવાનું સામે આવ્યુ હતુ. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ અધિકારીઓએ કડક કાર્યવાહી હાથ ધરી હતી. અને ડો. વારસીના બે સાગરીતોને ઝડપી પાડ્યા હતો. સાગરિતોમાં સાબિર હુસૈન અને આસિફ શેખની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીની પત્નીને રસ્તા પર રાજુ નામનો શખ્સ મળ્યો હતો. તેમના પતિ જેવી જ બીમારી પોતાને હોવાની વાત કરી હતી. ડો. વારસીએ બીમારી દૂર કરી હોવાનું તેણે જણાવ્યુ હતુ. અને પતિ પત્નીએ ડો. વારસીનો સંપર્ક કર્યો હતો. ડો. વારસીએ ફૂંકણીથી પિત્ત કાઢી તેમાંથી જીવડાં કાઢી બતાવ્યા હતા. તે બાદ દંપત્તિનો તબીબ માટે વિશ્વાસ મજબૂત થયો હતો. બાદમાં તબીબે વિવિધ બહાનાથી ૨૫ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું કહ્યુ હતુ. છતાં પણ બીમારીમાં કોઈ ફર્ક ન પડ્યો હતો. નાગરવાડાની યુનાની દવા વેચતી દુકાનમાંથી ૫ લાખ રુપિયાની દવા પણ મંગાવી હતી. આખરે ડો. વારસીએ છેતર્યા હોવાનું માલુમ પડતા દંપત્તિએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ડો. વારસીના સાગરીત સાબિર હુસૈન અને આસિફ શેખની ધરપકડ કરી હતી.

# ગુજરાતમાં વરસાદની સ્થિતિને પગલે CMએ યોજી મહત્ત્વની બેઠક

### તમામ જિલ્લા કલેકટર સાથે વીડિયો કોન્ફરન્સથી કરી વાત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત ધોધમાર વરસાદ સાથે થઈ છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ ચૂકી છે. ત્યારે ભાવનગર, અમરેલી અને સુરેન્દ્રનગર સહિતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે.

આ સિવાય દક્ષિણ ગુજરાતમાં પણ અનરાધાર વરસાદની સ્થિતિ સર્જાઈ છે. નદીઓમાં પુર આવતા અનેક ગામડાઓમાં પાણી ઘુસી ગયા છે. જ્યારે અનેક પુલ તૂટી જતા વાહનવ્યવહાર પણ ખોરવાયો છે. આ સિવાય અનેક લોકોના ઘરની સામગ્રી નાશ પામી છે. અનેક ગામના લોકો પ્રભાવિત થયા છે. કેટલાક વિસ્તારમાં તો જનજીવન પણ પ્રભાવિત થયું છે. ત્યારે રાજ્યમાં હજુ ભારે વરસાદની આગાહી વચ્ચે ગાંધીનગરમાં બે મહત્ત્વની બેઠક યોજાઈ હતી.

આજે (૧૭ જૂન) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાતમાં વરસાદની સ્થિતિ અને બચાવ કાર્યો મુદ્દે સમીક્ષા કરાઈ હતી. બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષી, અધિક સચિવ જંયતિ રવિ અને રાહત કમિશનર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. તેમણે તમામ જિલ્લા કલેકટર સાથે વીડિયો કોન્ફરન્સથી વાત કરી હતી.

આ અગાઉ ગાંધીનગરમાં સ્ટેટ ડિઝાસ્ટર ઓપરેશન સેન્ટર ખાતે રાહત કમિશનર આલોક પાંડેની ઉપસ્થિતિમાં વેધર વોચ કમિટીની બેઠક પણ યોજાઈ હતી. બેઠકમાં હવામાન વિભાગ, માર્ગ-મકાન, NDRF, SDRF અને કોસ્ટ ગાર્ડ સહિતની એજન્સીના અધિકારીઓ હાજર રહ્યા હતા. જે દરમિયાન રાજ્યમાં વરસાદની સ્થિતિ, રાહત-બચાવ કાર્ય સહિતની બાબતો પર સમીક્ષા કરાઈ હતી.

### બોટાદ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે

# બરવાળામાં ૧૫ જેટલા ઝુંપડાઓમાંથી ૮૦ લોકોનું રેસ્ક્યુ કરાયું

। (એજન્સી) બોટાદ, તા.૧૮ ।

બોટાદ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો છે. વરસાદથી ખાંભડા ડેમ ઓવરફ્લો થયો છે. ડેમ ઓવરફલો થતા ડેમના દરવાજા ખોલી દેવામાં આવ્યો છે. ત્યારે બોટાદના બરવાળામાં રેસ્ક્યુ ઓપરેશન કરવામાં આવ્યું છે. રહેણાંક મકાનમાં ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. દોરડા બાંધીને તમામ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. ચારે તરફ વરસાદી પાણી ભરાતા લોકો ફસાયા હતા. આ સિવાય શહેરના તમામ વિસ્તારોમાં પાણી ભરાયા છે. ખોડીયાર મંદિર, કોલેજ રોડમાં પાણી ભરાયા છે, ત્યારે તેને લઈને સ્થાનિકને પારાવાર મુશ્કેલી પડી રહી છે. ૧૫ જેટલા ઝુંપડાઓમાંથી લગભગ ૮૦ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે અને આ તમામ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ બોટાદ શહેરના મુખ્ય માર્ગો પર પણ પાણી ભરાયા છે.

જ્યોતિગ્રામ સર્કલ, નાગલપર દરવાજામાં પાણી ભરાયા છે. ગઢડા રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા છે, જો કે રોડ પર પાણી ભરાતા વાહન ચાલકોને હાલાકી પડી રહી છે. પાણી ભરાયેલા રહેતા વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠક મળી

### રાજ્યમાં ૬ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહ ઉજવી સંસ્કૃતમય વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો હાથ ધરાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા રાજ્યમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યનાં જન માનસમાં પ્રચાર-પ્રસાર દ્વારા પ્રાચીનતમ ભાષા સંસ્કૃતને પ્રોત્સાહન તેમજ જતન-સંવર્ધન માટે યોજના પંચકમ લોંચ કરી હતી. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં તેમણે બોર્ડના લોગોનું અનાવરણ પણ શિક્ષણ મંત્રી ડો. કુબેર ડીંડોર અને સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ ડો. હિમાંજય પાલીવાલની ઉપસ્થિતિમાં કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ “વિરાસત ભી, વિકાસ ભી”નો મંત્ર આપ્યો છે. આ મંત્રને આપણી પ્રાચીન ભાષા સંસ્કૃતના સમાયાનુકૂળ સંવર્ધન અને પ્રચાર-પ્રસારથી પાર પાડવા રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાપના ૨૦૨૦માં કરેલી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત ભાષા અને સાહિત્યનો વ્યાપક પ્રચાર થાય અને આ પ્રાચીન ભાષા જન-જન સુધી પહોંચે તેવા હેતુસર સંસ્કૃત સપ્તાહોત્સવ, સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના, સંસ્કૃત પ્રોત્સાહન યોજના અને શ્રીમદ્ ભગવત ગીતા યોજના તથા શત સુભાષિત કન્ઠ પાઠ યોજના એમ યોજના પંચકમ્ પ્રથમ ચરણમાં લોંચ કરવામાં આવી છે. આ યોજના પંચકમ્ માં જે પાંચ યોજનાઓ સમાવિષ્ટ છે. તેમાં સંસ્કૃત સપ્તાહોત્સવ યોજના અન્વયે તા. ૬/૮/૨૦૨૫ થી તા. ૧૩/૮/૨૦૨૫ ના સપ્તાહ દરમિયાન સમગ્ર ગુજરાતમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અન્ય સંગઠનો દ્વારા ઉજવણી કરવામાં આવશે.સમગ્ર વાતાવરણ સંસ્કૃતમય બને તેવા પ્રયત્નો કરવામાં આવશે. દર વર્ષે શ્રાવણ સુદ પૂનમ (રક્ષાબંધન) ને સંસ્કૃત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે તા. ૯/૮/૨૦૨૫ને શનિવારના રોજ સંસ્કૃત દિવસ છે તેના ઉપલક્ષ્યમાં આ સપ્તાહ ઉજવાશે.

### દેશભરની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ

# ભરૂચમાં SOG મેગા ઓપરેશન, ૪૪ બાંગ્લાદેશી ઘુસણખોરો પકડાયા

। (એજન્સી) ભરૂચ, તા.૧૮ ।

પહલગામ હુમલા બાદ, દેશભરની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. ભરૂચમાં ઘુસણખોરોને શોધવા માટે તંત્રને એક્શન મોડમાં લાવવામાં આવ્યું હતું. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા બાંગ્લાદેશી ઘુસણખોરો સામે મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ માં જણાવ્યુ કે ભરૂચ એસઓજી પોલીસે ઝડપી કાર્યવાહીમાં છેલ્લા ૪૮ કલાકમાં ભરૂચ શહેર, અંકલેશ્વર શહેર અને અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાંથી ૪૪ બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી છે. જિલ્લામાં સતત બીજા ૪૮ કલાકના ઓપરેશનમાં, કુલ ૭ અલગ અલગ ટીમોએ ભરૂચના વિવિધ વિસ્તારોમાં દરોડા પાડ્યા અને ઘુસણખોરીના આરોપસર કુલ ૪૪ બાંગ્લાદેશી નાગરિકોને પકડ્યા. ધરપકડ કરાયેલા બાંગ્લાદેશીઓમાં ૧૧ પુરુષો, ૧૮ મહિલાઓ અને ૧૫ બાળકોનો સમાવેશ થાય છે. ભરૂચ પોલીસ મુખ્યાલયમાં તમામ વિદેશી નાગરિકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આ લોકો ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશ કરી રહ્યા હતા અને કદાચ ખોટી ઓળખ સાથે રહેતા હતા. આ કાર્યવાહીથી સ્પષ્ટ થાય છે કે સુરક્ષા એજન્સીઓ ઘુસણખોરો સામે કડક વલણ અપનાવી રહી છે.

### યોગાભ્યાસથી ત્રણ વર્ષમાં મીનાબેને આશરે ૩૦ કિલોગ્રામ વજન ઘટાડ્યું....

# યોગ સાથે બદલાયો જીવનનો દૃષ્ટિકોણ : વડોદરાના મીનાબેન સચાનિયાની સ્થૂળતા વિરુદ્ધની સફળ લડત..







। (માહિતી) વડોદરા ।

સ્થૂળતા આજે એક વૈશ્વિક આરોગ્ય પડકાર તરીકે ઊભરી રહી છે, જે માત્ર શારીરિક જ કષ્ટ નથી લાવતી પણ માનસિક અને સામાજિક સ્તરે પણ અનેક પડકાર ઉભા કરે છે. આવા સમયમાં યોગ જીવન બદલવાની શક્તિ ધરાવે છે એનું જીવતું ઉદાહરણ છે વડોદરાના ૫૫ વર્ષીય મીનાબેન સચાનિયા. મૂળ સૌરાષ્ટ્રના અને અગાઉ ટાટા કેમિકલ્સ, મીઠાપુરમાં ગ્રામ વિકાસ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવનાર મીનાબેન વર્ષ ૨૦૦૭માં વડોદરા સ્થાયી થયા પછી જીવનમાં અનેક ફેરફારોમાંથી પસાર થયા. વ્યવસાય સહિત પરિવારીક જવાબદારીઓ અને જીવનશૈલીમાં થયેલા બદલાવના પરિણામે તેમનું વજન વધી ૧૧૦ કિલોગ્રામ સુધી પહોંચી ગયું. નબળું શરીર, મનોબળની અછત અને વધતા તણાવભર્યા પળો વચ્ચે એક સમય એવો આવ્યો જ્યારે એમણે પોતાની જાતને બદલી નાખવાનો મક્કમ નિર્ણય લીધો. વર્ષ ૨૦૨૦માં મીનાબેને યોગ સાથે જીવનના નવા અધ્યાયની શરૂઆત કરી. આરંભમાં આસનો કરવામાં તકલીફોનો સામનો કરવો પડ્યો. પગ જોડીને બેસવું મુશ્કેલ હતું, સોફા પરથી ઊભા થવામાં ટેકાની જરૂર પડતી હતી, પણ નિયમિત યોગાભ્યાસ અને મનોબળથી ત્રણ વર્ષમાં મીનાબેને આશરે ૩૦ કિલોગ્રામ વજન ઘટાડ્યું. આજે તેઓ માત્ર શારીરિક રીતે સ્વસ્થ સહિત માનસિક રીતે પણ સ્વસ્થ અનુભવે છે.

મીનાબેન કહે છે, “યોગે મને ન માત્ર લવચીક બનાવ્યું, પણ મારા ગુસ્સા અને જીવનની ગતિ પર કાબૂ મેળવવામાં પણ મદદ કરી. હવે જીવનમાં શિષ્ટતા અને આત્મવિશ્વાસનો સાથ છે.” તેઓ હાલમાં ગુજરાત યોગ બોર્ડ સાથે યોગ ટ્રેનર તરીકે જોડાયેલા છે અને દરરોજ વિવિધ વયજૂથના આશરે ૬૫ લોકોને યોગ તાલીમ આપે છે. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો માટે તેમનો અભ્યાસ લાભદાયક સાબિત થઈ રહ્યો છે. કોઈક સમય તે ઘરબેઠાં અથાણાં અને ઘરમાં બનાવેલા ખાદ્યપદાર્થો વેચતાં, આજે તે લોકોને સ્વાસ્થ્યના માર્ગે દોરી રહ્યાં છે. “યોગે મારા જીવનની દિશા બદલાવી. આજે હું બીજાના જીવનમાં પણ સકારાત્મક બદલાવ લાવવાનું કામ કરી રહી છું – એથી વધુ તૃપ્તિ બીજી શું હોઈ શકે?” એમ તેઓ આત્મવિશ્વાસપૂર્વક કહે છે. યોગ માત્ર કસરત નથી —તે મન, શરીર અને આત્માના સમન્વયનો માર્ગ છે. સ્થૂળતા સામેની લડતમાં યોગ એક સાર્થક અને ટકાઉ વિકલ્પ બની શકે છે. માઈન્ડફુલનેસ, શારીરિક પ્રવૃત્તિ અને તણાવ નિયંત્રણના માધ્યમથી તે ન માત્ર વજન ઘટાડે છે, પણ જીવનશૈલીમાં હકારાત્મક પરિવર્તન લાવે છે. મીનાબેનની કહાની એ સાબિતી છે કે સમયસર લેવાયેલો નિર્ણય જીવનને નવા રંગ આપી શકે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## કેદારનાથમાં ભૂસ્ખલન, કાટમાળ સાથે ૫ શ્રદ્ધાળુ ખીણમાં ખાબક્યાં



। (એજન્સી) કેદારનાથ, તા.૧૮ ।

ગૌરીકુંડ-કેદારનાથ પગપાળા માર્ગ પર જંગલચટ્ટીમાં ભુસ્ખલનના કારણે પાંચ શ્રદ્ધાળુઓ ખીણમાં પડી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આ દુર્ઘટનામાં બેના મોત અને ત્રણ ઘાયલ થયા છે. બચાવ કામગીરી ચાલુ છે. જિલ્લા આપત્તિ નિવારણ અધિકારીએ દુર્ઘટનાની જાણકારી આપતાં કહ્યું કે, ભુસ્ખલનના કારણે શ્રદ્ધાળુઓ ખીણમાં પડી ગયા હતા. જેમાં બેના મોત થયા છે. ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસથી સતત વરસાદ થઈ રહ્યો છે. જેના લીધે ભુસ્ખલનની દુર્ઘટના વધી છે. હવામાન વિભાગ દ્વારા જાહેર પૂર્વાનુમાન અનુસાર, બાગેશ્વર અને પિથોરાગઢ જિલ્લાના અમુક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે યલો એલર્ટ જાહેર કરાયું છે. અન્ય જિલ્લામાં પણ ભારે પવન સાથે વરસાદની સંભાવના દર્શાવાઈ છે. ૨૩ જૂન સુધી વરસાદની સ્થિતિ રહેવાનો અંદાજ છે. કેદારનાથમાં રવિવારે પણ વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ભૂસ્ખલનની ઘટના બની હતી. જેનો સંપૂર્ણ કાટમાળ દૂર કરતાં બે દિવસ થયા હતા. ભૂસ્ખલનના કારણે કેદારનાથ યાત્રા કામચલાઉ ધોરણે સ્થગિત કરવામાં આવી હતી.

## મુંબઇના જાણીતા સ્નેક્સ રેસ્ટોરાંના માલિક આશા ઝવેરીનું નિધન થયું



। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

સ્વાદ રસિકો માટે એક દુઃખદ સમાચાર છે. મુંબઈ તેમજ અમદાવાદ શહેરની ઓળખ સમા સ્વાતિ સ્નેક્સના સ્થાપક આશાબેન ઝવેરીનું ૧૪ જૂનના રોજ લાંબી માંદગી બાદ ૭૯ વર્ષની વયે નિધન થયું. રવિવારે સવારે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં લાંબી માંદગી બાદ નિધન થયું હતું અને તે જ દિવસે સાંજે વર્લી ખાતે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. મુંબઈમાં તાડદેવમાં ૧૯૬૩માં સ્વાતી સ્નેક્સની શરૂઆત આશાબેન ઝવેરીના માતા દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ લગભગ ૫૦ વર્ષ બાદ નરીમન પોઈન્ટમાં તેની બ્રાન્ચ ખોલવામાં આવી હતી. આ રેસ્ટોરન્ટનું ઓપન કિચન, જ્યાંથી રસોઈ બનતી જોઈ શકાય છે અને ઘર જેવું જ ભોજન તેની ઓળખ બની ગઈ. આ જ માહોલ અમદાવાદની લો ગાર્ડન અને આંબલી રોડ બ્રાન્ચમાં પણ જોવા મળે છે. આશાબેન ઝવેરીનો જન્મ અને ઉછેર મુંબઈના એક ગુજરાતી વેપારી પરિવારમાં થયો હતો.

### બાબનરાવ ઘોલપ પણ બડગુજર સાથે ભાજપમાં જોડાયા

# શિવસેનાના (UBT) નાસિક એકમના પૂર્વ વડા સુધાકર બડગુજરના અંતે કેસરિયા

## ભાજપે બડગુજર પર બોમ્બ બ્લાસ્ટના દોષિત -દાઉદ ગેંગના સભ્ય સલીમ કુટ્ટા સાથે પાર્ટી કરવાનો આરોપ લગાવ્યો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

ભાજપે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) ના નાસિક એકમના પૂર્વ વડા સુધાકર બડગુજરને પાર્ટીમાં સામેલ કર્યા. નવાઈની વાત એ છે કે ગયા વર્ષે ભાજપે જ બડગુજર પર ૧૯૯૩ના બોમ્બ બ્લાસ્ટના દોષિત અને દાઉદ ગેંગના સભ્ય સલીમ કુટ્ટા સાથે પાર્ટી કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમજ મહારાષ્ટ્રના તત્કાલીન નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ કથિત ગેંગસ્ટર લિંકની તપાસ માટે SIT ની રચનાની જાહેરાત કરી હતી. મીડિયા અહેવાલ મુજબ,



ભાજપના ધારાસભ્ય નિતેશ રાણેએ વિધાનસભામાં બડગુજર સામે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને સલીમ કુટ્ટા સાથે પાર્ટી કરતા તેમના કથિત ફોટો રજૂ કર્યા હતા. શિવસેનાના નેતા દાદા ભૂસેએ પણ આ બાબતે પ્રશ્નો ઉઠાવ્યા હતા. થોડા અઠવાડિયા પહેલા, શિવસેના (UBT) એ સુધાકર બડગુજરને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા હતા કારણ કે એવી અટકળો ચાલી રહી હતી કે તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. બે અઠવાડિયા પહેલા, બડગુજર દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા. જોકે, ભાજપના પ્રદેશ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેએ અગાઉ દાવો કર્યો હતો કે તેમને બડગુજરના પાર્ટીમાં પ્રવેશ અંગે કોઈ માહિતી નથી. પરંતુ જ્યારે બડગુજર મંગળવારે બપોરે ૩.૩૦ વાગ્યે તેમના સમર્થકો સાથે મુંબઈ સ્થિત ભાજપ કાર્યાલય પહોંચ્યા ત્યારે બાવનકુલે, પ્રદેશ કાર્યકારી પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ અને કેબિનેટ મંત્રી ગિરીશ મહાજન દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું.

### અમરનાથ યાત્રા માટે નવી માર્ગદર્શિકા જાહેરી

# અમરનાથ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓ માટે હેલિકોપ્ટર સેવા ઉપલબ્ધ રહેશે નહીં

## અમરનાથજી શ્રાઇન બોર્ડ અનુસાર, પહેલગામ અને બાલતાલ રૂટને નો ફ્લાઈંગ ઝોન જાહેર કરવામાં આવ્યો

। (એજન્સી) જમ્મુ, તા.૧૮ ।

અમરનાથ યાત્રામાં યાત્રીઓની સુરક્ષાને લઈ સરકારનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અમરનાથ યાત્રામાં હેલિકોપ્ટર સેવા બંધ કરવામાં આવી છે. આ વર્ષે યાત્રાળુઓ માટે હેલિકોપ્ટર સેવા બંધ કરવામાં આવી છે. તીર્થયાત્રાના રૂટને નો ફ્લાઈંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. ૧ જુલાઈથી ૧૦ ઓગષ્ટ સુધી તિર્થયાત્રાનો રૂટનો ફ્લાઈંગ ઝોન જાહેર કરાયો છે. ૩ જુલાઈથી અમરનાથ યાત્રાનો પ્રારંભ થવાનો છે. શ્રદ્ધાળુઓ પગપાળા, ઘોડા અથવા પાલખી પર મુસાફરી કરી શકે છે. યાત્રા ૩ જુલાઈથી શરૂ



થશે અને ૯ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. આ વખતે ઓનલાઈન બુકિંગ અને અલગ ભાડાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ રહેશે નહીં. બાબા અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ રહી છે, જે ૩૮ દિવસની હશે અને ૯ ઓગસ્ટ, રક્ષાબંધનના દિવસે સમાપ્ત થશે. પહેલગામ અને બાલતાલ રૂટથી દર વર્ષે હેલિકોપ્ટર સેવા ચાલતી હતી. બંને રૂટ માટે ઓનલાઈન બુકિંગ કરવામાં આવ્યું હતું અને અલગ અલગ ભાડા નક્કી કરવામાં આવ્યા હતા. નો ફ્લાઈંગ ઝોન જાહેર થવાને કારણે હેલિકોપ્ટર સેવા ન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે, અમરનાથ યાત્રા દર વર્ષે લગભગ ૪૫ થી ૬૦ દિવસ ચાલે છે. ગયા વર્ષે, તે ૨૯ જૂનથી શરૂ થઈ હતી અને ૧૯ ઓગસ્ટ, રક્ષાબંધનના દિવસે સુધી ચાલુ રહી હતી. પહેલગામ રૂટ દ્વારા મુસાફરી ૪૮ કિમી છે પણ એકદમ સરળ છે. બાલટાલ રૂટ પરથી મુસાફરી કરવાનું અંતર ફક્ત ૧૪ કિલોમીટર છે.



ક્રોએશિયાના ઝાગ્રેબમાં ભારતીય સમુદાય દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

### નંબર 3 માટે નાયર-સુદર્શન વચ્ચે સ્પર્ધા

# ઇંગ્લેન્ડ સિરીઝમાં ૩ ખેલાડી પ્લેઇંગ ૧૧માંથી રહેશે બહાર

## ચાઇનામેન સ્પિનર કુલદીપ યાદવ જેણે ૧૩ ટેસ્ટમાં ૫૬ વિકેટ લીધી છે, તે પ્લેઇંગ ઇલેવનમાંથી બહાર થઈ શકે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

૨૦ જૂનથી હેડિંગ્લી ખાતે શુભમન ગિલના નેતૃત્વમાં ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમશે. ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ આ યુવા ટીમ નવા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ૨૦૨૫-૨૭ ચક્રની મજબૂત શરૂઆત કરવા માંગે છે. ૧૮ સભ્યોની ટીમમાં ઘણા પ્રતિભાશાળી ખેલાડીઓનો સમાવેશ થાય છે, પરંતુ ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓ અને ટીમ સંયોજનને ધ્યાનમાં રાખીને કેટલાક ખેલાડીઓને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવા પડી શકે છે. ત્યારે એ ૩ ખેલાડીઓ વિશે જાણીએ જેમનું ઈંગ્લેન્ડમાં રમવું મુશ્કેલ લાગે છે. ઘરેલુ ક્રિકેટમાં અને ભારત છ માટે સતત સારું પ્રદર્શન કરનાર અભિમન્યુ ઈશ્વરન, ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવવા છતાં ફરી એકવાર પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર થઈ શકે છે. તાજેતરમાં, તેણે ઈંગ્લેન્ડ લાયન્સ સામે ૮૦ રનની ઈનિંગ રમી, જે ઈન્ડિયા એ માટે તેની સાતમી અડધી સદી હતી. ટીમના ટોપ ઓર્ડરમાં, યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલ પ્રથમ બે ઓપનિંગ સ્લોટમાં લગભગ નિશ્ચિત છે. નંબર ૩ માટે કરુણ નાયર અને સાઈ સુદર્શન વચ્ચે સ્પર્ધા છે, જ્યારે કેપ્ટન શુભમન ગિલ નંબર ૪ પર રમશે. આ સ્થિતિમાં, ઈશ્વરન માટે કોઈ સ્લોટ ઉપલબ્ધ હોય તેવું લાગતું નથી. કુલદીપ યાદવ : ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવ જેણે ૧૩ ટેસ્ટમાં ૫૬ વિકેટ લીધી છે, તે ઈંગ્લેન્ડની સીમિંગ સ્થિતિમાં પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર થઈ શકે છે. ટીમમાં પ્રથમ સ્પિનર તરીકે રવિન્દ્ર જાડેજાનું સ્થાન લગભગ નિશ્ચિત છે. જો જાડેજાને આરામ આપવામાં આવે છે, તો ભારત વોશિંગ્ટન સુંદરને પ્રાથમિકતા આપી શકે છે, જે એક સારો ઓલરાઉન્ડ વિકલ્પ છે. ઈતિહાસ દર્શાવે છે કે દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયામાં ભારત સામાન્ય રીતે ફક્ત એક જ સ્પિનરને મેદાનમાં ઉતારે છે, જેના કારણે કુલદીપની તક ઓછી છે. ધ્રુવ જુરેલ : યુવા વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલ જેણે ઈંગ્લેન્ડ લાયન્સ સામે શાનદાર પ્રદર્શન કર્યું (૯૪ અને અણનમ ૫૩), તેને આ પ્રવાસમાં બેકઅપ કીપર તરીકે સામેલ કરવામાં આવ્યો છે.

### BCCIને પણ કરી અપીલ

# બુમરાહનું વારંવાર ઈજાગ્રસ્ત થવા માટેનું કારણ યોગરાજ સિંહે જણાવ્યું

## બુમરાહ અને અન્ય ક્રિકેટરોનું વારંવાર ઈજાગ્રસ્ત થવાનું કારણ જીમ : શમી-હાર્દિકને બોડીબિલ્ડિંગની જરૂર જ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ટીમ ઈન્ડિયા હવે ઈંગ્લેન્ડ સામે ૫ મેચની ટેસ્ટ સિરીઝ રમવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સિરીઝની પહેલી મેચ ૨૦ જૂને રમાશે. આ વખતે ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ શુભમન ગિલ કરી રહ્યો છે, જોકે પહેલા BCCI ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને ટેસ્ટ ટીમનો કેપ્ટન બનાવવા માગતું હતું. પરંતુ બુમરાહે પોતાની ફિટનેસના કારણે કેપ્ટનશીપ કરવાનો ઈનકાર કરી દીધો જેથી શુભમન ગિલને કેપ્ટન બનાવવામાં આવ્યો. એવામાં ભૂતપૂર્વ ક્રિકેટર યોગરાજ સિંહનું એક અવલોકન સામે આવ્યું છે કે, બુમરાહ વારંવાર ઈજાગ્રસ્ત કેમ થાય છે? એક ઈન્ટરવ્યૂ દરમિયાન યોગરાજ સિંહે ખેલાડીઓનું વારંવાર ઈજાગ્રસ્ત થવાનું કારણ જણાવતા કહ્યું કે, બુમરાહ અને અન્ય ક્રિકેટરોનું વારંવાર ઈજાગ્રસ્ત થવાનું કારણ જીમ છે. શમી અને હાર્દિક, તમારે તો બોડીબિલ્ડિંગની જરૂર જ નથી. જૂના સમયમાં, મોટા બોલરો ખૂબ જ લચીલા શરીર ધરાવતા હતા, આ સિવાય, વિવ રિચાર્ડ્સ પણ ૩૫ વર્ષ સુધી કોઈ જીમમાં ગયો ન હતો. આથી મને લાગે છે કે ક્રિકેટરોએ ૩૫-૩૬ વર્ષની ઉંમર પછી જ જીમમાં જવું જોઈએ, કારણ કે તમારી તાકાત ૩૬-૩૭ વર્ષ પછી શરૂ



થાય છે. યોગરાજ સિંહે વધુમાં કહ્યું કે, નાની ઉંમરે તમે જીમમાં જાઓ છો, તેથી જ વધુ ઈજાઓ થાય છે. જયારે જૂના સમયમાં ખેલાડીઓ જીમ જતા નહીં એટલે તેમને નહિવત્ ઈજાઓ થતી હતી. ક્રિકેટમાં તમને લચીલા શરીરની જરૂર હોય છે. યોગરાજ સિંહે BCCI ને પણ વિનંતી કરતા કહ્યું કે, કૃપા કરીને ભગવાન ખાતર ક્રિકેટરોને જીમમાં ન મોકલો. કારણ કે હું માનું છું કે ક્રિકેટરોનું વધુ જીમમાં જવાના કારણે તેમને ઈજા થવાનો ખતરો વધી જાય છે, આથી તેમને જીમમાં ન મોકશો નહીં. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર બોર્ડર ગાવસ્કર ટ્રોફી દરમિયાન જસપ્રીત બુમરાહ ઈજાગ્રસ્ત થયો હતો. સિડની ટેસ્ટ દરમિયાન બુમરાહને પીઠમાં ખેંચાણની સમસ્યા થઈ હતી, જેના કારણે તેને મેચ અધવચ્ચે છોડીને હોસ્પિટલ જવું પડ્યું હતું.

### ટીમ ઇન્ડિયાની કેપ્ટનશીપને લઈને એક મોટો ખુલાસો

# કેપ્ટનશીપની રેસમાં જસપ્રીત બુમરાહ પણ પ્રથમ નંબરે હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ શ્રેણી શરૂ થાય તે પહેલા ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપને લઈને એક મોટો ખુલાસો થયો છે. કેપ્ટનશીપની રેસમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ટીમ ઈન્ડિયાને એકમાત્ર જીત અપાવનાર કેપ્ટન જસપ્રીત બુમરાહ પણ હતો. હવે સમાચાર એ છે કે શુભમન ગિલ BCCIની બીજી પસંદગી હતો, ટીમ ઈન્ડિયાના સ્ટાર પેસ બોલર જસપ્રીત બુમરાહએ BCCIની ઓફરને ફગાવી દીધી હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ગયા વર્ષના અંતમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ બાદ રોહિત શર્મા અને વિરાટ કોહલીની અચાનક નિવૃત્તિએ આગમાં ઘી ઉમેર્યું છે. કોહલીની ટેસ્ટ નિવૃત્તિ પછી BCCIને ભારે ટ્રોલ કરવામાં આવ્યું. હવે પ્રશ્ન એ હતો કે કેપ્ટન કોણ બનશે, જસપ્રીત બુમરાહ રેસમાં સૌથી આગળ હતો. આ પછી, બોર્ડ પાસે કેએલ રાહુલ, ઋષભ પંત, શુભમન ગિલ જેવા વિકલ્પો પણ હતા. આખરે ગિલની કેપ્ટનશીપની જાહેરાત કરવામાં આવી. હવે ટેસ્ટ શ્રેણીના માત્ર ૩ દિવસ પહેલા, જસપ્રીત બુમરાહએ આ મુદ્દા પર ખુલીને વાત કરી છે. ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણી પહેલા બુમરાહે સ્કાય સ્પોર્ટ્સ પર દિનેશ કાર્તિક સાથેની મુલાકાતમાં કહ્યું હતું કે, આઈપીએલ દરમિયાન રોહિત અને વિરાટ નિવૃત્ત થયા તે પહેલાં, મેં



પાંચ ટેસ્ટ મેચની શ્રેણીમાં મારા વર્કલોડ વિશે બીસીસીઆઈ સાથે વાત કરી હતી. મેં મારી પીઠની સારવાર કરનારા લોકો સાથે વાત કરી છે. મેં સર્જન સાથે પણ વાત કરી છે, જેમણે હંમેશા મને કહ્યું છે કે તારે વર્કલોડ વિશે સાવધાન રહેવું જોઈએ. તેથી મેં તેમની સાથે વાત કરી અને પછી અમે આ નિષ્કર્ષ પર આવ્યા કે મારે થોડું સાવધાન રહેવું પડશે. બુમરાહએ આગળ કહ્યું, એટલા માટે જ મેં BCCIને ફોન કર્યો અને કહ્યું કે હું નેતૃત્વની ભૂમિકામાં જોવા માંગતો નથી કારણ કે હું પાંચ ટેસ્ટની શ્રેણીમાં બધી ટેસ્ટ મેચ રમી શકીશ નહીં. હા, BCCI મને નેતૃત્વ માટે જોઈ રહ્યું હતું. પરંતુ પછી મારે ના કહેવું પડ્યું, આ ટીમ માટે પણ વાજબી નથી, તમે જાણો છો કે પાંચ ટેસ્ટની શ્રેણીમાં ત્રણ મેચનું નેતૃત્વ કોઈ બીજું કરી રહ્યું છે, તો બે મેચનું નેતૃત્વ કોઈ બીજું કરી રહ્યું હોય. આ ટીમ માટે વાજબી નથી. હું હંમેશા ટીમને પ્રથમ રાખવા માંગતો હતો.

### સંજય વર્મા નામના વ્યક્તિની એન્ટ્રી

# ૨૫ દિવસમાં ૧૧૯ કોલ; સોનમ કેસમાં મોટો ખુલાસો

। (એજન્સી) ઈન્દોર, તા.૧૮ ।

રાજા રઘુવંશી હત્યા કેસમાં નવો વળાંક આવ્યો છે. મેઘાલય પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે, સોનમ રઘુવંશી કલાકો સુધી કોઈ સંજય વર્મા સાથે વાત કરતી હતી. જ્યારે સંજય વર્માને ફોન કરવામાં આવ્યો, ત્યારે તેનો નંબર બંધ આવી રહ્યો હતો. સોનમે ૧ માર્ચથી ૨૫ માર્ચ દરમિયાન સંજય વર્માને ૧૧૯ વાર ફોન કર્યો હતો. આ દરમિયાન, સંજય અને સોનમ એક મહિનામાં ૨૩૪ વાર વાત કરી હતી. હવે જોવાનું એ રહે છે કે, સંજય કોણ છે અને રાજા રઘુવંશી કેસમાં તેની શું ભૂમિકા હોઈ શકે છે? ઉલ્લેખનીય છે કે, ૨૩ મેના રોજ શિલોંગમાં રાજા રઘુવંશીની હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં સોનમ સહિત ૫ લોકોની ધરપકડ કરી છે. શિલોંગ પોલીસ



રાજા રઘુવંશી હત્યા કેસને ગંભીરતાથી લઈ રહી છે અને એક કડીને બીજી કડી સાથે જોડી રહી છે. આ સંદર્ભમાં, મંગળવારે પોલીસની એક ટીમ ઈન્દોરમાં રાજા રઘુવંશીના ઘરે પહોંચી હતી. પોલીસ અધિકારીઓએ રાજાના પરિવાર સાથે વાત કરી અને સોનમના વર્તન અને લગ્ન પછી ઈન્દોરમાં વિતાવેલા દિવસો વિશે પૂછપરછ કરી હતી. પોલીસ ટીમમાં સામેલ ત્રણ અધિકારીઓએ રાજા રઘુવંશીના ભાઈ વિપિન રઘુવંશી અને તેની માતાની પણ પૂછપરછ કરી હતી. પૂછપરછ બાદ વિપિને જણાવ્યું કે, ત્રણ અધિકારીઓ અમારા ઘરે આવ્યા હતા. તેઓએ અમારી પાસેથી ફક્ત એ માહિતી લીધી કે, લગ્ન પછી ચાર દિવસ સોનમ અમારા ઘરે રહી હતી, ત્યારે તેનું વર્તન કેવું હતું અને તે પરિવારના સભ્યો સાથે કેવી વાત કરતી હતી. વિપિને કહ્યું કે, મેં અધિકારીઓને કહ્યું કે, હું સોનમનો જેઠ છું, તેથી અમે ક્યારેય તેની સામે ગયા નથી કે વાત કરી નથી. મેં તેમને કહ્યું કે, અમે સોનમને વધારે જોઈ પણ નથી, તેથી તેણી કેવી રીતે વર્તતી હતી તે વિશે અમે વધુ કહી શકીએ તેમ નથી. આ સમય દરમિયાન, પોલીસે રાજા રઘુવંશીની માતાની પણ પૂછપરછ કરી અને જાણવાનો પ્રયાસ કર્યો કે, સોનમની હાજરી દરમિયાન ઘરમાં કોઈ અસામાન્ય પ્રવૃત્તિ કે, તણાવ જોવા મળ્યો હતો કે નહીં.

### આ વખતે ઇતિહાસ રચાશે

# કેદારનાથમાં ૪૭ દિવસમાં ૧૧ લાખ શ્રદ્ધાળુઓ પહોંચ્યા

। (એજન્સી) કેદારનાથ, તા.૧૮ ।

કરોડો હિન્દુઓની આસ્થાના કેન્દ્ર કેદારનાથમાં રેકોર્ડ બ્રેક શ્રદ્ધાળુઓ દર્શન કરવા પહોંચી રહ્યા છે. છેલ્લા વર્ષોની તુલનામાં આ વર્ષે જે રીતે યાત્રાની રફતાર વધી રહી છે, તેના પરથી એવું જ લાગે છે કે, આ વર્ષની કેદારનાથ યાત્રા નવો ઈતિહાસ લખશે. યાત્રાકાળના માત્ર ૪૭ દિવસમાં જ શ્રદ્ધાળુઓના દર્શનનો આંકડો ૧૧ લાખની પાર પહોંચી ગયો છે. પાછલા વર્ષોની વાત કરીએ તો આ આંકડો ૨૦૨૩માં ૭૦ દિવસમાં પાર થયો હતો, જ્યારે ૨૦૨૪માં ૧૧૭ દિવસમાં. આ વર્ષે છેલ્લા બે વર્ષના આખી સીઝનના રેકોર્ડ તૂટવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુની સંખ્યામાં વધાવાથી પર્યટન અને યાત્રાધામોને વેગ મળવાની સાથે પર્યટન સાથે સંકળાયેલા વ્યવસાયીઓના ચહેરા પર રોનક



દેખાઈ રહી છે. ગત ૨ મે ના રોજ કેદારનાથ ધામના કપાટ સામાન્ય શ્રદ્ધાળુના દર્શન માટે ખોલવામાં આવ્યા હતા. પહેલા દિવસે ૩૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા. શરૂઆતના દસ દિવસ સુધી ઘોડા અને ખચ્ચરોની બીમારી અને ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે યાત્રા થોડી પ્રભાવિત થઈ હતી. પરંતુ ત્યારબાદ યાત્રાએ વેગ પકડતાં શ્રદ્ધાળુની સંખ્યામાં વધારો થવા લાગ્યો. શ્રદ્ધાળુઓ પગપાળા, ઘોડા-ખચ્ચર, ડંડી-કંડી અને હવાઈ સેવા દ્વારા પહોંચી રહ્યા છે. દરરોજ લગભગ ૨૩ હજાર શ્રદ્ધાળુઓ બાબા કેદારનાથના દર્શન કરીને પુણ્ય કમાય રહ્યા છે. શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારાને ધ્યાનમાં રાખીને બદરી-કેદાર મંદિર સમિતિ અને વહીવટીતંત્રએ કેદારનાથમાં દૈનિક દર્શનનો સમય પણ વધાર્યો છે, જેથી વધુને વધુ શ્રદ્ધાળુઓ દર્શન કરીને પાછા ફરી શકે. આ વખતે ટોકન સિસ્ટમ દ્વારા બાબા કેદારનાથના દર્શન થઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૩માં અત્યાર સુધીમાં આખી સીઝનમાં સૌથી વધુ ૧૯૫૭૮૫૦ શ્રદ્ધાળુઓએ ભોલે બાબાના દર્શન કર્યા હતા. તે વર્ષે ૭૦ દિવસમાં શ્રદ્ધાળુઓની સંખ્યા ૧૧ લાખને પાર પહોંચી હતી. જ્યારે ગત વર્ષે ૨૦૨૪માં આખી સીઝનમાં માત્ર ૧૬૫૨૦૭૬ શ્રદ્ધાળુઓએ ભોલે બાબાના દર્શન કર્યા હતા.

# તંત્રી લેખ...

## આગામી ત્રણ દિવસ ભારે !

દેશના ઘણા વિસ્તારોમાં કાળઝાળ ગરમી વચ્ચે રાહતનો વરસાદ શરૂ થયો છે. જેમ જેમ ચોમાસુ આગળ વધી રહ્યું છે તેમ તેમ વરસાદનો વ્યાપ પણ વિસ્તરી રહ્યો છે. દક્ષિણ ભારત અને ઉત્તરપૂર્વ રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે, ત્યારે દિલ્હી અને ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં ચોમાસાના પહેલા વરસાદથી હવામાન ખુશનુમા બન્યું છે. રાજધાની દિલ્હીમાં ભારે પવન અને હળવા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસુ અત્યાર સુધી બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ અને ઓડિશાના મોટાભાગના ભાગોમાં પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ ચોમાસુ આગામી બે દિવસમાં ગુજરાત, રાજસ્થાન, પૂર્વી ઉત્તર પ્રદેશ અને ઉત્તર અરબી સમુદ્ર સુધી વધુ વિસ્તરી શકે છે. રાજધાની દિલ્હીમાં ચોમાસા પહેલાના વરસાદથી કાળઝાળ ગરમીથી ઘણી રાહત મળી છે. આજે સાંજે કે રાત્રે વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આગામી ત્રણ દિવસ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે, જેના કારણે તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના ગંગાના મેદાનોમાં લો પ્રેસર સક્રિય થયું છે. આ પ્રેસરની અસરને કારણે પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ વિસ્તારો માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, તો કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત પશ્ચિમ હિમાલય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, વિદર્ભ, મરાઠવાડા, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, રાયલસીમા, કર્ણાટકમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ગુજરાતની વાત કરીએ તો દક્ષિણ ગુજરાતમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો કોંકણ, ગોવા, કેરળ, આંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપમાં પણ સતત વરસાદની સ્થિતિ છે.

## ભારતીય કોર્પોરેટ કાયદા સેવા, ડિફેન્સ એરોનોટિકલ ક્વોલિટી એશ્યોરન્સ સર્વિસ અધિકારીઓએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

ભારતીય કોર્પોરેટ લૉ સર્વિસ, ડિફેન્સ એરોનોટિકલ ક્વોલિટી એશ્યોરન્સ સર્વિસ અને સેન્ટ્રલ લેબર સર્વિસના પ્રોબેશનરોએ આજે (૧૮ જૂન, ૨૦૨૫) રાષ્ટ્રપતિ ભવનમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. અધિકારીઓને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે તમારી સિદ્ધિ તમારા દૃઢ નિશ્ચય અને દ્રઢતાનું પ્રતિબિંબ છે. જાહેર સેવાના પડકારોનો સામનો કરતી વખતે, તેમણે યાદ રાખવું જોઈએ કે તેમના નિર્ણયો અને કાર્યોમાં જીવન બદલવાની શક્તિ છે. તેઓ પોતપોતાના ક્ષેત્રોમાં સુશાસન, પારદર્શિતા અને જવાબદારીના પ્રણેતા બનશે. ભારતીય કોર્પોરેટ લૉ સર્વિસના અધિકારીઓને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે કોર્પોરેટ ક્ષેત્ર આપણા દેશના આર્થિક વૃદ્ધિ અને વિકાસનો મુખ્ય આધારસ્તંભ છે. કોર્પોરેટ કાયદાઓના કાર્યાન્વયન અને અમલીકરણની જવાબદારી સંભાળતા અધિકારીઓ તરીકે તેમની ભૂમિકા પારદર્શક, જવાબદાર અને નવીનતા અને ઉદ્યોગસાહસિકતા માટે અનુકૂળ વ્યવસાયિક વાતાવરણ બનાવવામાં કેન્દ્રિય રહેશે. કેન્દ્રીય શ્રમ સેવાઓના અધિકારીઓને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમની ભૂમિકા નિર્ણાયક અને બહુપક્ષીય છે - એક તરફ તેઓ કાયદાના રક્ષક છે, જેનું કાર્ય શ્રમ કાયદાઓનું પાલન સુનિશ્ચિત કરવાનું છે. જે કામદારોના અધિકારો અને ગૌરવનું રક્ષણ કરે છે. બીજી તરફ તેઓ કરુણાપૂર્ણ મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે અને સામાજિક ન્યાયના હિમાયતી તરીકે કાર્ય કરે છે, ન્યાયી શ્રમ પ્રથાઓ, સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો અને કાર્યકારી વસ્તીના એકંદર કલ્યાણને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું કે, તેમનું કાર્ય નોકરીદાતાઓ અને કર્મચારીઓ વચ્ચેના જટિલ સંબંધોમાં સંતુલન લાવી શકે છે. તેઓ પરસ્પર આદર, ઉત્પાદકતા અને સમાનતાનું વાતાવરણ બનાવવામાં મદદ કરી શકે છે. ડિફેન્સ એરોનોટિકલ ક્વોલિટી એશ્યોરન્સ સર્વિસના અધિકારીઓને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે લશ્કરી ઉડ્ડયનમાં ગુણવત્તા ફક્ત ટેકનિકલ સ્પષ્ટીકરણોને પૂર્ણ કરવા વિશે નથી.

## વડાપ્રધાન અને યુએસ રાષ્ટ્રપતિ વચ્ચેની ટેલિફોન વાતચીત અંગે વિદેશ સચિવનું નિવેદન

વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ G-7 સમિટ દરમિયાન મળવાના હતા. પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પને વહેલા અમેરિકા પરત ફરવું પડ્યું, જેના કારણે આ મુલાકાત થઈ શકી નહીં. આ પછી, રાષ્ટ્રપતિ ટ્રમ્પની વિનંતી પર બંને નેતાઓએ આજે ફોન પર વાત કરી હતી. આ વાતચીત લગભગ ૩૫ મિનિટ ચાલી હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પ્રધાનમંત્રી મોદી સાથે ફોન પર વાત કરીને શોક વ્યક્ત કર્યો હતો. તેમણે આતંકવાદ સામે પોતાનો ટેકો પણ જાહેર કર્યો હતો. આ પછી બંને નેતાઓ વચ્ચે આ પહેલી વાતચીત હતી. તેથી, પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ઓપરેશન સિંદૂર વિશે વિગતવાર વાત કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ૨૨ એપ્રિલ પછી, ભારતે સમગ્ર વિશ્વને આતંકવાદ સામે કાર્યવાહી કરવાનો પોતાનો સંકલ્પ જણાવી દીધો છે. પ્રધાનનમંત્રી મોદીએ કહ્યું હતું કે ૬-૭ મેની રાત્રે, ભારતે ફક્ત પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી કેમ્પ અને ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. ભારતની કાર્યવાહી યોગ્ય માપદંડવાળી, સચોટ અને બિન-આક્રમક હતી. ભારતે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે પાકિસ્તાન તરફથી કોઈપણ પ્રકારની આક્રમકતાનો સખત જવાબ આપવામાં આવશે. ૯ મેની રાત્રે, ઉપરાષ્ટ્રપતિ વાન્સે પ્રધાનમંત્રી મોદીને ફોન કર્યો હતો. ઉપરાષ્ટ્રપતિ વાન્સે જણાવ્યું હતું કે પાકિસ્તાન ભારત પર મોટો હુમલો કરી શકે છે. પ્રધાનમંત્રી મોદીએ તેમને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે જો આવી કોઈ કાર્યવાહી થશે, તો ભારત વધુ મજબૂત જવાબ આપશે. ૯-૧૦ મેની રાત્રે, ભારતે પાકિસ્તાનના હુમલાનો મજબૂત અને નિર્ણાયક જવાબ આપ્યો, જેના કારણે પાકિસ્તાની સેનાને ઘણું નુકસાન થયું હતું. તેમના લશ્કરી એરબેઝ નિષ્ક્રિય થઈ ગયા.

**પ્રેમી પંખીડાઓ એકબીજાને મળવા તત્પર બને, કવિઓને જાણે કલમની શ્યાહી મળી હોય એમ પ્રકૃતિ દર્શન કે પિયુ મિલનની તડપના કાવ્યો લખશે**

# નરસિંહ ને “મેહુલો ગાજે ને માધવ નાચે! એવું દેખાય પણ આપણને નહીં! એવું કેમ??



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે જાણીએ છીએ કે કૃષ્ણનો જન્મ તો દ્વાપરમાં છે, અને છતાં નરસિંહ એ તેની ભક્તિની પરાકાષ્ઠાએ આ દ્રશ્ય કળિયુગમાં પણ જોયું, પરંતુ આ તો થયું નરસિંહનું દર્શન! આપણી એટલી આધ્યાત્મિક ઉંચાઈ નથી! પણ નરસિંહ એટલાં પ્રિય અને પાછું એમાં એક છોગું નાગરનું એટલે થોડું સ્વ ચિંતન કરીએ.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમગ્ર ગુજરાતમાં ચોમાસું બેસી ગયું, અને એમાં પણ સૌરાષ્ટ્ર તો જળ બંબાકાર! આકાશ ધીંગી ધારે વરસ્યું અને તપતી ધરાને જાણે અમૃત મળ્યું! સૂકી ભાટ થઈ ગયેલી ધરા પર લીલું ઘાસ અને છોડ ખીલી ઉઠશે, અને કોઈ ચિત્રકારની પીંછી એ જાણે એમાં રંગ ભર્યા હોય એમ રંગબેરંગી ફૂલો ખીલી ઉઠશે!: ચોમેરનાં કુદરતી દ્રશ્યોએ મનને પ્રફુલ્લિત કરી દીધાં! નદી તળાવ અને ડેમ છલકાવા લાગ્યાં! કલેકટર શ્રી દ્વારા નીચાણ વાળા ગામો ખાલી કરાવવાની તાકીદ પણ થઈ ગઈ! પહેલો વરસાદ આમ પણ મનભાવન હોય! પ્રેમી પંખીડાઓ એકબીજાને મળવા તત્પર બને. કવિઓને જાણે કલમની શ્યાહી મળી હોય એમ પ્રકૃતિ દર્શન કે પિયુ મિલનની તડપના કાવ્યો લખશે ! કોઈનાં બંધ હોઠ પણ આંખ લાગણીની જાણે નદી વહી હોય એમ ભાવ ઠાલવશે, અને આમ સર્વત્ર ખુશી, આનંદ, અને પ્રફુલ્લિત વાતાવરણ હશે. પણ મેહુલો આવતા આટલો આનંદ શું કામ ? એનું કારણ નરસિંહ આપણને કહેશે!

**નરસિંહ મહેતા**
**મેહુલો ગાજે ને માધવ નાચે,**
**રૂમઝુમ વાગે પાયે ઘુઘરડી રે,**

કવિએ પહેલી પંક્તિમાં જ પોતાની રેન્જ બતાવી દીધી, વેદ અને ગીતાની ઘોષણા એટલે કે મેઘ એ મારું જ પ્રત્યક્ષ અંગ છે, એનો સીધો સાક્ષાત્કાર કરી કહે છે કે, આભમાં વાદળો ઉમટી પડે અને ગાજ વીજ શરૂ થાય, એ માધવનો નાચ છે, અને કવિને એ અવાજ માધવના પગે પહેરેલી ઘુઘરી વાળા પાયલનો છે એવું લાગે છે.

**તાલ પખાજ વજાડે રે ગોપી,**
**કૃષ્ણ વજાડે વેણ વાંસલડી રે.**
**મેહુલો.**

મેહુલો આવે ત્યારે કવિની કલ્પનાનો દોર આગળ વધે છે અને કહે છે કે આકાશમાં ગાજ વીજ થાય, ત્યારે એવું લાગે છે કે જાણે ગોપીઓ તાલ પખાજ નામનું વાજીંત્ર વગાડે છે, અને કૃષ્ણ કામણગારો મધુરી વાંસળી વગાડે છે.

**પહેરણ ચરણાં ને ચીર ચુંદડી,**
**ઓઢણ આછી લોમરડી રે;**

મેહુલો આવે ત્યારે આભમાં ચમકતી વીજ જાણે ગોપીઓએ પહેરેલા રેશમી વસ્ત્ર માંથી બનેલા પહેરણ અને ગોવાળની સ્ત્રીઓ ઓઢે એવી આછી લોમરડી જેવું આકાશ ઝગમગે છે.

**દાદુર, મોર, બપૈયા બોલે,**
**મધુરી શી બોલે કોયલડી રે.**
**મેહુલો.**

કવિ કહે છે માનવી પોતાની સંસારી ઉલજનો માં ઈશ્વરની અનુભૂતિ કે પ્રતિતિ કરી શકતો નથી, પણ દાદુર, મોર, બપૈયા, અને કોયલ જેવાં પક્ષીઓ આકાશમાં વરસાદના એંધાણ દેખાય, એટલે તરત જ સમજી જાય છે,કે એના આવવાની ઘડી આવી ચૂકી છે, અને તીવ્ર ઝંખનાથી એને પોતાની બોલીમાં પોકારે છે, કે અમે તને મળવા તત્પર છીએ. અથવા તો કવિને એની બોલીમાં પણ શ્યામને મળવાની અનહદ તડપ વર્તાય છે, અને એટલે મેઘ રુપી માધવ પણ ગાજ વીજના નાદથી એને જવાબ આપે છે.

**ધન્ય વંસીવટ, ધન જમુનાતટ,**
**ધન્ય વૃંદાવનમાં અવતાર રે;**
**ધન્ય નરસૈંયાની જીભલડીને,**
**જેણે ગાયો રાગ મલ્હાર રે..**
**મેહુલો.**

અંતમાં કવિ કહે છે કે ચૌદ ભુવનના નાથની એક એક લીલા જ્યાં રચાણી હતી, એ વંસીવટ એટલે કે જે વૃક્ષ નીચે બેસીને કૃષ્ણ વાંસળી વગાડતાં અને રાધા રઘવાઈ થઈ દોડી આવતી અને બંને ત્યાં બેસતાં એ કદંબનું વૃક્ષ ધન્ય છે. મથુરાની જેલમાં જન્મેલા નવજાત કૃષ્ણને વાસુદેવ ટોપલીમાં લઈને જાય છે, એ ઘડીથી જે કૃષ્ણના પગ પખાળી રહી છે એ જમુના, અને એનાં તટ પર કૃષ્ણની બાળ લીલાઓ થઈ હતી એ જમુના તટ ધન્ય છે. કૃષ્ણ એ જ્યાં જન્મીને બાળલીલા કરી છે, એ વૃંદાવનમાં જે જન્મ્યા છે, એને અવતાર કહ્યા એટલે કે એ ધન્ય છે, અને સૌથી વધુ તો જે કોઈ કૃષ્ણના ગુણગાન ગાઈ શકે એ જીભ ધન્ય છે! અને અહીં એ રીતે પોતાની જીભ ધન્ય છે! કારણકે એણે મેહુલા રુપી માધવને નચાવવા મલ્હાર રાગ ગાયો એ નરસિંહ ધન્ય છે! આપણે જાણીએ છીએ કે કૃષ્ણનો જન્મ તો દ્વાપરમાં છે, અને છતાં નરસિંહ એ તેની ભક્તિની પરાકાષ્ઠાએ આ દ્રશ્ય કળિયુગમાં પણ જોયું, પરંતુ આ તો થયું નરસિંહ નું દર્શન! આપણી એટલી આધ્યાત્મિક ઉંચાઈ નથી! પણ નરસિંહ એટલાં પ્રિય અને પાછું એમાં એક છોગું નાગરનું એટલે થોડું સ્વ ચિંતન કરીએ. આકાશમાં મેઘ ગાજે અને નરસિંહને માધવ નાચતો દેખાય એમાં કોઈ શંકા નથી! પણ આપણે તો મેહુલાનું શુદ્ધ સ્વરૂપ પણ રહેવા દીધું નથી! એટલે એને કમોસમી પણ વરસવુ પડે છે.આપણને એમાં માધવ દેખાય જ નહીં, કારણકે આપણે સ્વ અને સ્વાર્થનાં બંધનમાં બંધાયેલા છીએ. પણ નરસિંહને આકાશમાં માધવ નાચતો દેખાય એનું કારણ એક એ છે કે, નરસિંહમા અન્ય જડ ચેતનને ધન્ય એટલે કે શ્રેષ્ઠ કહેવાનો વિવેક છે, ઉદારતા છે, એની આંખોમાં એ દ્રષ્ટિ છે, જ્યાં એની કરતાં પણ અન્યનું સ્થાન ઉપર છે! નહીં તો આપણે સૌ જાણીએ છીએ કે સ્વામીએ સેવક બની ભક્તની બધી સમસ્યાનો ઉકેલી હતી. એટલે કે ભક્ત શિરોમણી હોવાં છતાં એ કાયમ દાસ બનીને શામળા ને પોકારે છે! અથવા તો તું સમર્થ હું સેવક એમ રાધા વલ્લભનું નિરંતર સ્મરણ કરે છે. નરસિંહ એ આ પદ ક્યારે લખ્યું એની આપણને ખબર નથી! પણ રાગ મલ્હારના એ પ્રણેતા ગણી શકાય એટલી તીવ્રતાથી એણે મલ્હાર એટલે કે શ્યામને આત્મસાત કર્યો હતો. કુંવરબાઈનું મામેરું એ આખ્યાન પ્રસંગથી આપણે વાકેફ છીએ. મારી હંમેશની વેદના છે કે, સમાજે તો એને બહુ સતાવ્યા, પણ સગા સંબંધીઓ એ પણ એને છોડ્યા નહીં! પ્રસંગ મુજબ સ્નાન માટે સ્નાનાગારમાં નરસિંહને ઉકળતાં પાણીનાં બે ચરુ આપવામાં આવ્યાં હતાં! અને સગાં સ્નેહીઓ જાણતાં હતાં કે પૂર્ણ વૈશ્નવી છે, એટલે સ્નાન સંધ્યા વગર ભોજન ગ્રહણ નહીં કરે! અને નરસિંહ એ રાગ મલ્હાર આલાપ્યો! મેઘ ગાજ્યો અને નરસિંહ એ સ્નાન કર્યું! પણ આટલી વિષમ પરિસ્થિતિમાં પણ જેને મેઘ રુપી માધવમાં ભરોંસો હોય, અથવા તો માધવ માં ભરોસો હતો એટલે મેઘ ખાંગો થયો! જ્યારે આપણે તો શ્રદ્ધા, વિશ્વાસ, કે ભરોસા, ભજન જેવાં શબ્દોનાં સાચાં મર્મ ભૂલી ગયાં છીએ! આપણાં સ્વાર્થ માટે ગમે તેની ખુશામત કરી લઈએ છીએ! સત્ય નિષ્ઠા, નિતી મત્તા, પ્રમાણિકતા, અને ઈમાનદારી એ માત્ર પ્રવચનમાં બોલવાનાં શબ્દો હોય એમ લોકો એનો ઉપયોગ કરતાં થઈ ગયાં છે. નરસિંહ જેવી ભક્તિ આપણાથી થાય એમ નથી, પણ બીજું કંઈ નહીં તોય, અન્યને બિરદાવવાની વાત કોઈ સ્વાર્થ વગર થાય, નરસિંહ કહે છે એમ આપણાં “હું પણાં” ને એકબાજુ રાખી કોઈ અન્યને મહત્વ આપીએ અને પ્રકૃતિ જન્ય જડ ચેતનમાં ઈશ્વર અંશના દર્શન કરી એક સૌમ્ય અને સહજ ભાવથી વર્તી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીંજ વિરામ આપું છું! ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આજે સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં સંસ્કૃત ભાષા નો વ્યાપ વધારવા માટેની પાંચ યોજનાઓ - ‘યોજના પંચકમ્’ લોન્ચ કરી**

# ક્યારેક આપણને બીજાઓ કરતાં આપણા પોતાનાલોકોથી વધુ ખતરો વધુ હોય છે, કારણ કે બોટ બહારના પાણીને કારણે નહીં, પણ અંદરનાછિદ્રને કારણે ડૂબી જાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**‘શ્રીમદ્ ભગવદ્ ગીતા યોજના’ હેઠળ નાગરિકોને ભગવદ્ગીતાથી પરિચિત કરવાના પ્રયાસો હાથ ધરાશે, ‘શત્ સુભાષિત કંઠ પાઠ યોજના’ હેઠળ નૈતિક મૂલ્યો પ્રત્યે પ્રેરિત કરે તેવા સો જેટલા સુભાષિત સમાજમાં ઉત્તમ નાગરિક ઘડતર માટે મુકવામાં આવશે, આજના અવસરે, સંસ્કૃત બોર્ડના લોગોનું અનાવરણ પણ કર્યું, વડાપ્રધાન મોદીના “વિકાસ ભી, વિરાસત ભી” મંત્રથી પ્રેરિત થઈને રાજ્ય સરકાર સંસ્કૃતના સમયાનુકૂળ જતન-સંવર્ધન માટે પ્રતિબદ્ધ છે.**

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરવાની વિનંતી કરતાં વડાપ્રધાન મોદી અને ટ્રમ્પ વચ્ચે પાંત્રીસ મિનિટ ફોન પર વાતચીત, મોદીએ સાફ શબ્દોમાં કહ્યું, ભારત-પાક વચ્ચે સીઝફાયરમાં અમેરિકાની કોઈ ભૂમિકા નથી, ઓપરેશન સિંદૂર હજુ ચાલુ છે. એવું જાણવા મળ્યું બીજી બાજુ સૌરાષ્ટ્રમાં શેત્રુંજી ડેમ છલોછલ, અમરેલીના પાંચ ડેમ ઓવરફ્લો, ભાવનગર,સુરેન્દ્રનગર,મોરબી જિલ્લામાં મેઘરાજાનું ધમાકેદાર આગમન અને સંસ્કૃત એટલે દેવભાષા.. એક અનેરી ગરિમા છે સંસ્કૃતિની સંસ્કૃત ભાષા અને સાહિત્યનો વ્યાપક પ્રચાર થાય અને સંસ્કૃત જન-જન સુધી પહોંચે,તેવો રાજ્ય સરકારનો પ્રયાસ છે.આ માટે રાજ્ય સરકારે સંસ્કૃત બોર્ડની સ્થાપના કરી છે. આજે સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં સંસ્કૃત ભાષા નો વ્યાપ વધારવા માટેની પાંચ યોજનાઓ - ‘યોજના પંચકમ્’ લોન્ચ કરી. જેમાં,‘સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના’ હેઠળ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ થી ૧૩મી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન સમગ્ર ગુજરાત માં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. ‘સંસ્કૃત સંવર્ધન સહાયતાયોજના હેઠળ સંસ્કૃતના સંમેલન, પ્રશિક્ષણ વર્ગ, કાર્યશાળા સંશોધન વગેરે પ્રવૃત્તિઓ માટે બોર્ડ નાણાંકીય સહાય કરશે. ‘સંસ્કૃત પ્રોત્સાહન યોજના’હેઠળ ધો-૧૦માં તમામ વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરે તેવી શાળા/સંસ્થા ઓનેનાણાં કીય સહાય કરવામાં આવશે. ‘શ્રીમદ્ ભગવદ્ ગીતા યોજના’ હેઠળ નાગરિકોને ભગવદ્ગીતાથી પરિચિત કરવાના પ્રયાસો હાથ ધરાશે. ‘શત્ સુભાષિત કંઠ પાઠ યોજના’ હેઠળ નૈતિક મૂલ્યો પ્રત્યે પ્રેરિત કરે તેવા સો જેટલા સુભાષિત સમાજમાં ઉત્તમ નાગરિક ઘડતર માટે મુકવામાં આવશે. આજના અવસરે,સંસ્કૃત બોર્ડના લોગોનું અનાવરણ પણ કર્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના “વિકાસ ભી,વિરાસત ભી” મંત્રથી પ્રેરિત થઈને રાજ્ય સરકાર સંસ્કૃતના સમયાનુકૂળ જતન- સંવર્ધન માટે પ્રતિબદ્ધ છે. તેમાં આ યોજનાઓ મહત્ત્વની ભૂમિકા ભજવશે.ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સંસ્કૃતનું જ્ઞાન હોય તો જ રોજ દસમ સ્કંધનો, વિષ્ણુ સહસ્ત્ર નામનો,શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ અર્થજ્ઞાન સાથે કરો. પ્રભુ જલ્દી કૃપા કરતા નથી. સ્વેચ્છાથી દુઃખ સહન કરે તેને થમરાજ દુઃખ આપી શકતા નથી. આત્મદેવ એક આસને દસ-બાર કલાક બેસતા. એક આસને બેસો. જે લીલાની કથા ચાલતી હોય તે લીલા પ્રત્યક્ષ થઈ રહી છે તેમ વિચારો તો આનંદ આવશે. દશ્યમાંથી દષ્ટિ હઠી જાય અને દષ્ટિમાં સ્થિર થાય, તો આનંદ પ્રગટે. ગોકર્ણને લાગ્યું કે, ધુંધુકારીનું વર્તન મને વિક્ષેપ કરશે. એટલે તેઓ પણ વનમાં જાય છે. બીજી બાજુ ધુંધુકારી વેશ્યાઓને રાજી કરવા ચોરીઓ કરવા લાગ્યો. એક-એક ઈન્દ્રિયનો ધણી જીવ છે. પરંતુ જો ઈન્દ્રિય ધણી થાય, એટલે કે મનુષ્ય ઈન્દ્રિયને આધીન થાય તો તેનું જીવન બગડે છે. મન ઈશ્વર સાથે મૈત્રી કરે, ત્યારે સુખ થાય છે અને વિમુખ થાય ત્યારે દુઃખ થાય છે. ધુંધુકારી અનર્થથી અર્થોપાર્જન કરે છે, તે રાજાને ઘરે ચોરી કરવા લાગ્યા. દાગીનાઓ લાવી વેશ્યા ઓને આપ્યા. વેશ્યાઓ વિચાર કરે છે કે, આ જીવતો રહેશે તો આપણે પણ તેની સાથે કોઈ વખત પકડાઈ જઈશું ને ધન ખોઈ બેસી સજા પામીશું માટે આને મારી નાખીએ. વેશ્યાઓએ ધુંધુકારીને દોરડા વડે બાંધ્યો. ગળે ફાંસો આપ્યો, તો પણ ધુંધુકારી મરતો નથી. અતિ પાપીને જલ્દી મોત આવતું નથી. વેશ્યાઓ બળતા અંગારા ધુંધુકારીના મોઢામાં નાખે છે અને તેને મારી નાખે છે. પંચેન્દ્રિયો, પંચવિષયો અંતકાળમાં જીવને આમ મારે છે. પછી વેશ્યાઓએ તેના શરીરને અગ્નિસંસ્કાર પણ કર્યો નહીં, દાટી દીધું. ધુંધુકારી પોતાના કુકર્મોને કારણે ભયંકર પ્રેત બન્યો. પાપી યમપુરીમાં પણ જતો નથી, તે પ્રેત બને છે. ગોકર્ણે ધુંધુકારીના મરણના સમાચાર સાંભળ્યા.તેઓ ગયાજી માં આવ્યા છે. ગોકર્ણ ધુંધુકારી પાછળ ગયાજીમાં શ્રાદ્ધ કર્યું. ગયા શ્રાદ્ધ શ્રેષ્ઠ છે.ત્યાં વિષ્ણુ પાદ છે. તેની કથા એવી છે કે ગયાસુર કરીને એક રાક્ષસ હતો. તેણે તપથી બ્રહ્માને પ્રસન્ન કર્યા. બ્રહ્માએ કહ્યું કે વરદાન માગ. ત્યારે તે બ્રહ્માને કહે છે કે, તમે શું વરદાન આપવાના હતા? તમારે મારી પાસે કાંઈ માગવું હોય તો માગો. બ્રહ્માએ વિચાર્યું કે, આ અસુર આમ મરવાનો નથી. પણ આના શરીર ઉપર લાંબા સમય સુધી યજ્ઞ કરીશું તો એ મરશે, એટલે બ્રહ્માએ યજ્ઞ માટે તેનું શરીર માગ્યું. યજ્ઞકુંડ ગયાસુરની છાતી પર કરવામાં આવેલો. સો વર્ષ સુધી યજ્ઞ ચાલ્યો,પણ ગયા સુર મર્યો નહીં. યજ્ઞની પૂર્ણાહુતિ પછી તે ઊઠવા ગયો, ત્યારે બ્રહ્મા ચિંતાતુર બન્યા.બ્રહ્માએ નારાયણ નું ધ્યાન કર્યું. નારાયણ ભગવાન પ્રગટ થયા અને ગયાસુરની છાતી માં બે ચરણો પધરાવ્યાં. ગયાસુરે મરતી વેળા ભગવાન પાસે વરદાન માગ્યુંકે,આ ગયામાં જે કોઈ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓની મુક્તિ થાય. ભગવાને વરદાન દીધું કે,તારા શરીર ઉપર જે પિંડદાન કરશે, તેના પિતૃઓને ભક્તિ મળશે ભગવાને ગયાસુરને મુક્તિ આપી માટે ગયાજીમાં જે પિતૃ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓને મુક્તિ મળશે. ગોકર્ણ તે પછી ઘરે આવ્યા. ત્યાં તેણે રાત્રે કોઈના રુદનનો અવાજ સાંભળ્યો. મનુષ્ય પાપ કરે છે ત્યારે હસે છે પણ પાપની સજા ભોગવવાનો વખત આવે છે ત્યારે રડે છે. એક જ મા-બાપના પુત્રો હોવા છતાં ગોકર્ણ દેવ થયા છે અને ધુંધુકારી પ્રેત બન્યો છે. દેવ થવું તે તમારા હાથમાં છે. ગોકર્ણ પૂછે છે, તું કોણ છે? ભૂત છે? પિશાચ છે? રાક્ષસ છે? તારી આ દશા કેમ થઈ! પ્રેત બોલ્યું,હું તમારો ભાઈ ધુંધુકારી છું.મેં બહુ પાપો કર્યા છે તેથી મારી આ દશા થઈ છે. મને પ્રેત યોનિ મળી છે. ગોકર્ણે કહ્યું,તારી પાછળ મેં ગયાજીમાં પિંડદાન કર્યું, તે છતાં તું પ્રેતયોનિમાંથી મુક્ત કેમ ન થયો? પ્રેત બોલ્યું, મેં એટલાં પાપ કર્યાં છે કે ગયામાં સેંકડો શ્રાદ્ધ કરો, તો પણ મને મુક્તિ મળવાની નથી. ગોકર્ણે પૂછ્યું, તો તારી સદગતિ કેમ થાય?ઠીક છે,એ વિશે હું કાલે સૂર્યનારાયણને પૂછી જોઈશ! બીજા દિવસે ગોકર્ણસૂર્યનારાયણ ને અર્ધ્ય આપી કહે છે,મહારાજ, મારા ભાઈનો ઉદ્ધાર થાય તેવો ઉપાય બતાવો. સૂર્ય ભગવાન કહે, ભાગવતની વિધિપૂર્વક કથા કરો! જે જીવની મુક્તિ શ્રાદ્ધથી ન થાય તેને ભગવાન મુક્તિ અપાવે છે. ધુંધુકારીને પાપમાંથી છોડાવવા ગોકર્ણે ભાગવત સપ્તાહનું પારાયણ કર્યું. ધુંધુકારી ત્યાં આવ્યો. તેને બેસવાની જગ્યા મળી નહીં એટલે સાત ગાંઠવાળા વાંસમાં તેણે પ્રવેશ કર્યો. રોજએક એક એમ વાંસની સાતગાંઠો તૂટી. સાતમે દિવસે પરીક્ષિત-મોક્ષની કથા થઈ.વાંસમાંથી દિવ્ય પુરુષ બહાર આવ્યો. ગોકર્ણને પ્રણામ કરી તે બોલ્યો,ભાઈ,તે પ્રેતયોનિ માંથી મારીમુક્તિ કરી છે! જડ વાંસની ગાંઠ તૂટી જાય તો ચેતનની ગાંઠ કેમ ન તૂટે?વાંસ એટલે વાસના. વાંસની સાત ગાંઠો એટલે વાસનાની સાત ગાંઠો. વાસના જ પુનર્જન્મનું કારણ બને છે.તેથી વાસનાનો નાશ કરો. વાસના ઉપર વિજય એ જ સુખી થવાનો ઉપાય છે. વાસના અથવા આસક્તિ સાત પ્રકારની છેઃ૧.સ્ત્રી માં આસક્તિ(પતિ- પત્નીની આસક્તિ),૨. પુત્રમાં આસક્તિ (માતા-પિતાની અને સંતાનની આસક્તિ),૩.ધંધા માં આસક્તિ ૪.દ્રવ્યમાં આસક્તિ ૫. કુટુંબની આસક્તિ, ૬. ઘરની આસક્તિ, ૭. ગામની આસક્તિ. આ આસક્તિનો ત્યાગ કરો. જીવનમાં જીવભાવ વાસનાથી આવ્યો છે. વાસનાને લીધે જીવ નિષ્કામમાંથી સકામ બન્યો.વાસનાઓની ગ્રંથિઓ ન છૂટે ત્યાં સુધી તેનામાંથી જીવભાવ જતો નથી. શાસ્ત્રમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને અવિદ્યાને સાત ગાંઠ બતાવી છે.આ સાત ગાંઠોમાં જીવ બંધાયેલો છે, તેમાંથી તેને છોડાવવાનો છે. ભાગવતની કથા શ્રવણ કરવાથી વાસનાની એક-એક ગાંઠ તૂટે છે. પ્રભુ પ્રત્યે પ્રેમ વધે એટલે આસક્તિની ગાંઠ છૂટી જાય.માટે ઈશ્વર એકલો જસાચો છે એમ માની નિત્ય તેનું સ્મરણ કરવું.એક ગૃહસ્થ બાર વર્ષથી ભાગવતની કથા સાંભળે. એક બ્રાહ્મણ રોજ કથા કરવા આવે. એક દિવસ શેઠને બહારગામ જવાનું થયું. કથા સાંભળવાના નિયમનો ભંગ કેમ થાય? તેમણે બ્રાહ્મણને કહ્યું, મારાથી કાલે કથા નહીં સંભળાય.નિયમનું શું થશે? બ્રાહ્મણે કહ્યું,તમારા બદલે તમારો પુત્ર કથા સાંભળશે તો ચાલશે. ગૃહસ્થે કહ્યું, પરંતુ કથા સાંભળી એને ક્યાંક સંસાર ઉપરથી વૈરાગ્ય આવી જાય તો? બ્રાહ્મણે કહ્યું, બાર વર્ષથી તમે કથા સાંભળો છો. તમને વૈરાગ્ય ન આવ્યો અને એક દિવસની કથાથી છોકરાને શું વૈરાગ્ય આવી જશે? કેવી વાત કરો છો તમે? યજમાન કહે છે, અમે રોજ કથા સાંભળીએ છીએ,પણ મનની ગાંઠ છોડતા નથી તો! પરમાત્માના ચરણોનો આશ્રય લઈ મહાપાપી ધુંધુકારી દેવ જેવો બન્યો. ધુંધુકારીને લેવા પાર્ષદો વિમાન લઈને આવ્યા. ગોકર્ણ પાર્ષદોને પૂછે છે કે, એકલા ધુંધુકારી માટે વિમાન લાવ્યા, બીજા કોઈ માટે ન લાવ્યા? ત્યારે પાર્ષદો કહે છે કે, તે એક આસને બેસતો. ઉપવાસ કરતો અને કથાનું રોજ શ્રવણ સાથે મનન કરતો!માટે કથા રોજ ધુંધુકારીની જેમ સાંભળવી જોઈએ તેણે કથાનું શ્રવણ, મનન એટલે નિદિધ્યાસન કર્યું એટલે મુક્તિ મળી. દૃઢતા વગરનું જ્ઞાન નકામું,બેદર કારીથી કરેલું શ્રવણ નકામું, સંદેહ હોય તે મંત્ર નકામો અને વ્યગ્ર ચિત્તે કરેલો જપ પણ નકામો. કથામાં બેઠા હોય પણ મન ન હોય તો એ શ્રવણ શું કામનું! કથા સાંભળતી વખતે તન, મન અને ઘરનું ભાન ભૂલાઈ જવું જોઈએ. તન્મયતાથી કથા સાંભળવી જોઈએ. કથા સાંભળી જીવનમાં એક લક્ષ્ય નક્કી કરવું જોઈએ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### પાંચ દિવસ કશું જ ખાધું નહોતું

# મુકુલ દેવના મૃત્યુનું કારણ સામે આવ્યું, ભાઈ રાહુલ દેવે ખુલાસો કર્યો



એક્ટર મુકુલ દેવનું ૨૩ મેએ અચાનક જ મૃત્યુ થવાના અહેવાલોથી ઈન્ડસ્ટ્રીના લોકો અને તેના ફેન્સને આંચકો લાગ્યો હતો. ૫૪ વર્ષની ઉંમરે જ અચાનક મૃત્યુ થતા તેમનો પરિવાર પણ આઘાતમાં સરી પડ્યો હતો. તાજેતરમાં મુકુલ દેવના મોટા ભાઈ રાહુલ દેવે એક ઈન્ટરવ્યુમાં મુકુલ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે મુકુલના અંતિમ દિવસો ભાવનાત્મક સંઘર્ષ અને તકલીફવાળા હતા.રાહુલે જણાવ્યું કે મૃત્યુ પહેલાં આઠ દિવસ મુકુલે ઈન્ટેન્સિવ કેરમાં વિતાવ્યા હતા. રાહુલના મતે મુકુલે ખાવા-પીવાની કુટેવો પાડી હતી, તેના કારણે તેની તબિયત વધુ ખરાબ થતી ગઈ હતી, પોતાની તંદુરસ્તી પ્રત્યેની બેદરકારીને કારણે જ તે આ સ્થિતિમાં પહોંચી ગયો હતો. છેલ્લા દિવસોમાં તો મુકુલે ખાવાનું બિલકુલ છોડી દીધું હતું. તેના કારણે તેને જીવનમાં રસ જ ઉડી ગયો હતો. તેને કામ મળતું હતું તેમ છતાં એ સતત કામને ના પાડતો રહ્યો હતો. તેને કોઈ કામમાં રસ જ નહોતો પડતો. રાહુલે દેવે જણાવ્યું, ‘‘એ સાડા આઠ દિવસ સુધી તો આઈસીયૂમાં હતો. મેડિકલ નિષ્ણાતોની દૃષ્ટિએ તો એનાં અનિયમિત જીવનને કારણે આ થયું હતું, તેણે ખાવાનું છોડી જ દીધું હતું. તેને એકલતા લાગતી હતી તેથી તેણે જીવનમાં રસ જ ગુમાવી દીધો હતો, એનામાં જિંદગી જીવવાનો ઉત્સાહ જ નહોતો રહ્યો.’’મુકુલ દેવ તેના બીમાર પિતાની સંભાળ લેવા માટે ૨૦૧૯માં દિલ્હી સ્થાઈ થયા હતા, જેમનું ગયા વર્ષે નિધન થયું. ૨૦૨૩માં તેમના માતાનું પણ નિધન થયું, તેથી મુકુલ ભાવનાત્મક રીતે બિલકુલ તૂટી ગયા. રાહુલે મુકુલના અંતિમ સંસ્કાર પછી આ વાત કબુલી હતી. ખાસ તો તેના શરીરમાં ઘટેલું વજન દેખીતી રીતે જ ઓછું થઈ રહ્યું હતું. બીજી તરફ રાહુલના પત્નીનું નિધન થઈ ગયું અને મુકુલના ડિવોર્સ થઈ ગયેલા, તેઓ બંને માતા-પિતાના ગયા પછી વધુ એકલતા અનુભવતા હતા. મુકુલે ફરી લગ્ન ન કર્યા અને પોતાની જાતને અંદર જ બંધ કરતો ગયો. રાહુલ ઈચ્છે છે કે લોકો મુકુલને તેણે જે કોમેડી રોલ કર્યો.

# પુજા બેનર્જી અને કુનાલ વર્માની વિરુદ્ધ કિડનેપિંગ-શોષણની ફરિયાદ નોંધાઈ

**શ્યામે કહ્યું તેને અંબર વિલા લઇ જવાયો, શરૂઆતમાં તેને પહેલાં માળે રખાયો પછી ઉપરના માળે લઈ જવાયો હતો**

થોડાં દિવસ પહેલાં પુજા બેનર્જી અને કુનાલ વર્માએ એક વ્લોગમાં તેમને તેમના નજીકના વિશ્વાસુ વ્યક્તિ તરફથી દગો મળ્યાની વાત કરી હતી. તેમની સાથે આર્થિક છેતરપિંડી થઈ હોવાનો દાવો કર્યો હતો. હવે બંગાળી ફિલ્મ પ્રોડ્યુસર શ્યામ સુંદર ડે તરફથી તેમના પર ગોવામાં તેના કિડનેપિંગ, શારિરીક તેમજ આર્થિક શોષણની ફરિયાદ નોંધાવવામાં આવી છે. શ્યામ સુંદરની પત્ની માલવિકા ડે દ્વારા આ ફરિયાદ નોંધાવવામાં આવી છે.આ અંગેના કેટલાંક અહેવાલો મુજબ, શ્યામે કહ્યું છે કે તેમનો પરિવાર ગોવાથી નીકળ્યો પછી તેમણે કોઈ કામ માટે ગોવામાં રોકાવાનું નક્કી કર્યું. શ્યામનો દાવો છે કે જ્યારે એક દિવસ એ કોઈ ભાડાની કાળી જગુઆર ગાડી ચલાવી રહ્યો હતો ત્યારે, ‘‘એ લોકો ખબર નહીં ક્યાંથી આવી ગયા અને મને જબરદસ્તી ગાડી ઉભી રાખવા કહ્યું.’’ પછી બે માણસોએ તેને ગાડીમાંથી બહાર નીકળવા કહ્યું, તેની શ્યામે ના પાડી. જ્યારે તેણે પુજાને તેમની સાથે જોઈ તો તેણે પોતાના હથિયાર હેઠા મુકી દીધાં, તેને લાગ્યું કે આ કોઈ ગેરસમજ હશે.શ્યામે કહ્યું તેને અંબર વિલા લઈ જવાયો અને શરૂઆતમાં તેને પહેલાં માળે રખાયો પછી તેને ઉપરના માળે લઈ જવાયો હતો. તેણે કુણાલ પર આક્ષેપ કરતા એવું પણ કહ્યું, ‘‘હું ૧થી ૪ જૂન સુધી એ ઘરમાં રહ્યો. મને બહાર નીકળવા દેવાયો નહીં. દરરોજ હું પુજા અને કુનાલ સાથે દલીલો કરતો, મેં તેમને કહ્યું અમે પરિવાર જેવા છીએ અને તેમને મને છોડી દેવા માટે આજીજી કરી. પરંતુ મને માત્ર ધમકીઓ મળી. મે પુજાને કહ્યું, ‘‘તારો પતિ મને મારે છે, ઠીક છે. પરંતુ તારી સામે મને બીજા લોકો મારે છે, અને તું ચુપ છે?’’ આવું કઈ રીતે યોગ્ય છે.’’શ્યામે આગળ કહ્યું, ‘‘હું એવું નથી કહેતો કે એ લોકો જે રકમ માગે છે તે કિડનેપિંગ માટેનું વળતર છે. હા અમારા કેટલાંક કામના વ્યવહારો પણ હતા. પરંતુ ધંધામાં કોઈ નુકસાન કે બાકી નીકળતી રકમ આ ગાંડપણને વ્યાજબી ઠેરવી શકે નહીં. શોષણ અને કિડનેપિંગ ક્યારેય કશું પણ સરભર કરવા માટેનો વિકલ્પ ન હોઈ શકે. જે થયું એના માટે કોઈ જ દલીલ ન ચાલે.’’ જે કંઈ પણ થયું એના માટે માલવિકાએ ફેસબૂક પર એક લાંબી પોસ્ટ લખી હતી. જેમાં શ્યામ પર શારિરીક અને માનસિક શોષણના પણ આક્ષેપ કર્યા હતા. માલવિકાએ એફઆઈઆરની નકલની તસવીરો ફેસબૂક પર મુકી હતી, તેમાં વોટ્સએપ ચેટ અને આર્થિક વ્યવહારોના દસ્તાવેજ પણ હતા.



# ‘સિતારેં ઝમીન પર’ને અંતે સેન્સરની મંજૂરી મળી




આમિર ખાનની ફિલ્મ પર સેન્સર બોર્ડે પ્રશ્ન ઉઠાવીને બે સુધારા સુચવ્યા હતા અને તેની સાથે આમિર ખાન સહમત નહોતો. તેથી ફિલ્મ સમયસર રિલીઝ થશે કે નહીં તે અંગે શંકાઓ હતી. પરંતુ હવે આમિરની આ ફિલ્મને સેન્સર બોર્ડની મંજુરી મળી ગઈ છે.જોકે, ફિલ્મની ટીમ અને સેન્સર બોર્ડના સભ્યો કઈ રીતે કઈ વાત પર સભ્ય થયા તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી, પરંતુ ફિલ્મની ટીમ દ્વારા ફિલ્મ રિલીઝની જાહેરાત કરવામાં આવી છે. આમિર અને જેનિલિયા ડિસોઝા ઉપરાંત આ ફિલ્મમાં આરુષ દત્તા, ગોપી ક્રિશ્ના વર્મા, સમવિત દેસાઈ, વેદાંત શર્મા, આયુષ ભંસાલી, આશિષ પેંડસે, રિષિ શહનાની, રિષભ જૈન, નમન મિશ્રા અને સિમરન મંગેશકર સહીતના દસ નવા કલાકારો પણ છે. આમિર ખાન પ્રોડક્શન્સન ફિલ્મ ‘સિતારેં ઝમીન પર’માં આમિર ખાન અને જેનિલિયા દેશમુખ લીડ રોલમાં છે. ફિલ્મના લિરિક્સ અમિતાભ ભટ્ટાચાર્ય દ્વારા લખવામાં આવ્યા છે અને સંગીત આ વખતે પણ શંકર અહેસાન લોય દ્વારા આપવામાં આવ્યું છે. આ ફિલ્મનો સ્ક્રિનપ્લે નિધિ શર્માએ લખ્યો છે. આર.એસ. પ્રસન્નાએ આ ફિલ્મ ડિરેક્ટ કરી છે, જે ૨૦ જૂને રિલીઝ થશે.

# ફિલ્મ હેરાફેરી-3 પછી હવે અક્ષય કુમારની વધુ એક ફિલ્મ અટવાઈ




અક્ષય કુમાર હાલ પોતાની ફિલ્મ ‘હાઉસફુલ ૫’ને લઈને ચર્ચામાં છે. સમાચારો અનુસાર, આ ફિલ્મ દરરોજ કમાણીના નવા રેકોર્ડ બનાવી રહી છે. ફિલ્મના રિલીઝને ૧૦ દિવસ પૂરા થઈ ગયા છે અને તેણે ભારતીય બોક્સ ઓફિસ પર અત્યાર સુધીમાં ૧૫૩.૭૫ કરોડનો બિઝનેસ કર્યો છે. ‘હાઉસફુલ ૫’ની ધૂમ વચ્ચે અક્ષયની આગામી ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’ને લઈને નવી માહિતી સામે આવી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મ પણ ‘હેરા ફેરી ૩’ની જેમ અટકી ગઈ છે અને તેનું નિર્ધારિત સમયે રિલીઝ થવું મુશ્કેલ લાગી રહ્યું છે. અહેમદ ખાનના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’ની સ્ટારકાસ્ટ ઘણી મોટી છે. જેમાં અક્ષય કુમાર, પરેશ રાવલ, સુનીલ શેટ્ટી, દિશા પટની સહિત લગભગ ૨૦ સેલેબ્સ જોવા મળશે. મેકર્સે ૨૦૨૩માં આ ફિલ્મની જાહેરાત કરી હતી અને તેને ક્રિસમસ ૨૦૨૪ પર રિલીઝ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ કેટલાક કારણોસર આ ફિલ્મ હજુ સુધી સિનેમાઘરોમાં રિલીઝ થઈ શકી નથી. ફિલ્મના શેડ્યૂલ છેલ્લી ઘડીએ કેન્સલ થઈ રહ્યા છે, જેના કારણે આ ફિલ્મ નાણાકીય મુશ્કેલીઓમાં ફસાઈ ગઈ છે.અક્ષયની ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’ અટકી ગઈ છે. તેનું સૌથી મોટું કારણ કલાકારોની બાકી ફી અને નાણાકીય સમસ્યાઓ છે, જેના કારણે ફિલ્મ પૂરી થઈ રહી નથી. અહેવાલો પર વિશ્વાસ કરીએ તો, ‘વેલકમ ટુ ધ જંગલ’નો મોટો ભાગ હજુ સુધી શૂટ થવાનો બાકી છે. ફિલ્મનું છેલ્લે શૂટિંગ ગયા વર્ષે ઓગસ્ટમાં થયું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે ‘વેલકમ ટુ ધ જંગલ’માં ૮૦ ટકા પૈસા અક્ષય કુમારના છે જ્યારે બાકીના ૨૦ ટકા ફિરોઝ નડિયાદવાલાએ રોકાણ કર્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ‘વેલકમ ટુ ધ જંગલ’ના કોઈપણ કલાકારને અત્યાર સુધી તેમની ફીનો ૧૦% ભાગ પણ મળ્યો નથી. એટલું જ નહીં, સ્ટાફનો પગાર પણ બંધ કરી દેવામાં આવ્યો છે.મીડિયા રિપોર્ટ અનુસાર, જૂન મહિનાનું એક શેડ્યૂલ હતું જે કેન્સલ થઈ ગયું છે. છેલ્લા ૬ મહિનામાં ફિલ્મના ૨-૩ શેડ્યૂલ કેન્સલ થઈ ચૂક્યા છે. જેના કારણે એક્ટર્સની ટીમ પણ મૂંઝવણમાં છે. એક્ટર્સ પ્રોડ્યુસર ફિરોઝ નાડિયાડવાલાને ‘વેલકમ ટુ ધ જંગલ’ના શૂટિંગ માટે તારીખો આપી રહ્યા હતા.

# આલિયા ભટ્ટની સફળતા કરણ જોહરને આભારી

### તાજેતરમાં એક ઇન્ટરવ્યુમાં વામિકાને પૂછાયું હતું કે તેને આલિયા પાસેથી શું ચોરવું ગમશે?



આલિયા ભટ્ટે કરણ જોહરની ફિલ્મ ‘સ્ટુડન્ટ ઓફ ધ યર’થી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું અને પછી ‘હાઈવે’, ‘હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયાં’ જેવી ફિલ્મથી તે ઘણી લોકપ્રિય થઈ હતી. આજે તેણે એક એવી એક્ટ્રેસ તરીકે નામ બનાવી લીધું છે, જે બોક્સ ઓફિસ પર સફળતાના પ્રોમિસ આપે છે. પરંતુ તેણે શરૂઆત કરી ત્યારથી તેની એક બાબતે ટીકા થતી રહી છે, કે ઈન્ડસ્ટ્રીમાં કરણ જોહર તેનો ગોડફાધર છે અને તેને વધાર પડતો સહકાર આપે છે. આ પહેલાં ઐશ્વર્યા રાય, સોનાક્ષી સિંહા જેવી એક્ટ્રેસ જાહેરમાં કહી ચૂકી છે કે આલિયાની તેની સમગ્ર સફરમાં કરણ જોહર તરફથી મદદ મળી છે. હવે વામિકા ગબ્બીએ પણ આડકતરી રીતે કહ્યું છે કે તેનું ચાલે તો તે આલિયા પાસેથી કરણને ચોરવા માગે છે.તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં વામિકા ગબ્બીને પૂછાયું હતું કે તેને આલિયા પાસેથી શું ચોરવું ગમશે? ત્યારે વામિકાએ કહ્યું હતું, ‘‘કરણ જોહર’’. આગળ વામિકાએ આ અંગે સ્પષ્ટતા કરતાં કહ્યું, ‘‘કારણ કે તેનાથી તેને સૌથી વધુ સહકાર મળતો રહ્યો છે અને મને લાગે છે કે તમારી સાથે કોઈ આટલું પાવરફુલ, ટેલેન્ટેડ અને એ સ્તરની વ્યક્તિ હોય તો અને એ વ્યક્તિ તમને તમે કરો છો એટલો જ પ્રેમ કરતી હોય તો – એ સુંદર વાત નથી?’’ આગળ તેણે એમ પણ કહ્યું કે તે અનન્યાની ત્વચા ચોરવા માગે છે, કિર્થી સુરેશની માનવતા, વરુણ ધવનની એનર્જી, શાહરુખ ખાનનો વારસો અને ક્રિતિ સેનની હાઈટ ચોરવા માગે છે.વામિકાની આ વાત પર કેટલાંક લોકોને ઐશ્વર્યાનું નિવેદન યાદ આવી ગયું હતું. એક વ્યક્તિએ લખ્યું હતું, ‘‘એશની દિકરી વામિકામાં નેપો ચાપલુસ કરતાં વધુ હિંમત છે.’’ તો એક વ્યક્તિએ લખ્યું, ‘‘ઐશ્વર્યા, કંગના, ક્રિતિ અને હવે વામિકા. આલિયાને લોકો ખુલ્લી પાડતાં જ રહે છે.’’અગાઉ ઐશ્વર્યાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આલિયાને ઘણો ફાયદો થાય છે. તેણે કહ્યું હતું,‘‘મેં આલિયાને પણ આ વાત કહી છે, તારા માટે આ બહુ જોરદાર વાત છે, કે શરૂઆતથી જ કરણે તેને ઘણી મદદ કરી છે. તમને આ રીતનો સહકાર મળતો હોય એ ઘણી ચિંતામુક્ત રાખતી વાત છે. તેના કારણે તમે લાંબા સમય સુધી ચિંતામાં નથી રહેતા. એક કલાકાર તરીકે આ બહુ સારી વાત છે, કારણ કે તેમાં તમને ભવિષ્યમાં સારું કામ અને સારી તકો જ મળશે. આ સારી તકો સાથે તે સારું કામ કરે છે, તે પણ મહત્વની વાત છે.

# સલમાનની ‘સિકંદર’ને પાઇરસીના કારણે રૂ.૯૧ કરોડનું નુકસાન થયું

**પ્રોડક્શન હાઉસ દ્વારા ડિજીટલ પાઇરસી ઇન્શ્યોરન્સ કવરમાં ફેરફાર કરવા બાબતે ફેરવિચારણા કરવામાં આવી રહી છે**




આજકાલ કોઈ પણ ફિલ્મ સામે થિએટરમાં ઓછા આવતા ઓડિયન્સ કરતાં મોટો પ્રશ્ન ડિજીટલ પાઈરસીનો છે. ત્યારે તાજેતરમાં સાજીદ નડિયાદવાલાનાં પ્રોડક્શન હાઉસ નડિયાદવાલા ગ્રાન્ડસન્સ એન્ટરટેઈન્મેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો અત્યાર સુધીનો સૌથી મોટો ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરવામાં આવ્યો છે, જેમાં પાઈરસી સંબંધિત નુકસાન બાબતે ૯૧ કરોડ રૂપિયાનો દાવો કરવામાં આવ્યો છે. આ પાઈરસી ઈન્શ્યોરન્સ ક્લેઈમ સલમાન ખાનની ‘સિકંદર’ માટે કરવામાં આવ્યો છે.કેટલાંક સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, પ્રોડક્શન હાઉસ દ્વારા ડિજીટલ પાઈરસી ઈન્શ્યોરન્સ કવરમાં ફેરફાર કરવા બાબતે ફેરવિચારણા કરવામાં આવી રહી છે. જેથી આ નુકસાનન અંગે વધુ અભ્યાસ કરી શકાય. સુત્રએ જણાવ્યું, ‘‘કઈ હદ સુધી ફિલ્મ લીક થઈ છે અને તેનાં પરિણામો શું હોઈ શકે અને ફિલ્મની આવકમાં શું અસર થશે, તેનું મુલ્યાંકન કરવા માટે એક ઓડિટ પણ કરવામાં આવ્યું છે. આ મુદ્દે અર્ન્સ્ટ એન્ડ યંગ દ્વારા એક વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં ૯૧ કરોડનો દાવો કરવામાં આવ્યો છે.’’ઈન્ડસ્ટ્રીનાં અંદરના સૂત્રોના મતે આ રૂ.૯૧ કરોડનો આંકડો તુલનાત્મક મોડેલિંગ અને બજાર બેન્ચમાર્કિંગના સંયોજનનો ઉપયોગ કરીને મેળવવામાં આવ્યો હતો. જેમાં ફિલ્મ રિલીઝ થઈ તે પહેલાંની આવક, થિએટર દીઠ કેટલાં શો મળ્યા અને લોકોને ફિલ્મ કેટલી ગમી તેમજ પ્રદેશ દીઠ આવકને ફિલ્મ લીક થવાથી કેટલો ફરક પડ્યો તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ પર ગેરકાયદેસર ડાઉનલોડ્સ અને સ્ટ્રીમ્સના પ્રમાણને ટ્રેક કરવા માટે ડિજિટલ ફૂટપ્રિન્ટ ટ્રેસિંગ ટૂલ્સનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આ અંગે સુત્રોએ જણાવ્યું, ‘‘આવા ઓડિટમાં ઘણીવાર ટિકિટ જ્યાંથી ખરીદાય છે એવાં પ્લેટફોર્મ, ડિસ્ટ્રિબ્યુટર્સ તરફથી મળતા પ્રતિસાદ અને પાઈસી પ્રસારના ફોરેન્સિક ટ્રેસિંગના ડેટાનો આધાર લેવામાં આવે છે. ૯૧ કરોડ રૂપિયાનો આંકડો મનસ્વી નહોતો - તે સંભવિત થિયેટર અને ડિજિટલ આવકના આધારે નક્કી થયો છે.’’એવું પણ જાણવા મળ્યું કે સિકંદર ફિલ્મ વિવિધ મેસેજિંગ પ્લેટફર્મ પર એક ઈન્ક્રિપ્ટેડ મેસેજ સાથે ફરતી હતી.

### ‘રાજાસાબ’ માટે ઐતિહાસિક સેટ ઊભો કરાયાનો દાવો

# હોરર ફિલ્મ માટે ભારતનો સૌથી મોટો ૪૦ હજાર સ્ક્વેર ફીટનો સેટ બન્યો

**તેમાં નિધિ અગ્રવાલ, માલવિકા મોહનન પણ મહત્વના રોલમાં હશે**




છેલ્લાં થોડા વખતથી ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રી એક એવા તબક્કે પહોંચી છે કે હોરર ફિલ્મ જ બોક્સ ઓફિસ પર કમાલ કરી રહી છે, પછી તે ‘સ્ત્રી ૨’ હોય કે પછી ‘ભૂલભૂલૈયા ૩’, ‘મૂંજ્યા’ કે પછી ‘અર્નામનાઈ’. એવું બની કે કોઈ ફિલ્મ હિટ બને કે કોઈ ઓછી ચાલે તેમ છતાં ફિલ્મ મેકર્સ હોરર ફિલ્મ અંગે કોઈ પણ ચાન્સ લેવા તૈયાર છે. ત્યારે હવે એક એવી તેલુગુ ફિલ્મ આવી રહી છે, જેમાં ટોપ એક્ટર તો લીડ રોલમાં છે જ સાથે જ આ ફિલ્મની ટીમનો દાવો તેઓ ભારતીય સિનેમાનો સૌથી મોટી હવેલીનો સેટ બનાવી રહ્યા હોવાનો પણ દાવો કરે છે.તાજેતરમાં જ મારુથિ ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ થયેલી પ્રભાસની ફિલ્મ ‘ધ રાજા સાબ’નું ટીઝર લોંચ થયું છે. ત્યારે ફિલ્મની ટીમ દ્વારા જાહેર થયેલી પ્રેસનોટમાં ફિલ્મની ટીમ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે તેમની હોરર કોમેડી ફિલ્મના કેન્દ્રમાં એક એવી હવેલી હશે, જે અત્યાર સુધીમાં ભારતીય સિનેમાના ઈતિહાસમાં ક્યારેય જોવા મળી નથી.આ ફિલ્મનો સેટ આર્ટ ડિઝાઈનર રાજીવન નાંબિયાર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે, જે ૪૧,૨૫૬ સ્ક્વેર ફૂટનો છે. ફિલ્મની ટીમના મતે આ હવેલી માત્ર એક બેકડ્રોપ નથી પરંતુ એક સર્વાગ્રહી, જીવંત, જીવતું જાગતું સ્થળ છે. જે ફિલ્મની વાર્તાનો બહુ મોટો હિસ્સો છે. જેમાં વિશાળ ઊંચા દરવાજા, કમાનોવાળા મંડપવાળા રવેશ સહિતનું સ્થાપત્ય જોવા મળશે. રાજીવને આ અંગે જણાવ્યું, ‘‘દરેક બારીકી ફિલ્મની ભાવના સાથે જોડાવી જોઈએ, માત્ર સુંદરતા જ નહીં. અમે નહોતા ઈચ્છતા કે સેટ ડરામણો દેખાય પરંતુ તેમ છતાં તેમાં ડર અનુભવાય. અમારો હેતુ કશુંક એવું તૈયાર કરવાનો હતો જે તમે અંદર પ્રવેશો કે તમને પોતાના તરફ આકર્ષે પછી તમે માત્ર મુલાકાતી હોય કે અંદર ચાલીને અનુભવવા માગતા હોય.’’આ ફિલ્મ તરફથી આવતા નિવેદનમાં એવું પણ કહેવાયું છે, ‘‘દરેક પત્થર, સાધન અને પડછાયો આ ફિલ્મમાં હોરર અનુભવાય તે માટે ઉપયોગમાં લેવાયા છે. હવેલીનું તળિયું પણ એવી રીતે તૈયાર થયું છે, જેનું ટેક્સ્ચર અને દૃષ્યો હોરરમાં વધારો કરે.

### નવાઝુદ્દીન સિદ્દીકીએ બોલિવૂડ પર નિશાન સાધ્યું

# બોલિવૂડ નાદાર થઈ ગયું છે, બધા કોપી જ કરવામાં વ્યસ્ત



બોલિવૂડ અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકી આ દિવસોમાં તેમની આગામી ફિલ્મ ‘કોસ્ટાઓ’ના પ્રમોશનમાં વ્યસ્ત છે.નવાઝે બોલિવૂડની વર્તમાન પરિસ્થિતિ વિશે પણ વાત કરી. તેમણે ઉદ્યોગ પર બીજાઓની નકલ કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તે સર્જનાત્મક મંદીમાંથી પસાર થઈ રહ્યું છે.નવાઝુદ્દીન સિદ્દીકીએ બોલિવૂડમાં વધતી જતી અસુરક્ષા વિશે વાત કરતા કહ્યું, ‘આપણા ઉદ્યોગમાં, પાંચ વર્ષ સુધી સતત એક જ વાતનું પુનરાવર્તન થાય છે. પછી જ્યારે લોકો કંટાળો આવે છે, ત્યારે તેઓ આખરે તેને છોડી દે છે. હકીકતમાં, અસુરક્ષા ઘણી વધી ગઈ છે. તેમને લાગે છે કે જો કોઈ ફોર્મ્યુલા કામ કરી રહી હોય તો તેનો ઉપયોગ કરો, તેનો ઉપયોગ કરો. અને વધુ દયનીય વાત એ હતી કે તેની ૨, ૩, ૪ સિક્વલ આવવા લાગી.તેમણે કહ્યું, ‘જેમ નાદારી બીજે ક્યાંય થાય છે, તેમ આ એક સર્જનાત્મક ભ્રષ્ટાચાર હશે.’ આપણી બોલીવુડ ઈન્ડસ્ટ્રી શરૂઆતથી જ ચોર રહી છે, તે વાર્તાઓ ચોરી લે છે. ૩, ૪ સિક્વલ બનાવવામાં આવી રહી છે. આ સર્જનાત્મક નાદારી છે, નાણાકીય નાદારીની જેમ. ઘણી બધી સર્જનાત્મકતા ગરીબી છે. આપણો ઉદ્યોગ શરૂઆતથી જ ચોરી કરતો આવ્યો છે. આપણે ગીતો ચોર્યા છે, આપણે વાર્તાઓ ચોર્યા છે.તેણે કહ્યું, ‘હવે ચોર સર્જનાત્મક કેવી રીતે હોઈ શકે?’ નવાઝ હાલમાં ફિલ્મ ‘કોસ્તાવ’માં જોવા મળી રહ્યો છે જેમાં તે ગોવાના કસ્ટમ અધિકારી કોસ્ટાઓ ફર્નાન્ડિસની ભૂમિકા ભજવે છે અમે દક્ષિણમાંથી ચોરી કરી, ક્યારેક અહીંથી ચોરી કરી, ક્યારેક ત્યાંથી. કેટલીક કલ્ટ ફિલ્મો જે હિટ બની હતી તેમાં પણ ચોરીના દ્રશ્યો હતા. તેને એટલી હદે સામાન્ય બનાવી દેવામાં આવ્યું છે કે જો તે ચોરી હોય તો શું?નવાઝ હાલમાં ફિલ્મ ‘કોસ્તાવ’માં જોવા મળી રહ્યો છે જેમાં તે ગોવાના કસ્ટમ અધિકારી કોસ્ટાઓ ફર્નાન્ડિસની ભૂમિકા ભજવે છે, જે સોનાની દાણચોરીના એક મોટા ઓપરેશનનો પર્દાફાશ કરવા માટે બધું જ બલિદાન આપે છે. સેજલ શાહ દ્વારા દિગ્દર્શિત, આ બાયોગ્રાફિકલ ક્રાઈમ ડ્રામા પણ પ્રિયા બાપટ, કિશોર, હુસૈન દલાલ અને માહિકા શર્મા છે.

### ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન

# ઝાલોદ તાલુકાના આંગણવાડી કેન્દ્રમાં બાળકો દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરાઈ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।
ભારત સરકાર દેશના આદિજાતિ સમુદાયોના સર્વાંગી વિકાસ તેમજ સશકિતકરણ માટે ભારત સરકારના આદિજાતિ મંત્રાલય ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન લોન્ચ કરવામાં આવેલ છે. જે અંતર્ગત દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના આંગણવાડી કેન્દ્રમાં મહિનાના ત્રીજા મંગળવારે બાળ દિનની ઉજવણી કરવામાં આવી હતી. એ દરમ્યાન બાળકો દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. જેમાં બાળકોના જન્મદિવસની ઉજવણી સાથે આંગણવાડીની પૂર્વ પ્રાથમિક શિક્ષણની દૈનિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫-૨૬ ના કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે આંગણવાડી પ્રવેશપાત્ર બાળકોના વાલીઓને તેમજ અન્ય વાલીઓ, વડીલોને બાળકોના હાથે બનાવેલ આમંત્રણ પત્રિકા આપવામાં આવી હતી. આંગણવાડી પ્રવેશપાત્ર બાળકોમાંથી ૧૦૦% બાળકો આંગણવાડીમાં પ્રવેશ મેળવે તે અર્થે બાળકોના વાલીઓને પરામર્શ કરવામાં આવ્યું હતું.

# દિવ્યાંગ વ્યક્તિઓ માટે રોજગાર અને પ્રશિક્ષણ ભરતી મેળો યોજાયો



। વડોદરા, તા.૧૮ ।
વડોદરા જિલ્લાના મોડેલ કારકિર્દી કેન્દ્ર, મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, તરસાલી સ્થિત દિવ્યાંગ આઈટીઆઈ તથા એન.સી.એસ. ડી.એ. ફોર મહિલા વડોદરા દ્વારા સંયુકત રીતે દિવ્યાંગ યુવકો અને યુવતીઓ માટે વિશેષ રોજગાર તથા પ્રશિક્ષણ ભરતી મેળો યોજાયો હતો.

આ ભરતી મેળો તરસાલી ખાતે આવેલ દિવ્યાંગ આઈટીઆઈના કેમ્પસમાં સવારે ૧૦ વાગ્યે યોજાયો હતો. જેમાં ૪૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા અને ૧૮ થી ૩૫ વર્ષના વચ્ચેના ઉમેદવારો, જેમને નોકરીના સ્થળ સુધી સ્વતંત્ર હલનચલન તથા આવજાવ કરવાની ક્ષમતા છે (સૌ ટકા પ્રજ્ઞાચક્ષુ સિવાયના), તેઓએ ભાગ લીધો હતો. મેળામાં ટાટા મોટર સાણંદ, નેશ્લે ભારત, કોસંબા ગ્લાસ, ડેકો પીજીપીસ, ડી-માર્ટ, ગ્રોમેક્સ એગ્રી સાધનો જેવી પાંચથી વધુ પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ સંસ્થાઓએ ધોરણ ૮ પાસથી લઈને કૌશલ્ય તાલીમ લીધેલા, ડિપ્લોમા તથા સ્નાતક સુધીના લાયકાત ધરાવતા ઉમેદવારો માટે કેશિયર, કારખાનાનું કાર્ય, વેચાણ સહાયક, કચેરી સહાયક, તાલીમાર્થી, રક્ષણ વ્યવસ્થા, બાગબગિચાની સંભાળ વગેરે વિવિધ જગ્યાઓ માટે કુલ સોથી વધુ જગ્યાઓ રહી હતી. મેળામાં પચાસથી વધુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા અને તેમનાં સ્થળ પર જ મુલાકાત લઈ, પચીસથી વધુ યુવાઓને પ્રાથમિક રીતે પસંદ કરીને રોજગારીના અવસરો પૂરાં પાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે મદદનીશ નિયામક (રોજગાર) શ્રી અલ્પેશ ચૌહાણ, એન. સી.એસ.ના અધિકારી શ્રી યોગેન્દ્ર યાદવ તથા આઈટીઆઈ તરસાલીના આચાર્ય શ્રી તેજશ દરજી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દિવ્યાંગ ઉમેદવારોને સ્વરોજગાર, ઉદ્યોગસાહસિકતા, નિ:શુલ્ક વ્યવસાયિક તાલીમ, લોન સહાય યોજનાઓ તથા રોજગાર માટેની રાજ્ય સરકારની અનુબંધમ પદ્ધતિ અને રાષ્ટ્રીય રોજગાર પોર્ટલ પર નોંધણી કરવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# હિંમતનગર ખાતે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં પૂરક પરીક્ષાના સુચારું આયોજન અંગે પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ




। હિંમતનગર, તા.૧૮ ।
સાબરકાંઠા જિલ્લામાં કલેકટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષતામાં પૂરક પરીક્ષાના સુચારું આયોજન અંગે પરીક્ષા સમિતિની બેઠક કલેકટર કચેરી સભાખંડ ખાતે યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૩/૦૬/૨૦૨૫ થી ૦૩/૦૭/૨૦૨૫ સુધી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સા.પ્ર/વિ.પ્ર) ની પુરક પરીક્ષા યોજાશે.

જિલ્લામાં ધોરણ-૧૦ ની પુરક પરીક્ષા ૧૧ કેંદ્રોના ૧૧ બ્લોક ખાતે યોજાશે. જેમાં ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, શ્રી એમ એમ પટેલ ઉચ્ચ માધ્યમિક શાળા, ઈલોલ ગ્રુપ સહકારી મંડળી હાઈસ્કૂલ, પરફેક્ટ હાઈ સ્કૂલ, યુનિટ-૧, પરફેક્ટ હાઈ સ્કૂલ યુનિટ-૨, ગ્રોમોર સેકન્ડરી સ્કૂલ (જી.એમ) યુનિટ-૧, ગ્રોમોર સેકન્ડરી સ્કૂલ (જી.એમ) યુનિટ-૨, શ્રી ગાંભોઈ ગ્રુપ સેકન્ડરી સ્કૂલ યુનિટ-૧, શ્રી ગાંભોઈ ગ્રુપ સેકન્ડરી સ્કૂલ યુનિટ-૨, શ્રી એન જી જોશી હાઈસ્કૂલ અને શ્રી કોટડિયા જે.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ કેંદ્રોનો સમાવેશ થાય છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષા માય ઓન હાઈસ્કૂલ અને મદ્રેસા હાઈસ્કૂલ એમ ૨ કેંદ્રોના ૨ બ્લોક ખાતે યોજાશે. વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા ૪ કેંદ્રોના ૪ બ્લોક ખાતે યોજાશે. જેમાં હિંમત હાઈસ્કૂલ યુનિટ-૧, સ્વસ્તિક હાઈસ્કૂલ, જૈન આચાર્ય આનંદ ધનસુરી વિધ્યાલય યુનિટ-૧ અને જૈન આચાર્ય આનંદ ધનસુરી વિધ્યાલય યુનિટ-૨ કેંદ્ર પર પુરક પરીક્ષા યોજાશે. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ પરીક્ષા સંચાલન માટે રાખવાની થતી સાવચેતી અંગે જરૂરી સુચનો કર્યા હતા. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી ક્રિષ્ના વાઘેલા, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી સહિત વિવિધ અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્લાસ્ટિકને જાકારો આપવા ‘માય થેલી’ કાર્યક્રમ થકી સ્વસહાય જુથના બહેનો બનશે પ્લાસ્ટિક મુક્ત અભિયાનના વાહકો





। સાબરકાંઠા, તા.૧૮ ।
‘‘સ્વચ્છ ભારત મિશન’’ અંતર્ગત પ્લાસ્ટિકના પ્રદૂષણને નાબૂદ કરવા અને પર્યાવરણને સ્વચ્છ રાખવાના ઉદ્દેશ્ય સાથે જિલ્લાની ચાર નગરપાલિકાઓ દ્વારા ‘‘માય થેલી’ કાર્યક્રમ થકી સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય હેતુ પ્લાસ્ટિકની થેલીઓના ઉપયોગને ઘટાડીને કપડાંની થેલીઓના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમમાં સખી મંડળની બહેનો સ્થળ પર જ શહેરીજનોને તેમનાં જૂના કપડાંમાંથી આકર્ષક થેલીઓ વિનામૂલ્યે બનાવી આપે છે. રાજ્ય સરકાર દ્વારા ‘‘પ્લાસ્ટિક મુક્ત ગુજરાત અભિયાન’’ હેઠળ સૌથી વધુ ચલણમાં રહેલા પ્લાસ્ટીકના બેગ પર પ્રતિબંધ મુકાયો છે. લોકોની સમજદારી સાથે પ્લાસ્ટીકને રોજિંદા જીવનમાંથી સંપૂર્ણ દૂર કરવું ખુબ જરૂરી છે. કારણ કે પ્લાસ્ટિકનો નાશ કરવો ખુબ મુશ્કેલ છે અને તે પર્યાવરણને પણ નુકસાન કરે છે. જિલ્લાની ચાર નગરપાલિકાઓ દ્વારા લોકોને પ્લાસ્ટિક બેગના વ્યસનથી મુક્ત કરવા વેસ્ટમાંથી બેસ્ટ થીમ સાર્થક કરતો નવતર અભિગમ સ્વચ્છ ભારત મિશન શહેરી અને ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશનના સંયુક્ત ઉપક્રમે ‘માય થેલી’ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આપણે જાણીએ છીએ કે એક પણ એવું ઘર નહીં હોય કે જેમની પાસે જુના કપડાં ન હોય. તો આવા જુના કપડાં છે, તેનું શું કરવું ? બસ, આ જ વિચારને સદાચારમાં ફેરવી આપે છે ‘માય થેલી’ પ્રોજેક્ટ.

રાજ્ય સરકારના લાઈવલીહુડ મિશન અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં સખી મંડળની બહેનોને તેમનું આર્ટ પ્રદર્શિત કરવા રાજ્ય સરકાર દ્વારા તેઓને પ્રોત્સાહક કામગીરી, ભંડોળ અને વેચાણ માટે મેળાઓનું આયોજન કરી આપવામાં આવે છે. ત્યારે આજ બહેનો તેમની સીવણની સ્કિલ થકી ‘‘પ્લાસ્ટિક મુક્ત ગુજરાત’’ અભિયાનના વાહક બન્યા છે.

જિલ્લાની ચાર નગર પાલિકા વિસ્તારની જાહેર જનતાને પ્લાસ્ટિક નાબૂદી ઝુંબેશ અન્વયે ‘માય થેલી’ ઈવેન્ટમાં નગર પાલિકાના સ્વ સહાય જુથો (સખી મંડળ)ના બહેનો દ્વારા જુના કપડા લઈ તેઓને જુના કપડાંની થેલી વિનામૂલ્યે સ્થળ પર જ બનાવી બનાવવામાં આવે છે.આ પ્રોજેક્ટ અંતર્ગત હિંમતનગર ખાતે ફાયર સેફટી છપરીયા સ્થળે આગામી ઓક્ટોબર માસ સુધી દર ગુરુ અને શુક્રવારે થેલી બનાવી આપવામાં આવશે. હવે માર્કેટમાં જ્યારે મહિલાઓ શોપિંગ કરવા જશે ત્યારે હાથમાં ઘરના સભ્યોના જીન્સના પેન્ટ કે ટૂંકા પડી ગયેલા ડીઝાઈનર કપડાંમાંથી બનેલી ફેશનેબલ થેલી હશે, ગરિમામય શોપિંગની અનુભૂતિ સાથે પ્લાસ્ટિકમુક્ત અભિયાન પણ સફળ બનશે.

# હવે પ્રાંત અધિકારીશ્રી ખેડૂત ખાતેદારની રેકર્ડ ચકાસણી કરી ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર આપશે

। વડોદરા, તા.૧૮ ।
હવેથી વડોદરા જિલ્લામાં ખેતીની જમીન વેચાણના કિસ્સામાં તેમજ જમીન સંપાદનના કિસ્સામાં પ્રાંત અધિકારી ખેડૂત ખાતેદારને ખેડૂત પ્રમાણપત્ર આપશે. કારણ કે, વડોદરા કલેક્ટરશ્રી અનિલ ધામેલિયાએ હુકમ કરીને ઉપરોક્ત બંને કિસ્સામાં બિનખેડૂત થયેલ ખેડૂત ખાતેદારના મૂળભૂત ખેડૂત ખાતેદારની રેકર્ડ ચકાસણી કરી ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર આપવાનો કલેક્ટરશ્રીનો અધિકાર પ્રાંત અધિકારીને સુપ્રત કર્યો છે.

મહત્વનું છે કે, ખેતીની જમીન વેચાણના કિસ્સામાં તેમજ જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત ખાતેદારને ખેડૂત પ્રમાણ પત્ર આપવાની જોગવાઈ છે અને તે મુજબ જરૂરી કાર્યવાહી કરી વેચાણના કિસ્સામાં પ્રમાણપત્ર મળ્યા બાદ જમીન ખરીદવાની સમય મર્યાદા બે વર્ષ કરવામાં આવી છે. તેમજ જમીન સંપાદનમાં જમીન ગુમાવનાર ખેડૂતનો દરજ્જો ચાલુ રાખવા ખેડૂત પ્રમાણપત્ર મળ્યા તારીખથી ત્રણ વર્ષની સમયમર્યાદાનો અધિકાર સરકારશ્રીના મહેસૂલ વિભાગ દ્વારા જિલ્લા કલેક્ટર શ્રીને સુપ્રત કરવામાં આવ્યો છે. પરંતુ, વડોદરા કલેક્ટરશ્રીએ આ અધિકાર પ્રાંત અધિકારીશ્રીઓને સુપ્રત કર્યાનો હુકમ કર્યો છે.

# મલેશિયન સફેદ જાંબુનો સફળ પ્રયોગ વડોદરાની ધરતી પર, બજારમાં વેચાય છે ૪૦૦ રૂપિયે કિલો..



। વડોદરા, તા.૧૮ ।
વડોદરા નજીક આવેલ કરજણ તાલુકાના વેમાર ગામની ધરતી સાથે પ્રેમપૂર્વક સંવાદ કરતા એક પ્રાયોગિક ખેડૂત રાકેશભાઈ પટેલ, આજના સમયમાં આધુનિક ખેતીના અનોખા પ્રતીક બની રહ્યા છે. મૂળથી એન્જિનિયર અને વ્યવસાયે કુદરતી ખેતીમાં સતત સંશોધક તરીકે ઓળખાતા રાકેશભાઈએ ટેકનોલોજીથી ખેતી સુધીનો અવકાશ પાર કરીને એ વાત સાબિત કરી છે કે ધરતી સાથેનો સંબંધ જ્યાં હૃદયથી હોય ત્યાં સફળતા તો નિશ્ચિત છે.

રાકેશભાઈ પટેલ પોતાના ૪૫ એકર વિસ્તારના ખેતરમાં વિવિધ પ્રકારના ફળોની ખેતી કરે છે — કેરી, પપૈયા, લાલ કેળા, ચીકુ, તરબૂચ, સરગવો, મોસંબી, જામફળ તેમજ દુર્લભ લોગન અને સફરજન જેવા ફળો (મલ્ટીક્રોપ). પરંતુ હાલમાં તેમની સૌથી વધુ ચર્ચામાં રહેલી અને સૌની નજર ખેંચી લેનાર ખેતી છે — ‘‘સફેદ જાંબુની’’. તદુપરાંત ગૌશાળામાં ૧૮ ગાય છે, જેનાથી તેઓને ગાય આધારિત ખેતી કરવામાં સરળતા રહી.

**મલેશિયાથી લાવેલા દુર્લભ સફેદ જાંબુ : વેમારથી દુબઈ સુધીનો સફર**

ચાર વર્ષ અગાઉ મલેશિયા પ્રવાસ દરમિયાન રાકેશભાઈએ ત્યાંના એક અનોખા પ્રકારના સફેદ જાંબુ જોઈ અને તરત જ વિચારી લીધું — ‘‘આ તો મારી ધરતી પર પણ ઉગાડી શકાય!’’ તેઓ ૧૬ રોપા લાવ્યા અને કુદરતી પદ્ધતિથી પોતાના ખેતરમાં તેની શરૂઆત કરી. આજે સળંગ બીજા વર્ષે તેઓએ ૧૨ વૃક્ષોમાંથી ઊપજ મેળવી રહ્યા છે — જે દુબઈ, મુંબઈ અને સુરતના માર્કેટ સુધી પહોંચી છે.

સફેદ જાંબુની વિશિષ્ટતા એ છે કે તેનો સ્વાદ શરૂમાં મીઠો અને અંતે ઝળહળતો તીખાશવાળો હોય છે — એક અનોખા રસના સંગમ જે ભારતીય બજારમાં સરળતાથી જોવા મળે નહીં. આજની તારીખે તેનું વેચાણ દર કિલોગ્રામે રૂા. ૪૦૦ ના ભાવે થાય છે, જે ખેડૂત માટે નફાકારક સાબિત થયું છે.

રાકેશભાઈ કહે છે, ‘‘ગયા વર્ષે ૭૫ કિલો ઉપજ મળી હતી અને આ વર્ષે આશા છે કે દરેક ઝાડ પરથી લગભગ ૨૦ કિલો મળશે.’’ આ ફળ માત્ર સ્થાનિક બજાર સુધી મર્યાદિત નહીં રહી, વિદેશી નિકાસમાં પણ તેનું સ્થાન મળવું એ પોતાનામાં એક મોટી સિદ્ધિ ગણાય.

**લાલ કેળા અને થાઈલેન્ડની ફળજાતો સુધી પહોંચ**

રાકેશભાઈએ લાલ કેળાની પણ ગતવર્ષે સફળ ખેતી કરી હતી — જે દક્ષિણ ભારતની ખાસ જાત છે. તેમણે તેના ટીશ્યૂ કલ્ચર વડે એક એકર જમીનમાં ઉત્પન્ન કર્યા હતા.

તે ઉપરાંત તેઓ થાઈલેન્ડથી લાવેલી જેકફૂટની જાત તેમજ પાઈપલાઈનમાં રહેલી બ્લુબેરી, દ્રાક્ષ જેવી જાતો પણ અજમાવી રહ્યા છે. તેમનું કહેવું છે, ‘‘પ્રત્યેક વર્ષ હું કંઈક નવું અજમાવું છું. કુદરતી ખેતીમાં જે આનંદ છે તે કોઈ અન્ય ખેતી પદ્ધતિમાં નથી.’’

**મધમાખીઓથી લઈને નેપિયર ઘાસ સુધી**

કુદરતી ખેતી સાથે સાથે રાકેશભાઈએ મધમાખી પાલન પણ શરૂ કર્યું છે. ખાસ કરીને ટ્રાયગોના જાતિ, જે ડંખ વગરની છે અને તેનું મધ રૂા. ૪૫૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાય છે. તેઓના ખેતરમાં વપરાતા ત્રણ જાતના નેપિયર ઘાસ પશુઓના ચારામાં ઉપયોગી છે.

રાકેશભાઈનું ખેડૂત જીવન માત્ર ઉગાડવાની પ્રક્રિયા નથી — એ તો ધરતી અને મનુષ્ય વચ્ચેનું એક સંતુલિત સંબંધ છે. એ કૃષિમાં પ્રયોગ કરે છે, પરંપરાને નવતરતા સાથે જોડે છે અને ગ્રાહકોને આરોગ્યદાયક અને શુદ્ધ ખોરાક આપી સમાજમાં પોતાનું એક ખાસ સ્થાન બનાવે છે. તેમના પુત્ર તપસ્વી પટેલ પણ હવે ખેતીમાં જોડાઈ ચૂક્યા છે — જે દર્શાવે છે કે આ સંવાદ હવે એક પેઢીથી બીજી પેઢી સુધી આગળ વધી રહ્યો છે.

રાકેશભાઈ પટેલનો સફેદ જાંબુ તરફનો અભિગમ એ અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ છે, જ્યાં એક એન્જિનિયર પોતાની ધરતી સાથેનો સંબંધ શોધે છે અને એ સંબંધ દ્વારા દેશ અને વિદેશના બજાર સુધી પોતાની ઓળખ બનાવે છે. જ્યારે થતી હોય અનોખી ખેતી — ત્યારે ઊગે છે સફળતાની સફેદ પાંખો જેવા સફેદ જાંબુ.

# બેંચમાર્ક ડિસેબલિટી ધરાવતા વિદ્યાર્થીઓ માટે મફત કોચિંગ યોજના

। સાબરકાંઠા, તા.૧૮ ।
ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ (DEPwD) દ્વારા બેંચમાર્ક ડિસેબલિટી ધરાવતા એટલે કે ઓછામાં ઓછી ૪૦% દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે મફત કોચિંગ યોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજના અંતર્ગત આવા પાત્ર વિદ્યાર્થીઓને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ્સ (NIs), કોમ્પોઝિટ રિજનલ સેન્ટર્સ (CRCs) અને પસંદગી ધરાવતી કેન્દ્રીય તથા રાજ્ય યુનિવર્સિટીઓ મારફતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ વ્યાવસાયિક અને ટેક્નિકલ કોર્સીસ માટે પ્રવેશ મેળવવા માટે જરૂરી માર્ગદર્શન તેમજ તૈયારી કરાવવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રસિદ્ધ જાહેરાત મુજબ આ યોજના અંતર્ગત એવા દિવ્યાંગ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવશે જેમના પરિવારમાં વાર્ષિક આવક રૂ. ૮ લાખથી ઓછી છે. આ પહેલનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ વ્યાવસાયિક અભ્યાસક્રમોની તૈયારી માટે સમર્થ બનાવવાનો છે.

યોજનાના અમલ હેઠળ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની આર્થિક સહાય આપવામાં આવશે. જેમાં કોર્સના ધોરણ અનુસાર રૂ. ૪૦૦૦૦થી રૂ. ૭૫૦૦૦સુધીની કોચિંગ ફી આપવામાં આવશે. દર મહિને રૂ. ૪૦૦૦ જેટલું સ્ટાઈપેન્ડ અથવા મેન્ટેનન્સ ભથ્થું મળશે.

# છેલ્લા ૨૪ કલાક દરમિયાન બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સૌથી વધુ ૭.૫ ઇંચ જેટલો વરસાદ વરસ્યો

। વડોદરા, તા.૧૮ ।
નૈઋત્ય ચોમાસાના આગમન સાથે જ રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૨૭ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદની શરૂઆત થઈ છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સૌથી વધુ ૭.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં ૬ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. અન્ય તાલુકાઓની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં બોટાદ તાલુકામાં, સુરેન્દ્રનગરના મુળી અને જામનગરના જોડિયા તાલુકામાં ૫ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. સુરેન્દ્રનગરના થાનગઢ તેમજ ભાવનગરના ઉમરાળા અને વલ્લભીપુર તાલુકામાં પણ ૪ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમને મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો, પણ તમારી પ્રેમ અને સારસંભાળ ધરાવતા લોકોને તમારી વાણીથી નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે લાભદાયક દિવસ રહેશે તમારા માટે અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારો સ્વભાવ તમને કોઈની જોડે ઝઘડો કરાવી સંબંધો પર કાયમી અસર પાડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. તમારૂં પ્રિયપાત્ર તમારી પાસેથી ભેટ-સોગાદો ઉપરાંત તમારા સમયની પણ અપેક્ષા રાખશે.

**તુલા (ર,ત) :**
આજે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. રૉમાન્સ માટેની તકો દેખીતી છે-પણ તેનું આયુષ્ય ટૂંકું હશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. રહેવાના સ્થળમાં પરિવર્તન ખાસ્સું મંગલકારી પુરવાર થશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો. તમે જે કંઈ કામ કરો છો તેનું શ્રેય બીજાને ન લેવા દેતા.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે. તમારા ગ્રહો આજે તમને અસાધારણ શક્તિઓ આપશે-આથી લાંબા ગાળાના લાભ માટે મહત્વના તથા નિર્ણાયક હોય એવા નિર્ણયો લઈ લો.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતીય કોર્પોરેટ કાયદા સેવા, સંરક્ષણ એરોનોટિકલ ગુણવત્તા ખાતરી સેવા અને કેન્દ્રીય શ્રમ સેવાના પ્રોબેશનર્સ સાથે મુલાકાત કરી.

## આગામી WTCમાં ચાર દિવસની ટેસ્ટ મેચ યોજવાની આઇસીસીની તૈયારી




। (એજન્સી) લંડન, તા.૧૮ ।

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ ૨૦૨૭-૨૦૨૯ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાઈકલમાં નાના દેશો માટે ચાર દિવસીય ટેસ્ટના આયોજન માટે તૈયારી દર્શાવી છે. જે ભારત. ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ પરંપરાગત પાંચ દિવસની ટેસ્ટ રમી શકશે. તેમ આઈસીસીએ જાહેર કર્યું હતું. આ પગલાંથી દરેક ટેસ્ટમાં એક દિવસ બચી જશે અને તેનાથી સ્પર્ધામાં વધારો થવા ઉપરાત આ પ્રકારના દેશો વધુ ટેસ્ટ અને સિરીઝ રમી શકશે. એક અહેવાલ મુજબ લોર્ડ્ઝ ખાતે ગયા સપ્તાહે રમાયેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ દરમિયાન આ મુદ્દા પર ચર્ચા થઈ હતી અને તે દરમિયાન આઈસીસીના ચેરમેન જય શાહે ચાર દિવસીય ટેસ્ટને સહકાર આપવા અગેં પ્રતિસાદ આપ્યો હતો તેમ મનાય છે. જોકે આ મંજૂરી તાત્કાલિક નહીં પરંતુ ૨૦૨૭થી ૨૦૨૯ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની સાઈકલ વખતે આપી શકાય તેમ છે.ઈંગ્લેન્ડના એક દૈનિકના અહેવાલ મુજબ આ ફેરફાર ભારત, ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ પર લાગું પડશે નહીં અને તેમને પાંચ દિવસની ટેસ્ટ રમવાની મંજૂરી અપાશે. જેમાં એશિઝ, બોર્ડર-ગાવસ્કર ટ્રોફી અને એન્ડરસન-તેંડુલકર ટ્રોફી સામેલ હશે. એન્ડરસન-તેંડુલકર ટ્રોફી આ સપ્તાહથી ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે લીડ્ઝ ખાતે શરૂ થઈ રહેલી ટેસ્ટ સિરીઝથી અમલી બનશે.અગાઉ આઈસીસીએ ૨૦૧૭માં ઇંગ્લેન્ડ અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાયેલી ટેસ્ટ સિરીઝમાં ચાર દિવસની ટેસ્ટને મંજૂરી આપી હતી. ગયા મહિને ટ્રેન્ટ બ્રિજ ખાતે ઈંગ્લેન્ડની ટીમ ઝિમ્બાબ્વે સામે ચાર દિવસની ટેસ્ટ રમ્યું હતું અને તે અગાઉ ૨૦૧૯ અને ૨૦૨૩માં તે આયર્લેન્ડ સામે પણ ચાર ચાર દિવસની ટેસ્ટ રમ્યું હતું. અહેવાલ મુજબ ઘણા નાના દેશો ટેસ્ટ મેચ યોજતા ખચકાટ અનુભવે છે કેમ કે તેમાં તેમનો સમય અને ખર્ચ વધી જાય છે પરંતુ ચાર દિવસીય ટેસ્ટનું આયોજન થાય તો તેઓ ત્રણ સપ્તાહથી ઓછા સમયમાં ત્રણ ટેસ્ટની સિરીઝ રમી શકે તેમ છે. ચાર દિવસની ટેસ્ટમાં રમતના કલાકો વધારી શકાય છે અને હાલના ૯૦ ઓવરના નિયમને બદલે તેમાં દિવસમાં ૯૮ ઓવર ફરજિયાત કરી શકાય છે.તાજેતરમાં સાઉથ આફ્રિકાનો કાર્યક્મ લંબાઈ ગયો હતો અને તેને લાંબા સમય સુધી રમવું પડ્યું હતું. આમ છતાં તેણે અંતે વર્લ્ડ ટેસ્ટ ટાઈટલ જીત્યું હતું. સાઉથ આફ્રિકાનો મુદ્દો આઈસીસીની બેઠક દરમિયાન ચર્ચાયો હતો.જોકે આ સપ્તાહથી શરૂ થઈ રહેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ૨૦૨૫-૨૦૨૭ની સાઈકલ નિયત કાર્યક્રમ મુજબ જ પાંચ દિવસની ટેસ્ટ સાથે યોજાશે. મંગળવારે શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે ગોલ ખાતે શરૂ થયેલી ટેસ્ટ સાથે નવી સાઈકલનો પ્રારંભ થયો છે. ભારત તેની આ સાઈકલનો પ્રારંભ ૨૦મી જૂનથી ઈંગ્લેન્ડ સામે રમીને કરશે.નવી સાઈકલમાં બધું મળીને ૭૧ ટેસ્ટ અને ૨૭ સિરીઝ રમાશે અને તેમાં ૧૭ સિરીઝ બે ટેસ્ટની રહેશે જ્યારે એવી છ સિરીઝ રહેશે જેમાં બે ટીમ ત્રણ ત્રણ ટેસ્ટ રમશે.

## જી-૭ દેશોનું ઇઝરાયલને સમર્થન, ઈરાનને આતંકનો સ્ત્રોત ગણાવ્યો

। (એજન્સી) કેનાનાસ્કીસ (કેનેડા), તા.૧૮ ।

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના હવાઈ યુદ્ધ વચ્ચે કેનેડામાં જી-સેવન દેશોએ એક સંયુક્ત નિવેદન જારી કરીને ઈઝરાયેલને સમર્થન જારી કર્યું હતું તથા ઈરાનને મધ્યપૂર્વમાં અસ્થિરતા અને આતંકનો સ્રોત ગણાવ્યો હતો. નિવેદનમાં બંને દેશોને તંગદિલમાં ઘટાડો કરવાની હાકલ કરીને ભારપૂર્વક જણાવાયું હતું કે ઈરાનને અણુ બોંબની પરવાનગી આપી શકાય નહીં. નિવેદનમાં જણાવાયું હતું કે નેતાઓ મધ્યપૂર્વમાં શાંતિ અને સ્થિરતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુનરુચ્ચાર કરે છે.

આ સંદર્ભમાં અમે ખાતરી આપીએ છીએ કે ઇઝરાયલને પોતાનો બચાવ કરવાનો અધિકાર છે. અમે ઈઝરાયલની સુરક્ષા માટે અમારા સમર્થનનો પુનરુચ્ચાર કરીએ છીએ. અમે નાગરિકોના રક્ષણના મહત્વને પણ સમર્થન આપીએ છીએ. ઈરાન પ્રાદેશિક અસ્થિરતા અને આતંકનો મુખ્ય સ્રોત છે. અમે સતત સ્પષ્ટ રહ્યાં છીએ કે ઈરાન ક્યારેય પરમાણુ હથિયાર રાખી શકે નહીં.વિશ્વની આ




આર્થિક શક્તિશાળી દેશોના નેતાઓ વધુમાં જણાવ્યું હતું કે અમે ઈરાન કટોકટીના ઉકેલ તથા ગાઝામાં યુદ્ધવિરામ સહિત મધ્યપૂર્વમાં તંગદિલીમાં પણ ઘટાડાનો અનુરોધ કરીએ છીએ.

અમે આંતરરાષ્ટ્રીય ઉર્જા બજારો પર પ્રત્યે સતર્ક રહીશું અને બજાર સ્થિરતાને સુરક્ષિત રાખવા માટે સમાનવિચારધારા ધરાવતા ભાગીદારો સહિત સંકલન કરવા તૈયાર રહીશું. જી-સેવન સમીટ અધવચ્ચે છોડી દેતા પહેલા ટ્રમ્પે અન્ય નેતાઓ સાથે મળીને એક નિવેદન જારી કરીને જણાવ્યુ હતું કે ઈરાન ક્યારેય પરમાણુ હથિયાર રાખી શકે નહીં અને ગાઝામાં યુદ્ધવિરામ સહિત મધ્ય પૂર્વમાં સંઘર્ષમાં ઘટાડો કરવાની જરૂર છે.મધ્યપૂર્વમાં તંગદિલીને વચ્ચે અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પજી-સેવન સમીટને અધવચ્ચે છોડીને અમેરિકા રવાના થયાં હતાં. આની સાથે ટ્રમ્પે તેહરાન તાત્કાલિક ખાલી કરવાની પણ ચેતવણી આપી હતી. ટ્રમ્પે જણાવ્યું હતુ કે મારે પાછા આવવું પડશે, ખૂબ જ મહત્વપૂર્ણ કામ છે. યુએસ નેતાએ જાહેરાત કરી હતી કે તેહરાનને તાત્કાલિક ખાલી કરાવવું જોઈએ. તેમણે આની સાથે સાથે હિંસા રોકવા માટેના સમજૂતી અંગે આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો. શિખર સંમેલનમાં ટ્રમ્પે ચેતવણી આપી હતી કે તેહરાનને ખૂબ મોડું થાય તે પહેલાં તેના પરમાણુ કાર્યક્રમને નિયંત્રિત કરવાની જરૂર છે. ઈરાની નેતાઓ વાત કરવા માંગે છે, પરંતુ તેમની પાસે તેમની પરમાણુ મહત્વાકાંક્ષાઓ પર કરાર પર કરવા માટે ૬૦ દિવસનો સમય હતો અને ઇઝરાયલી હવાઈ હુમલો શરૂ થાય તે પહેલાં તેઓ આમ કરવામાં નિષ્ફળ ગયા છે.

## દિવંગત કમિશનરના દીકરાને નહીં મળે નોકરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

સુપ્રીમ કોર્ટે રહેમરાહે મળતી સરકારી નોકરી પર મોટો મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. આજે મંગળવારે સુપ્રીમ કોર્ટે એકથી વધુ ઘર અને અનેક એકર જમીન ધરાવતા એક યુવકને પિતાના નિધન બાદ સરકારી નોકરી આપવાનો ઈનકાર કર્યો છે. અરજદારે પોતાના પિતાનું ચાલુ સરકારી નોકરીએ નિધન થતાં રહેમરાહે નોકરી આપવા અરજી કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે આ અરજી ફગાવતા કહ્યું કે, સત્તાવાર ધોરણે તમે રહેમરાહે નોકરી મેળવવાના હકમાં નથી. તેમજ આવી નિમણૂક માટે ઉમેદવારોના જરૂરી માપ દંડોનું અનુસરણ કરવુ અનિવાર્ય છે. મીડિયા રિપોર્ટ અનુસાર, કોર્ટે અરજદાર રવિકુમાર જેફના પિતા સેન્ટ્રલ એક્સાઈઝમાં પ્રિન્સિપલ કમિશનર હતા. તેમનું ઓગસ્ટ ૨૦૧૫માં અવસાન થયું હતું. જેથી તેમના દિકરા રવિએ CGST અને સેન્ટ્રલ એક્સાઈઝ (જયપુર ઝોન) રાજસ્થાનમાં ચીફ કમિશનરના કાર્યાલયમાં રહેમરાહે નોકરીની માંગ કરી છે. જસ્ટિસ ઉજ્જ્વલ ભુઈયાં અને જસ્ટિસ મનમોહને આ અરજી ફગાવી દીધી હતી. અરજદારના પિતા પાસે બે ઘર, ૩૩ એકર જમીન અને ૮૫ હજાર રૂપિયા માસિક પેન્શન જેવી સંપત્તિ પુત્ર માટે મુકતા ગયા છે. જેથી અગાઉ રાજસ્થાન હાઈકોર્ટ અને સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ દ્વારા રહેમરાહે નિમણૂક માટેની રવિની અરજી ફગાવી દેવામાં આવી હતી.

### ખોમેનીએ કહ્યું-યહૂદી શાસન પર કોઈ દયા નહીં રાખીએ

## ઈરાને ઈઝરાયલ સામે સત્તાવાર રીતે યુદ્ધની ઘોષણા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ઈરાની સુપ્રીમ લીડર ખોમેનીએ કહ્યું- યુદ્ધ શરૂ:યહૂદી શાસન પર કોઈ દયા નહીં રાખીએ, ઈઝરાયલ પર મિસાઈલ એટેક ચાલુઈરાને ઈઝરાયલ સામે સત્તાવાર રીતે યુદ્ધની ઘોષણા કરી છે. ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીએ બુધવારે X પર લખ્યું - હૈદરના નામે યુદ્ધ શરૂ થાય છે. અમે આતંકવાદી યહૂદી શાસનને કડક જવાબ આપીશું. અમે તેમના પર કોઈ દયા નહીં બતાવીએ. આ પછી, ઈરાન તરફથી ઈઝરાયલ પર ૨૫ મિસાઈલ છોડવામાં આવી.બીજી તરફ, કેનેડાથી પરત ફર્યા બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે રાષ્ટ્રીય સુરક્ષા ટીમ સાથે બેઠક યોજી હતી. આ પછી, અમેરિકાએ મધ્ય પૂર્વમાં વધુ ફાઈટર



જેટ મોકલવાનો નિર્ણય લીધો. અગાઉ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ખૂબ સારી રીતે જાણે છે કે સુપ્રીમ લીડર ક્યાં છુપાયેલા છે. તેમના સુધી પહોંચવું ખૂબ જ સરળ છે, પરંતુ અમે તેમને હમણાં મારીશું નહીં. ઘણા મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકા ઈરાનના ફોર્ડો ન્યુક્લિયર સેન્ટર પર બંકર-બસ્ટર બોમ્બથી હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે.છેલ્લા ૫ દિવસ દરમિયાન ઈઝરાયલી હુમલાઓમાં અત્યાર સુધીમાં ૨૨૪ ઈરાનીઓ માર્યા ગયા છે, જ્યારે ૧,૪૮૧ લોકો ઘાયલ થયા છે. આ દરમિયાન, ઈઝરાયલમાં અત્યાર સુધીમાં ૨૪ લોકો માર્યા ગયા છે, જ્યારે ૬૦૦ થી વધુ ઘાયલ થયા છે.યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર નજર રાખવા માટે એક ટાસ્ક ફોર્સ બનાવી રહ્યું છે. અમેરિકાએ એક ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે, જેમાં કોઈપણ અમેરિકનને ઈરાનની મુસાફરી ન કરવા જણાવ્યું છે.આ ઉપરાંત, ઈઝરાયલ અને ઈરાકની મુસાફરી કરતી વખતે પણ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. જો પરિસ્થિતિ વધુ વણસે તો આ ટાસ્ક ફોર્સ અમેરિકન રાજદ્વારી કર્મચારીઓ અને પશ્ચિમ એશિયા ક્ષેત્રના સામાન્ય નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાની રણનીતિ પર કામ કરશે.

### આજનો દિવસ પણ ભારે, લોકોને ઘરમાં રહેવા અપીલ

## દિલ્હીમાં વરસાદથી જળબંબાકાર ટ્રાફિકજામ, અનેક ફ્લાઇટ ડાયવર્ટ

### દિલ્હી-એનસીઆરમાં વરસાદ બાદ રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા, જેના કારણે લોકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ઘણા દિવસોની ગરમી બાદ દિલ્હી - એનસીઆરમાં ભારે વરસાદ પડ્યો હતો. એક તરફ વરસાદથી લોકોને ગરમીથી રાહત મળી તો બીજી તરફ રસ્તાઓ પર લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. દિલ્હી એનસીઆરમાં વરસાદ બાદ રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા. જેના કારણે લોકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત, ઘણી જગ્યાએ ટ્રાફિક જામ પણ જોવા મળ્યો હતો. દિલ્હી-એનસીઆરમાં વરસાદ બાદ રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા, જેના કારણે લોકોને



અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો તેમજ પ્રતિકૂળ હવામાનને કારણે દિલ્હી એરપોર્ટ પર ૧૨ ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી હતી. ધોધમાર વરસાદને કારણે દિલ્હી કેન્ટોનમેન્ટ નજીકના અંડરપાસ, ઝાખીરા અંડરપાસ, પુલ પ્રહલાદપુર, ITO અને દિલ્હી નજફગઢ રોડ અને દિલ્હી રોહતક રોડ જેવા અનેક વિસ્તારોમાં ઘૂંટણ સુધી પાણી ભરાયા હતા. ભારતીય હવામાન વિભાગ (IMD) આજ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જેમાં હળવાથી મધ્યમ વરસાદ અને ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન અને ગાજવીજ સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. સાવચેતીના ભાગરૂપે લોકોને ઘરની અંદર રહેવાની અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપ વામાં આવી છે.

### એક હથિયાર મળ્યું, બીજું ખીણમાં ફેંક્યાની આશંકા

## હનીમૂન મર્ડર : રાજાની હત્યામાં બે હથિયાર વપરાયાં, 3 હુમલા થયાં

### પૂર્વ ખાસી હિલ્સના પોલીસ અધિક્ષક, વિવેક સૈયમે જણાવ્યું હતું કે ક્રાઈમ સીનનું રીક્રીએશન કર્યા પછી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

રાજા રઘુવંશી હત્યા કેસમાં એક પછી એક ઘણા ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. હવે આ કેસમાં એક ચોંકાવનારું અપડેટ આવ્યું છે કે,રાજાનીહત્યામાંએકનહીંપણબેહથિયારોનોઉપયોગ કરવામાં આવ્યો હતો. મંગળવારે પોલીસે તમામ આરોપી ઓને સાથે રાખીને ક્રાઈમ સીનનું રીક્રીએશન કર્યું હતું. પૂર્વ ખાસી હિલ્સના પોલીસ અધિક્ષક, વિવેક સૈયમે જણાવ્યું હતું કે ક્રાઈમ સીનનું રીક્રીએશન કર્યા પછી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. મેઘાલય પોલીસની SIT તપાસ મુજબ રાજા રઘુવંશીની હત્યા માટે વપરાયેલા હથિયાર પૈકી એક મળી આવ્યું છે. જે આરોપી ઓએ ગુવાહાટીથી ખરીદ્યું હતું. બીજા હથિયારની શોધ ચાલુ છે. જે ખીણમાં ફેંકી દીધા હોવાનું મનાઈ રહ્યું છે.પોલીસે ઉમેર્યું કે, આરોપીઓએ આ કેવી રીતે કર્યું તે ફરીથી દર્શાવવા માટે SITએ ઘણી જગ્યાઓની મુલાકાત લીધી હતી. અમે પાર્કિંગથી શરૂઆત કરી જ્યાં તેઓએ તેમના ટુ-વ્હીલર રાખ્યા હતા. અમે વ્યુપોઈન્ટ પર ગયા અને હત્યા પહેલા કોણ ક્યાં ઊભું હતું તે શોધી કાઢ્યું હતું. રાજા પર એક-બે નહીં પરંતુ ત્રણ હુમલાની વાત પણ સામે આવી છે. જેમાં પહેલો વિશાલ, બીજો આનંદ અને છેલ્લો આકાશે કર્યો હતો. રાજા પરના હુમલા દરમિયાન સોનમ ઘટનાસ્થળેથી દૂર ખસી ગઈ હતી અને બાદમાં રાજાનો મૃતદેહ ખાડીમાં ફેંકી દેવાયો હતો. આ હનીમૂન મર્ડર કેસમાં રાજાની પત્ની સોનમ સહિત કુલ પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અન્ય ચાર આરોપીઓમાં આકાશ રાજપૂત, વિશાલ સિંહ ચૌહાણ, રાજ સિંહ કુશવાહા અને આનંદ સામેલ છે.

### નિકાહના આગલા દિવસે ભાવિ પતિને મોત મળ્યું

## યુપીમાં યુવતીએ આશિકની મદદથી નિકાહ પહેલાં મંગેતરની હત્યા કરાવી

### પોલીસે હત્યાનો ખુલાસો કરીને પ્રેમી અને એક અન્ય આરોપીની ધરપકડ કરી

। (એજન્સી) રામપુર, તા.૧૮ ।

મેરઠની મુસ્કાન અને મધ્યપ્રદેશન ઈન્દોરની સોનમ રઘુવંશી દ્વારા પોતાના જ પતિની હત્યા કરાવવાની ઘટનાથી આખો દેશ સ્તબ્ધ છે. આ દરમિયાન હવે યુપીના રામપુરમા તેનાથી વધુ ક્રૂર હત્યાનો મામલો સામે આવ્યો છે. અહીં ભોટ વિસ્તારના ધનુપુરા ગામની રહેવાસી ગુલફશાંએ નિકાહના એક દિવસ પહેલા જ મંગેતર નિહાલ (૨૫)નું પોતાના પ્રેમી સદ્દામની મદદથી અપહરણ કરાવીને હત્યા કરાવી દીધી છે. પોલીસે હત્યાનો ખુલાસો કરીને ગુલફશાંના પ્રેમી અને એક અન્ય આરોપીની ધરપકડ કરી છે, પરંતુ નિહાલના પરિવારજનોએ ગુલફશાંની ત્વરિત ધરપકડની માંગ કરી છે. શહેરના મોહલ્લા ગૂજર ટોલા સ્થિત ફકીરોવાળા ફાટકના રહેવાસી નિહાલનો મૃતદેહ અજીમનગર નજીકના રતનપુરા ગામના જંગલોમાંથી મળી આવ્યો છે. આ હત્યાકાંડ પછી પીડિતના પરિવારજનોમાં માતમ પ્રસરી ગયો છે. આ ઘટના પાછળ પરિવારજનોએ પોલીસને જે ફરિયાદ આપી, તેનાથી સૌ સ્તબ્ધ થઈ ગયા છે. મૃતકના ભાઈ નાયબે સીધી રીતે નિહાલના થનાર પત્ની ગુલફશાંને નિહાલની



હત્યા માટે દોષિત ગણાવી છે. નાયબે જણાવ્યું કે પોતાના ભાઈ નિહાલ રસોઈનું કામ કરતો હતો. તેની લગ્ન ધનુપુરા ગામની ગુલફશાં સાથે નક્કી થયા હતા. આ સગાઈ છ મહિના પહેલા થઈ હતી. નાયબનું કહેવું છે કે ૧૫મી જૂને લગ્નની તારીખ નક્કી થઈ હતી. જાન માટે તૈયારી થઈ રહી હતી. નિકાહના કાર્યક્રમ શરૂ થઈ ગયા હતા.આ દરમિયાન ૧૪મી જૂને એક યુવકે નિહાલને ફોન કરીને ખુદને ગુલફશાંનો ભાઈ ગણાવીને એમ કહીને બોલાવ્યો કે તેના કપડાંનું માપ લેવાનું છે. ત્યાર પછી નિહાલ એ યુવકના બાઈક પર બેસીને ગયો હતો. પછી નિહાલ પરત ફર્યો નહીં. નાયબનું કહેવું છે કે પરિવારના લોકોએ નિહાલની ખૂબ તપાસ કરી, પરંતુ જ્યાં કયાંક પણ નિહાલની ભાળ મળી નહીં એટલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

### ચીનમાં ઓઈલની માંગ ૨૦૨૪માં રોજના ૧.૬૬ કરોડ બેરલ હતી

## ભારતમાં ૨૦૩૦ સુધીમાં ઓઈલની માંગ રોજના ૧૦ લાખ બેરલ વધશે : IEA

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)એ મંગળવારે કહ્યું હતું કે ભારતનું અર્થતંત્ર સતત વિસ્તરી રહ્યું છે જેને પગલે ૨૦૩૦ સુધીમાં તેની ઓઈલની માંગમાં રોજના ૧૦ લાખ બેરલનો ઉમેરો થશે અને તેને કારણે જ વૈશ્વિક સ્તર પર ઓઈલની માંગમાં વૃદ્ધિ જોવાશે. ભારત વિશ્વનો ત્રીજા ક્રમનો સૌથી વધુ ઓઈલ વપરાશ અને આયાત કરતો દેશ છે. આઈઈએએ તેના લેટેસ્ટ રિપોર્ટમાં કહ્યું હતું કે ૨૦૩૦ સુધીમાં વિશ્વમાં ઓઈલની માંગ રોજના ૨૫ લાખ બેરલ વધીને રોજના ૧૦.૫૫ કરોડ બેરલ થશે તેવો અંદાજ છે. કોઈ મોટા ડિસરપ્શન ન આવે તો ઓઈલ માર્કેટમાં ઓઈલનો સપ્લાય પણ રાબેતા મુજબનો રહેશે. છતાં મધ્યપૂર્વમાં ભૌગોલિક-રાજકીય જોખમો અને ટ્રેડ ટેન્શનને કારણે આઉટલૂક પર અસર થઈ શકે છે. રિપોર્ટ અનુસાર ભારતમાં ક્રૂડ ઓઈલની માંગ ૨૦૨૪માં રોજના ૫૬.૪ લાખ બેરલ છે, જે વધીને ૨૦૩૦ સુધીમાં ૬૬.૬ લાખ બેરલ થશે તેવો અંદાજ છે. આમ, તેમાં રોજના ૧૦ લાખ બેરલ જેવો ઉમેરો થશે તેવો અંદાજ છે. અન્ય કોઈપણ દેશની માંગમાં રોજની આટલી માંગ નહીં વધે. સ્થાનિક સ્તર પર ભારતમાં ઓઈલનું ઉત્પાદન ઘટી રહ્યું છે ત્યારે મોટાભાગની માંગ આયાતથી જ પૂરી કરવી પડી રહી છે. રિપોર્ટ મુજબ વિશ્વમાં ઓઈલનો સૌથી વધુ વપરાશ કરતા દેશ અમેરિકામાં ઓઈલની માંગ ૨૦૨૪માં અને ૨૦૨૫માં રોજના ૨.૦૪ કરોડ બેરલ હતી જે ઘટીને ૨૦૩૦ સુધીમાં ૨.૦ કરોડ બેરલ થશે તેવો અંદાજ છે. ચીનમાં ઓઈલની માંગ ૨૦૨૪માં રોજના ૧.૬૬ કરોડ બેરલ હતી, જે હાલમાં તો વધી રહી છે અને ૨૦૨૭ સુધીમાં તે ૧.૬૯ કરોડ બેરલ થશે, પરંતુ પછી ઘટવાનું શરૂ થશે અને ૨૦૩૦ સુધીમાં માંગ ૧.૬૬ કરોડ બેરલ રહેશે તેવો અંદાજ છે. આઈઈએના મતે ૨૦૨૫માં સતત ચોથા વર્ષે ભારત વિશ્વમાં સૌથી ઝડપી વૃદ્ધિ કરતું અર્થતંત્ર રહેશે અને આ વર્ષે તે જાપાન કરતાં આગળ નીકળી જશે. તમામ ફ્યૂઅલની માંગ વધશે.

### અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના

# સિવિલ હોસ્પિટલ દ્વારા મૃતદેહોનું એમ્બાલમિંગ અને કોફિન સિલીંગ સર્ટીફીકેટની સુચારૂ વ્યવસ્થા

## કોફિન સિલીંગ સર્ટિફિકેટ અને એમ્બાલમિંગ સર્ટિફિકેટ મૃતદેહનું હવાઈ પરિવહન સરળ બનાવે છે

। અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં તાજેતરમાં બનેલી દુર્ભાગ્યપૂર્ણ છૈં ૧૭૧ વિમાન દુર્ઘટનાના પીડિતોના મૃતદેહોને તેમના વતન પહોંચાડવા માટે સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યંત મહત્વ પૂર્ણ અને કાયદેસરની પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું છે. બી.જે. મેડિકલ કોલેજના ફોરેન્સિક મેડિસિન વિભાગના હેડ, પ્રોફેસર ડૉ. ધર્મેશ પટેલ દ્વારા આ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી છે. તેમણે કહ્યું કે, જે મૃતદેહોને લાંબા અંતરે લઈ જવાના હતા, તેમનું એમ્બાલમિંગ કરવામાં આવ્યું છે. ડૉ. ધર્મેશ પટેલેજણાવ્યુંકે, "એમ્બાલમિંગએ મૃતદેહને લાંબા સમય સુધી સાચવી રાખવાની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. આ એટલા માટે કરવામાં આવે છે જેથી મૃતદેહનું વિઘટન ન થાય અને તેને લાંબા અંતર સુધી, ખાસ કરીને વિદેશમાં, સન્માન પૂર્વક પરિવહન કરી શકાય. આ પ્રક્રિયામાં, મૃતદેહની અંદર એક ખાસ પ્રકારનું રાસાયણિક પ્રવાહી (જેમ કે ફોર્માલ્ડીહાઈડ આધારિત સોલ્યુશન) દાખલ કરવામાં આવે છે. આ રસાયણો મૃતદેહને સડતો અટકાવે છે અને તેને સુરક્ષિત રાખે છે. આ પ્રક્રિયા મૃતદેહને લાંબા સમય સુધી સચવાઈ રહે તે સુનિશ્ચિત કરે છે, જે ખાસ કરીને હવાઈ પરિવહન માટે અનિવાર્ય છે." ડૉ. પટેલે વધુમાં ઉમેર્યું કે, દરેક મૃતદેહને એમ્બાલમિંગ સર્ટિફિકેટ અને કોફિન સિલીંગ સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા છે, જે બંને કાયદેસરના દસ્તાવેજો છે. જ્યારે મૃતદેહને હવાઈ માર્ગે લઈ જવાનો હોય છે, ત્યારે કોફિનમાં મૃતદેહની સાથે મૃતકના અંગત સામાન (બિલોંગિંગ્સ) અને અન્ય વસ્તુઓ પણ રાખવામાં આવે છે. આવા સમયે, આ વસ્તુઓ સાથે રાખવામાં આવી છે તેનું પ્રમાણ પત્ર આપવું જરૂરી બને છે. આ ઉપરાંત, હવાઈ યાત્રા દરમિયાન ઓથોરિટી દ્વારા એમ્બાલમિંગ પ્રમાણપત્ર પણ માંગવામાં આવે છે. આમ, સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા માત્ર મૃતદેહોના પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક તપાસ જ નહીં, પરંતુ તેમને સન્માનપૂર્વક તેમના વતન પહોંચાડવા માટેની તમામ નિયત પ્રક્રિયાઓ અને કાયદાકીય પ્રમાણપત્રો પણ પૂરા પાડવામાં આવ્યા છે.

### ગુજરાતમાં નૈઋત્ય ચોમાસાનું આગમન

# ગુજરાત રાજ્યમાં સરેરાશ ૧૦.૪૬ ટકા વરસાદ વરસ્યો

## છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સૌથી વધુ ૭.૫ ઇંચ જેટલો વરસાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

નૈઋત્ય ચોમાસાના આગમન સાથે જ રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૨૭ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદની શરૂઆત થઈ છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સૌથી વધુ ૭.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં ૬ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

અન્ય તાલુકાઓની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં બોટાદ તાલુકામાં, સુરેન્દ્રનગરના મુળી અને જામનગરના જોડિયા તાલુકામાં ૫ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. સુરેન્દ્રનગરના થાનગઢ તેમજ ભાવનગરના ઉમરાળા અને વલ્લભીપુર તાલુકામાં પણ ૪ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત સુરેન્દ્રનગરના ચુડા, બોટાદના રાણપુર, કચ્છના ગાંધીધામ, બનાસકાંઠાના દિયોદર, અમદાવાદના ધંધુકા, આણંદના બોરસદ અને કચ્છના અંજાર તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૭ તાલુકામાં બે ઈંચથી વધુ, ૪૩ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૧૫૨ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૬ કલાક સુધીમાં રાજ્યમાં સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૧૦.૪૬ ટકા જેટલો નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૧૯.૧૮ ટકા, કચ્છ વિસ્તારમાં ૧૭.૫૫ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૯.૭૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫.૭૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫.૪૫ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે.

બોટાદમાં ખેતરમાં ફસાયેલા ૧૮ ખેત મજૂરોને બચાવાયા હતા. ગઢડાના પીપળીયા ગામે વાડી વિસ્તારમાં ખેત મજૂરો ફસાયા હતા. દ્ગડ્ઢઇહ્લની ટીમે ૧૮ લોકોને બચાવ્યા હતા. સુરેંદ્રનગરના વઢવાણમાં ૪૬ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોનું સ્થળાંતર કરાયું હતું. બોટાદના ગઢડામાં મૂશળધાર વરસાદ બાદ રસ્તાઓ ધોવાયા હતા. રમાઘાટ ડેમ ઓવરફ્લો થતા ઘેલો નદી પરના પુલને નુકસાન થયું છે. પાણીના ધસમસતા પ્રવાહ બાદ પુલ પર ઠેક ઠેકાણે ખાડા પડ્યા હતા.

રાજ્યમાં આગામી ૨૪ કલાક હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામા આવી છે. ૧૧ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

## વડોદરા કોર્પોરેશનમાં એડવાન્સ વેરા વળતર યોજનાનો ૧.૭૭ લાખ લોકોએ લાભ લીધો

। (એજન્સી) વડોદરા, તા.૧૮ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ વેરા વળતર યોજના તા.૧૫ જૂને પૂરી થઈ છે. આ યોજનાનો ૧.૭૭ લાખ લોકોએ લાભ લીધો છે. જેના દ્વારા કોર્પોરેશનને ૧૫૬.૮૧ કરોડની આવક થઈ છે. કોર્પોરેશન દ્વારા એડવાન્સમાં વેરો ભરવા બદલ લોકોને ૯.૬૦ કરોડનું વળતર અપાયું છે. ૧.૭૭ લાખ લોકોમાંથી ૧.૨૮ લાખ લોકોએ ઓનલાઈન અને ૪૯,૦૦૦ લોકોએ ઓફલાઈન વેરો ભરેલો છે. આ યોજના તા.૨૩ એપ્રિલથી અમલમાં મૂકી હતી. આ યોજનામાં રહેણાક મિલકતનો એડવાન્સ વેરો ભરવા બદલ ૧૦% અને કોમર્શિયલ મિલકતમાં ૫% વળતર અપાયું હતું. ઓનલાઈન વેરો ભરવા બદલ એક ટકો વધુ વળતર આપવાનું હોવાથી લોકોએ તેનો વધુ લાભ લીધો છે. ઓનલાઈન વેરો ભરપાઈ થતાં કોર્પોરેશનને ૧૧૭.૨૭ કરોડ અને ઓફલાઈન વેરો ભરવા બદલ ૩૯.૫૪ કરોડ આવક થઈ છે.

### ૧૭૩ વીજ ફીડર બંધ થયા : ૯ પોલ ધરાશાયી

# જામનગર જિલ્લામાં પડેલા વરસાદના કારણે ૪૯ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો

## વીજ તંત્ર દ્વારા ૧૩ ગામમાં રાત્રી દરમિયાન વિજ પુરવઠો શરૂ કરી દેવાયો હતો, જ્યારે બાકીના ૩૬ ગામોમાં અત્યારે સમાર કામની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે

। (એજન્સી) જામનગર, તા.૧૮ ।



જામનગર જિલ્લામાં ગઈકાલે રાત્રે પડેલા પ્રથમ વરસાદના કારણે વિજ તંત્રને પણ અસર થઈ હતી, અને ગઈકાલે ૪૯ ગામમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. કુલ ૧૭૩ વીજ ફીડરો બંધ થયા હતા, જયારે ૯ વિજ પોલ ધરાશાયી થઈ ગયા હતા.

જામનગર જિલ્લામાં ગઈકાલે સાંજથી વરસાદ શરૂ થયો હતો, ત્યારબાદ રાત્રિના સમયગાળા દરમિયાન સમગ્ર જિલ્લાના કુલ ૪૯ ગામમાં પુરવઠો ખોરવાયો હતો. જો કે વીજ તંત્ર દ્વારા ૧૩ ગામમાં રાત્રી દરમિયાન વિજ પુરવઠો શરૂ કરી દેવાયો હતો, જ્યારે બાકીના ૩૬ ગામોમાં અત્યારે સમાર કામની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે, અને એક પછી એક ગામમાં વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવી રહ્યો છે.

સમગ્ર જિલ્લામાં ૧,૧૩૮ ફીડર પૈકી કુલ ૧૭૩ ફીડરમાં પ્રથમ વરસાદ માંજ બંધ થયા હતા જે પૈકીના ૨૧ ફીડર રાત્રે ચાલુ થઈ ગયા હતા, પરંતુ બાકીના ૧૫૨ ફીડર શરૂ કરવા માટે હાલ કામગીરી ચાલી રહી છે. ગઈકાલે રાત્રિ દરમિયાન સમગ્ર જિલ્લામાં કુલ ૯ વીજ પોલ ધરાસાઈ થઈ ગયા હતા, જે પૈકી બે વીજપોલ રાત્રી દરમિયાન ઊભા કરાવી દેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના ૭ વીજકોલમાં સમારકામ માટેની કાર્યવાહી ચાલી રહી છે. ગઈકાલે રાત્રે પડેલા વરસાદ બાદ વિજ તંત્રને રૂપિયા ૧૨ લાખનું નુકસાન થયું છે

### એર ઈન્ડિયાના વિમાનના એન્જિન વિશે મોટો ખુલાસો

## ૧૨ વર્ષ જૂના આ પ્લેનના જમણી સાઈડના એન્જિનનું હાલમાં જ સમારકામ થયું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં ૧૨ જૂને ભીષણ અકસ્માતનો ભોગ બનેલા એર ઈન્ડિયાના વિમાન અંગે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. લગભગ ૧૨ વર્ષ જૂના આ પ્લેનના જમણી સાઈડના એન્જિનનું હાલમાં જ સમારકામ થયું હતું અને તેને ત્રણ મહિના પહેલા માર્ચ ૨૦૨૫માં બદલવામાં આવ્યું હતું. અમદાવાદથી લંડન માટે ઉડેલું આ વિમાન ગણતરીની પળોમાં દુર્ઘટનાગ્રસ્ત થયું અને આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું જેણે વિમાનમાં સવાર ૨૪૨માંથી ૨૪૧ લોકો સહિત ૨૭૦થી વધુ લોકોના ભોગ લીધા. મીડિયા રિપોર્ટમાં સૂત્રને ટાંકીને જણાવ્યું છે કે એર ઈન્ડિયાના આ વિમાનની જૂન ૨૦૨૩માં ડિટેલ મેન્ટેનન્સ તપાસ કરાઈ હતી ને આ વર્ષે ડિસેમ્બરમાં તેની તપાસનો આગામી રાઉન્ડ નિર્ધારિત કરાયો હતો. એપ્રિલમાં એર ઈન્ડિયાએ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમ લાઈનર માટે વીમા કવરને ૭૫૦ કરોડ રૂપિયાથી વધીને ૮૫૦ કરોડ રૂપિયા કરી દીધુ હતું. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ઉડાણ ભર્યાના ગણતરીની મિનિટો બાદ વિમાન સંખ્યા છૈં ૧૭૧ મેઘાણીનગરમાં એક મેડિકલ કોલેજના બિલ્ડિંગ સાથે અથડાયું જેમાં ૨૪૧ મુસાફરો અને ક્રુ સભ્યો સહિત ૨૭૦ લોકોના મોત થયા. આ અકસ્મતમાં ભારતીય મૂળના એક બ્રિટિશ નાગરિકનો આબાદ બચાવ થયો.

### નીચાણવાળા વિસ્તારના ૭થી ૮ ગામોને એલર્ટ કરાયા

# સુરેન્દ્રનગરનો જીવાદોરી સમાન ધોળીધજા ડેમ ભારે ઓવરફ્લો થયો

## સુરેન્દ્રનગર શહેરનો ધોળીધજા ડેમ ઓવરફ્લો થતા તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા હતા

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૮ ।



સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકા સહિત ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને પગલે સુરેન્દ્રનર શહેરનો ધોળીધજા ડેમ ઓવરફલો થતા તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા હતા અને નદીના પટમાં અવર-જવર ન કરવા પણ તાકીદ કરવામાં આવી હતી.હવામાન વિભાની આગાહીને પગલે સુરેન્દ્રનગર જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી રહી છે ત્યારે વઢવાણ તાલુકા તેમજ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે સુરેન્દ્રનગર શહેરી વિસ્તાર સહિત આસ પાસના ગામોને પાણી પુરૂ પાડતો સૌરાષ્ટ્રનું પાણીયારુ તરીકે ઓળખાતો ધોળીધજા ડેમ ઓવરફલો થયો હતો અને ૦.૦૫ ફુટના લેવલથી ઓવરફલો થતાં તંત્ર સાબદુ બન્યું હતું. જ્યારે ધોળીધજા ડેમ ઓવરફલો થતાં ડેમના નીચાણવાળા વિસ્તારોમાં આવતા ભડીયાદ, જોરાવરનગર, ખમીસણા, નાના કેરાળા, રતનપર, સાંકળી, વઢવાણ, સુરેન્દ્રનગર, શિયાણી, નટવરગઢ, દોલતપર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં આવતા ગામોના લોકોને નદીના પટમાં અવર-જવર ન કરવા અને સાવચેત રહેવા તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી હતી. જ્યારે ચોમાસાની સીઝનમાં વરસાદથી સૌપ્રથમ વખત ધોળીધજા ડેમ ઓવરફલો થતાં લોકો ડેમનો નજારો જોવા ઉમટી પડયા હતા. ઉલ્લેખનીય છે કે સોમવારે સાંજથી મંગળવાર સવાર ૬ વાગ્યા સુધીમાં વઢવાણમાં ૪૨ મીમી અને મંગળવારે સવારના ૬-૦૦ વાગ્યાથી બપોરના ૪-૦૦ સુધીમાં વઢવાણમાં ૫૭ મીમી વરસાદ ખાબક્યો હતો.

### યુવકે ભાગી જઈ ફરિયાદ નોંધાવી

# કરમસદના યુવકને સોનાના રૂપિયા ૯૩ લાખના પાર્સલ બાબતે ગોંધી રાખી માર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

આણંદ તાલુકાના કરમસદ ગામે રહેતા એક યુવકને અમેરિકા ખાતે હવાલાનું સોનાનું પાર્સલ ઉપાડવાની બાબતે નામજોગ ૧૩ શખ્સો તેમજ બીજા ૧૦ શખ્સોએ ભેગા મળી અપરણ કરી યુવકને બે અલગ અલગ ફાર્મ હાઉસ ઉપર ગોંધી રાખી માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપ્યાની ફરિયાદ પેટલાદ રૂરલ પોલીસ મથકમાં નોંધાઈ છે. જે બાબતે આણંદ એલસીબીએ આગળની તપાસ હાથ ધરી છે. દોઢેક વર્ષ પહેલાં પણ આ જ પ્રકારના હવાલા કૌભાંડ અંગે ફરિયાદ નોંધાઈ હતી.પ્રાપ્ત વિગતો મુજબ આણંદ તાલુકાના કરમસદ-જોળ રોડ ઉપર આવેલા ખોડીયાર મંદિર પાસે ૨૭ વર્ષીય મિહિર રામજીભાઈ રબારી પોતાના પિતા રામજીભાઈ ભીખાભાઈ રબારી, નાનાભાઈ સહિતના પરિવાર સાથે રહે છે અને પશુપાલન કરી જીવન ગુજરાન ચલાવે છે. મિહિર રબારી ને પેટલાદ તાલુકાના આશી ગામે રહેતા નિર્મલ કનભાઈ રબારી અને જયેશ મફતભાઈ રબારીએ નીલ પટેલ પાસેથી અમેરીકા ખાતેથી પાર્સલ ઉપાડી લઈને તેના પેટે કમીશન આપવાની લાલચ આપી હતી. જેથી જયેશના કહ્યા પ્રમાણે પોતાના આશી ગામના પરંતુ હાલમાં ન્યૂજર્સી અમેરિકા ખાતે રહેતા અક્ષય પટેલને મોકલવા તેના મારફતે પાર્સલ ઉપાડ્યું હતું. ત્યારબાદ અક્ષય પટેલે પોતાનો ફોન સ્વીચ ઓફ કરી દેતાં સોનાના પાર્સલના રૂ ૯૩ લાખ અટવાઈ પડ્યા હતા.આ રૂ.૯૩ લાખની રકમ બળજબરીપૂર્વક કઢાવવા માટે નીલ પટેલ (મુળ રહે. બાયડ. હાલ રહે. વિદ્યાનગર) નિર્મલ કનુભાઈ રબારી, જયેશભાઈ મફતભાઈ રબારી, વિશાલ ભરવાડ (કરમસદ), સુરેશ ભરવાડ (વિદ્યાનગર), ભરત ભરવાડ, દેવાંગ ભરવાડ (બંને રહે.હાડગુડ), ભગીરથ ભરવાડ (રહે.બોરીયાવી), પ્રવીણ ભરવાડ (રહે.આણંદ), દિનેશ ભરવાડ, પ્રકાશ ભરવાડ (રહે વડોદરા) તેમજ અન્ય ૧૦ જેટલા શખ્સો સાથે ભેગા મળીને મિહિર રબારીનું અપહરણ કર્યુ હતું અને અપહરણ કર્યા બાદ મિહિરને નિર્મલ રબારીના આશી ગામે આવેલા ફાર્મ હાઉસ ખાતે લઈ ગયા હતા.

## અત્યાર સુધી ૧૯૦ DNA મેચ થયા, ૧૫૯ મૃતદેહ સોંપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં પ્લેન ક્રેશની ગોઝારી દુર્ઘટના બની તેને આજે છ દિવસ પસાર થઈ ગયા છે. ૧૨ જૂનની બપોર અમદાવાદ માટે ક્યારેય ભૂલી શકાશે નહીં. આ દિવસે બપોરે એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું, જેમાં ૨૭૦ લોકોના મોત થયા હતા. મૃતકોની ઓળખ માટે ડીએનએ પ્રક્રિયા ચાલી રહી છે. ૧૮ જૂને સવારે ૧૦.૪૫ કલાકના અપડેટ પ્રમાણે કુલ ૧૯૦ મૃતકોના ઙ્ગદ્ગછ સેમ્પલ મેચ થઈ ગયા છે. જેમાં ૧૫૯ મૃતદેહ પરિવારને સોંપી દેવામાં આવ્યા છે અને ૩૩ મૃતદેહ સોંપવાના બાકી છે.

સિવિલ હોસ્પિટલના વડા ડો. રાકેશ જોષીએ જણાવ્યુ કે ૧૯૦ ડીએનએ મેચ થયા છે, જેમાં ૧૫૯ મૃતદેહ પરિવારને સોંપી દેવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે ૧૦ મૃતદેહ એવા છે જેના સગાની કોઈ માહિતી નથી. અત્યાર સુધી ૧૨૫ ભારતીય, ૪ પોર્ટુગીઝ, ૩૮ બ્રિટિશ અને ૧ કેનેડાની નાગરિકતા ધરાવતા મુસાફરોના મૃતદેહ સોંપી દેવામાં આવ્યા છે. અત્યાર સુધી ૧૩૯ લોકોના ડેથ સર્ટિફિકેટ ઈશ્યુ કરી દેવામાં આવ્યા છે.

અમદાવાદમાં બનેલી વિમાન દુર્ઘટનામાં સવાર ૨૪૨ લોકોમાં માત્ર વિશ્વાસ કુમાર રમેશનો જીવ બચી ગયો હતો. ત્યારબાદ તેની સારવાર સિવિલ હોસ્પિટલમાં ચાલતી હતી. હવે વિશ્વાસ કુમારને રજા આપી દેવામાં આવી છે. આ સાથે દુર્ઘટનામાં મૃત્યુ પામનાર વિશ્વાસ કુમારના ભાઈનો મૃતદેહ પરિવારજનોને સોંપી દેવામાં આવ્યો છે. દીવમાં તેની અંતિમ વિધિ કરવામાં આવશે.

પ્લેન દુર્ઘટનામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવ દર્દીઓ સારવારમાં હતા, જેમાં ગત સાંજે એક દર્દીનું મોત થયું છે. આ સિવાય વિશ્વાસને રજા અપાયા બાદ સાત દર્દીઓ સિવિલમાં સારવાર લઈ રહ્યાં છે. સિવિલમાં અત્યાર સુધી કુલ દાખલ કરવામાં આવેલા ૭૧ દર્દીમાં ત્રણના મોત થયા છે.

### પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી

# તારાપુરના મોરજ ગામે ગેસ પ્લાન્ટમાંથી રૂ.૯૫ હજારની કિંમતના વાલ્વની ચોરી

। (એજન્સી) આણંદ, તા.૧૮ ।

આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના મોરજ ગામે આવેલી એક પેટ્રોલીયમ કંપનીના ગેસ પ્લાન્ટના સ્ટોરરૂમની ખુલ્લી જગ્યામાંથી કોઈ ચોર શખ્સો રૂ. ૯૫ હજારની કિંમતના પિત્તળના ૧ હજાર નંગ વાલ્વ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ તારાપુર પોલીસમથકમાં નોંધાઈ છે.આણંદ જિલ્લાના તાલુકા મથક તારાપુર ખાતે શિવશક્તિ સોસાયટીમાં મુળ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના સીતાઉકાપુરાના વતની મનીષકુમાર શિવાજી રામચરણ શાહું છેલ્લા છ માસથી પોતાના પરિવાર સાથે રહે છે. અને તારાપુર તાલુકાના મોરજ રોડ ઉપર આવેલી કોન્ફીડન્સ પેટ્રોલીયમ ઈન્ડીયા લીમીટેડ કંપની (ગો ગેસ) કંપનીમાં પ્લાન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. તેઓની સાથે કંપનીમાં અન્ય ૨૦ માણસો ઉપરાંત બે શીફટમાં ૨૪ કલાક સિક્યુરિટી કંપનીના બે-બે માણસો નોકરી પર હાજર રહે છે. કંપનીમાં એલપીજી ગેસ કોમર્શિયલ અને ડોમેસ્ટિક વપરાશ માટે બોટલીંગથી ગેસ ભરવામાં આવે છે. જેમાં પિત્તળનો વાલ્વ લોખંડની બોટલ સાથે ફીટ કરીને ગેસ ભરવામાં આવે છે. જે વાલ્વ પિત્તળ અને ધાતુના હોય અને બોટલીંગમાં વપરાતા હોવાથી તેનો સ્ટોક કંપનીમાં સ્ટોરરૂમ તેમજ તેની આજુબાજુમાં મુકી રાખવામાં આવે છે.ગત તારીખ ૩-૧૦-૨૪ના રોજ પીત્તળના ૧૫૦૦ નંગ વાલ્વ ખરીદીને મોરજ ખાતેના પ્લાન્ટના સ્ટોરરૂમ અને આજુબાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં મૂક્યા હતા. ગત તારીખ ૧ જૂનના રોજ મનીષકુમાર શાહું પ્લાન્ટમાં પોતાની નોકરી પર હાજર હતા અને વિઝીટ કરતા સમયે સ્ટોરરૂમ તેમજ બાજુમાં પડેલ વાલ્વ જોવા મળ્યા ન હતા અને વાલ્વની ગણતરી કરાવતા રૂ.૯૫ હજારની કિંમતના ૧ હજાર નંગ પિત્તળના વાલ્વ ઓછા હોવાનું અને કોઈ ચોર શખ્સ ચોરી કરી લઈ ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી મનીષકુમાર શિવાજી રામચરણ શાહુંએ પોતાના ઉપરી અધિકારીને જાણ કર્યા બાદ તારાપુર પોલીસમથકમાં જાણ કરતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

